# પ્રકરણ 2 રાજ્યની નાણાકીય પરિસ્થિતિ

આ પ્રકરણ વ્યાપક પરિપ્રેક્ષ્યમાં રાજ્યની નાણાકીય પરિસ્થિતિ રજૂ કરે છે. અગાઉના વર્ષના સંબંધમાં મુખ્ય રાજકોષીય પરિબળોમાં અતિ મહત્વના ફેરફારો, 2016-17થી 2020-21ના પાંચ વર્ષના સમયગાળા દરમિયાન એકંદર વલણો, રાજ્યના ઋણનું ટકાઉપણું અને મુખ્ય જાહેર હિસાબના વ્યવહારોનું રાજ્યના નાણાકીય હિસાબોના આધારે વિશ્લેષણ કરે છે.

## 2.1 2019-20ની સરખામણીએ 2020-21 દરમિયાન મુખ્ય રાજકોષીય પરિબળોમાં મોટા ફેરફારો

**કોઠો 2.1** પાછલા વર્ષની સરખામણીએ 2020-21 દરમિયાન રાજ્યના મુખ્ય રાજકોષીય પરિબળોમાં થયેલા મોટા ફેરફારોનું વિહંગાવલોકન પૂરૂં પાડે છે.

**કોઠો 2.1: 2019-20ની સરખામણીએ 2020-21માં મુખ્ય રાજકોષીય પરિબળોમાં થયેલા ફેરફારો**

| | |
|---|---|
| **મહેસૂલી આવક** | ➢ રાજ્યની મહેસૂલી આવક 10.28 ટકા જેટલી ઘટી હતી<br>➢ રાજ્યની પોતાની કર આવક 11.06 ટકા જેટલી ઘટી હતી.<br>➢ પોતાની બિન-કર આવક 42.04 ટકા જેટલી ઘટી હતી.<br>➢ કેન્દ્રીય કર અને જકાતમાં રાજયના હિસ્સામાં 0.06 ટકા જેટલો ઘટાડો થયો હતો.<br>➢ ભારત સરકાર તરફથી સહાયક અનુદાનમાં 6.58 ટકા જેટલો વધારો થયો હતો. |
| **મહેસૂલી ખર્ચ** | ➢ મહેસૂલી ખર્ચમાં 6.96 ટકા જેટલો વધારો થયો હતો.<br>➢ સામાન્ય સેવાઓ પરના મહેસૂલી ખર્ચમાં 5.90 ટકા જેટલો વધારો થયો હતો.<br>➢ સામાજીક સેવાઓ પરના મહેસૂલી ખર્ચમાં 2.73 ટકા જેટલો વધારો થયો હતો.<br>➢ આર્થિક સેવાઓ પરના મહેસૂલી ખર્ચમાં 16.53 ટકા જેટલો વધારો થયો હતો.<br>➢ સહાયક અનુદાન પરનો ખર્ચ 6.02 ટકા જેટલો ઘટ્યો હતો. |
| **મૂડી ખર્ચ** | ➢ મૂડી ખર્ચમાં 4.41 ટકા જેટલો વધારો થયો હતો.<br>➢ સામાન્ય સેવાઓ પરનો મૂડી ખર્ચ 29.81 ટકા જેટલો ઘટ્યો હતો.<br>➢ સામાજીક સેવાઓ પરના મૂડી ખર્ચમાં 14.01 ટકા જેટલો વધારો થયો હતો.<br>➢ આર્થિક સેવાઓ પરના મૂડી ખર્ચમાં 2.51 ટકા જેટલો વધારો થયો હતો. |
| **લોન અને પેશગીઓ** | ➢ લોન અને પેશગીઓના વિતરણમાં 6.02 ટકા જેટલો ઘટાડો થયો હતો.<br>➢ લોન અને પેશગીઓની વસૂલાત 52.73 ટકા જેટલી ઘટી હતી. |
| **જાહેર ઋણ** | ➢ જાહેર ઋણની આવકમાં 35.33 ટકા જેટલો વધારો થયો હતો.<br>➢ જાહેર ઋણની પરત ચૂકવણીઓમાં 7.30 ટકા જેટલો વધારો થયો હતો. |
| **જાહેર હિસાબ** | ➢ જાહેર હિસાબની આવક 4.43 ટકા જેટલી ઘટી હતી.<br>➢ જાહેર હિસાબની ચૂકવણીઓમાં 5.12 ટકા જેટલો વધારો થયો હતો. |

ઉપરના પરિબળોમાંથી પ્રત્યેકનું વિશ્લેષણ હવે પછીના ફકરાઓમાં કરવામાં આવ્યું છે.

## 2.2 સ્રોતો અને ભંડોળોનો ઉપયોગ

**કોઠો 2.2** 2020-21 દરમિયાન રાજ્યના ભંડોળોના સ્રોતો અને ઉપયોગની 2019-20 સાથે સરખામણી રજૂ કરે છે. જ્યારે **આલેખ 2.1** અને **2.2**, 2020-21 દરમિયાન સંચિત નિધિમાં થયેલી આવક અને તેમાંથી થયેલા ખર્ચની ટકાવારી મુજબ વિગતો પૂરી પાડે છે.

**કોઠો 2.2: 2019-20 અને 2020-21 દરમિયાન ભંડોળોના સ્રોત અને ઉપયોગની વિગતો**


(₹ કરોડમાં)

| | વિગતો | 2019-20 | 2020-21 | વધારો/ ઘટાડો |
|---|---|---|---|---|
| **સ્રોતો** | ભારતીય રિઝર્વ બેંકમાં ખુલતી રોકડ સિલક | 19,601 | 24,036 | 4,435 |
| | મહેસૂલી આવક | 1,42,844 | 1,28,156 | (-)14,688 |
| | લોન અને પેશગીઓની વસૂલાત | 330 | 155 | (-)174 |
| | જાહેર ઋણની આવક (ચોખ્ખી) | 26,789 | 40,935 | 14,145 |
| | જાહેર હિસાબની આવક (ચોખ્ખી) | 2,227 | (-)7,679 | (-)9,906 |
| | મૂડી આવકો | 106 | 9,968 | 9,862 |
| | **કુલ** | **1,91,897** | **1,95,571** | **3,674** |
| **ઉપયોગ** | મહેસૂલી ખર્ચ | 1,40,899 | 1,50,704 | 9,805 |
| | મૂડી ખર્ચ | 25,650 | 26,781 | 1,131 |
| | લોન અને પેશગીઓનું વિતરણ | 1,312 | 1,233 | (-)79 |
| | ભારતીય રિઝર્વ બેંકમાં બંધ રોકડ સિલક | 24,036 | 16,853 | (-)7,183 |
| | **કુલ** | **1,91,897** | **1,95,571** | **3,674** |

સ્રોત: રાજ્ય સરકારના સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.


**આલેખ 2.1: સંસાધનોના ઘટકો**

**(₹ કરોડમાં)**




**આલેખ 2.2: સંસાધનોનો ઉપયોગ**

**(₹ કરોડમાં)**




પાંચ વર્ષના સમયગાળા (2016-21) માટે રાજ્ય સરકારની નાણાકીય પરિસ્થિતિ પરની સમય શ્રેણી-વાર માહિતી **પરિશિષ્ટ 2.1**માં આપી છે.

## 2.3 રાજ્યના સંસાધનો

રાજ્યના સંસાધનોની વિગતો નીચે વર્ણવવામાં આવી છે:

1. **મહેસૂલી આવક**માં કર આવક, બિન-કર આવક, કેન્દ્રીય કર અને જકાતમાં રાજ્યનો હિસ્સો અને ભારત સરકાર તરફથી સહાયક અનુદાનનો સમાવેશથાય છે.

2. **મૂડી આવક**માં પરચુરણ મૂડી આવક જેવી કે, વિનિવેશમાંથી ઉપજેલી રકમ, લોન અને પેશગીઓની વસૂલાત, આંતરિક સ્રોતોમાંથી ઋણ (બજાર લોન, નાણાકીય સંસ્થાઓ/વાણિજ્યિક બેંકો પાસેથી ઋણ) અને ભારત સરકાર તરફથી લોન અને પેશગીઓનો સમાવેશ થાય છે,

   મહેસૂલી અને મૂડી આવક એ બન્ને રાજ્યના સંચિત નિધિનો ભાગ હોય છે.


3. **ચોખ્ખી જાહેર હિસાબની આવક**: કેટલાક વ્યવહારોની બાબતમાં આવક અને ચૂકવણીઓ થતી હોય છે જેવી કે નાની બચત, ભવિષ્ય નિધિ, અનામત ભંડોળ, થાપણો, ઉચ્ચક, ભરણા વગેરે, જે સંચિત નિધિનો ભાગ બનતા નથી.

આ બધાને બંધારણની કલમ 266 (2) હેઠળ સ્થપાયેલ જાહેર હિસાબમાં રાખવામાં આવે છે અને આ રાજ્યની વિધાનસભા દ્વારા મતપાત્ર હોતા નથી. અહીં, સરકાર બેંકર તરીકેની ભૂમિકા ભજવે છે. ચૂકવણીઓ બાદની સિલક એ સરકાર પાસે ઉપયોગ માટે ઉપલબ્ધ ભંડોળ હોય છે.

### 2.3.1 રાજ્યની આવક

2020-21 દરમિયાન રાજ્યની આવકના ઘટકો **આલેખ 2.3**માં આપવામાં આવેલ છે.

**આલેખ 2.3: 2020-21 દરમિયાન રાજ્યની આવકના ઘટકો**




### 2.3.2 રાજ્યની મહેસૂલી આવક

આ ફકરો કુલ મહેસૂલી આવક અને તેના ઘટકોના વલણોની વિગતો દર્શાવે છે. તે ઉપરાંત રાજ્યની પોતાની આવક અને કેન્દ્ર સરકાર તરફથી આવકમાં વિભાજીત આવકના વલણો દર્શાવે છે.

#### 2.3.2.1 મહેસૂલી આવકના વલણો અને વૃદ્ધિ

પાંચ વર્ષના સમયગાળા દરમિયાન (2016-21) રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની બાબતમાં મહેસૂલી આવકના વલણો અને વૃદ્ધિ અને મહેસૂલની તરલતા **કોઠા 2.3માં** દર્શાવવામાં આવ્યા છે. ઉપરાંત, રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનના સંબંધમાં મહેસૂલી આવકના વલણો, મહેસૂલી આવકના ઘટકો અને મહેસૂલી આવકના ઘટકોના માસ-વાર વલણ અનુક્રમે **આલેખ 2.4, 2.5** અને **2.6**માં આપ્યા છે.

**કોઠો 2.3: મહેસૂલી આવકના વલણો**

| પરિમાણો | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 |
|---|---|---|---|---|---|
| મહેસૂલી આવક (₹ કરોડમાં) | 1,09,842 | 1,23,291 | 1,36,002 | 1,42,844 | 1,28,156 |
| મહેસૂલી આવકનો વૃધ્ધિ દર (ટકા) | 12.68 | 12.24 | 10.31 | 5.03 | (-)10.28 |
| કર આવક (₹ કરોડમાં) | 64,443 | 71,549 | 80,103 | 79,008 | 70,266 |
| બિન-કર આવક (₹ કરોડમાં) | 13,346 | 15,074 | 13,417 | 18,104 | 10,493 |
| પોતાની આવક (કર અને બિન-કર આવક) (₹ કરોડમાં) | 77,789 | 86,623 | 93,520 | 97,112 | 80,759 |
| પોતાની આવકનો વૃધ્ધિ દર (કર અને બિન-કર આવક) (ટકા) | 6.79 | 11.36 | 7.96 | 3.84 | (-)16.84 |
| રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન (₹ કરોડમાં) (2011-12 શ્રેણી) | 11,67,156 | 13,29,095 | 15,02,899 (P) | 16,49,505 (Q) | 16,58,865 (A) |
| રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનનો વૃધ્ધિ દર (ટકા) | 13.43 | 13.87 | 13.08 | 9.75 | 0.57 |
| મહેસૂલી આવક/રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન (ટકા) | 9.41 | 9.28 | 9.05 | 8.66 | 7.73 |
| **તરલતાના દર્શકો**[1] | | | | | |
| રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનના સંદર્ભમાં આવકની તરલતા | 0.94 | 0.88 | 0.79 | 0.52 | * |
| રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનના સંદર્ભમાં રાજ્યની પોતાની આવકની તરલતા | 0.51 | 0.82 | 0.61 | 0.39 | * |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.


સ્રોત (રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનના આંકડા): ગુજરાત નાણાકીય જવાબદારી અધિનિયમ, 2005 (2021-22નું અંદાજપત્રીય પ્રકાશન ન. 30)

(P): કામચલાઉ અંદાજો; (Q): ત્વરિત અંદાજો, (A): અગ્રિમ અંદાજો

*2020-21 દરમિયાન મહેસૂલી આવક અને રાજ્યની પોતાની મહેસૂલી આવકનો વૃદ્ધિ દર નકારાત્મક હોઈ તરલતા ગણી શકાતી નથી.


[1] તરલતાનો ગુણોત્તર મૂળ રાજકોષીય ચલાંકોમાં કરવામાં આવેલા ફેરફારના સંદર્ભમાં બીજાની સ્થિતિસ્થાપકતા અથવા પ્રતિભાવનુ પ્રમાણ દર્શાવે છે. દાખલા તરીકે, રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનના સંદર્ભમાં 18.12ની મહેસૂલી તરલતા સૂચવે છે કે જો રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન એક ટકા વધે તો મહેસૂલી આવક 18.12 ટકાવારી જેટલી વધવાનું વલણ ધરાવે છે.

### આલેખ 2.4: મહેસૂલી આવકનું વલણ





| | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 |
|---|---|---|---|---|---|
| મહેસૂલી આવક | 109,842 | 123,291 | 136,002 | 142,844 | 128,156 |
| રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનના ટકાની રીતે | 9.41 | 9.28 | 9.05 | 8.66 | 7.73 |

### આલેખ 2.5: મહેસૂલી આવકોના ઘટકોનું વલણ




### આલેખ 2.6: 2020-21 દરમિયાન આવકનો માસિક પ્રવાહ



2016-21 દરમિયાનના મહેસૂલી આવકના વલણોમાં નીચે મુજબ ધ્યાન પર આવ્યું હતું:

- મહેસૂલી આવક 2016-17માં ₹ 1,09,842 કરોડ હતી તે 3.93 ટકાના ચક્રવૃદ્ધિ વાર્ષિક વિકાસ દરે 16.67 ટકા જેટલી વધીને 2020-21માં ₹ 1,28,156 કરોડ થઇ હતી. 2020-21 દરમિયાન, મહેસૂલી આવકમાં પાછલા વર્ષની સરખામણીએ ₹ 14,688 કરોડ (10.28 ટકા) જેટલો ઘટાડો થયો હતો.
- 2020-21 દરમિયાન મહેસૂલી આવકનો નોંધપાત્ર હિસ્સો (63.02 ટકા) રાજ્યના પોતાના સંસાધનોમાંથી આવ્યો હતો, જ્યારે કેન્દ્રીય કર તબદીલી અને સહાયક અનુદાને સંયુક્ત રીતે 36.98 ટકા ફાળો આપ્યો હતો.
- **કોઠો 2.3** દર્શાવે છે કે રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની સામે મહેસૂલી આવકની ટકાવારી 2016-17માં 9.41 ટકા હતી તે ઘટીને 2020-21માં 7.73 ટકા થઇ હતી. જે બતાવે છે કે 2016-21 દરમિયાન જે દરે રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની વૃધ્ધિ થઇ હતી તેની સાથે મહેસૂલી આવકે ગતિ જાળવી ન હતી.

### 2.3.2.2 રાજ્યના પોતાના સંસાધનો

કેન્દ્રીય કરવેરામાં રાજ્યના હિસ્સાનું નિર્ધારણ નાણા પંચની ભલામણોના આધારે કરવામાં આવે છે. કેન્દ્ર સરકાર તરફથી સહાયક અનુદાનનું નિર્ધારણ કેન્દ્રીય કર આવકની વસૂલાતનું પ્રમાણ અને યોજનાઓ માટે અપેક્ષિત કેન્દ્રીય સહાય, વગેરે દ્વારા કરવામાં આવે છે.


વધારાના સંસાધનોને ગતિશીલ કરવામાં રાજ્યની કામગીરીની આકારણી તેના પોતાના કર અને બિન-કર સ્રોતો સામેલ હોય એવા પોતાના સંસાધનોના રૂપમાં કરવાની હોય છે.

#### *રાજ્યની પોતાની કર આવક*

રાજ્યની પોતાની કર આવકમાં રાજ્ય માલ અને સેવા વેરો, વેચાણ વેરો/મૂલ્યવર્ધિત વેરો, વીજળી પરના વેરા અને જકાત, સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી, વાહનો પર કર અને માલસામાન અને યાત્રીઓ પરનો કર, જમીન મહેસૂલ, વગેરેનો સમાવેશ થાય છે.

છેલ્લા પાંચ વર્ષો (2016-21) દરમિયાન રાજ્યની પોતાની કર આવકની વૃધ્ધિ **આલેખ 2.7**માં દર્શાવી છે.

**આલેખ 2.7: 2016-21 દરમિયાન પોતાની કર આવકમાં વૃધ્ધિ**



2016-21 દરમિયાન રાજ્યની પોતાની આવકના ઘટકો **કોઠા 2.4**માં દર્શાવ્યા છે.

**કોઠો 2.4: 2016-21 દરમિયાન રાજ્યની પોતાની આવકના ઘટકો**

(₹ કરોડમાં)

| મહેસૂલી સદર | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | |
|---|---|---|---|---|---|---|
| | | | | | અંદાજપત્રીય અંદાજો | ખરેખર મૂલ્યો |
| રાજ્ય માલ અને સેવા કર (SGST) | શૂન્ય | 21,250.85 | 34,888.71 | 34,106.67 | 55,560.00 | 29,458.54 |
| વેચાણ વેરો/ મૂલ્યવર્ધિત વેરો | 46,313.78 | 29,638.88 | 22,414.25 | 21,071.72 | 23,230.00 | 18,800.34 |
| વીજળી પરના વેરા અને જકાત | 5,833.10 | 6,484.29 | 7,347.79 | 8,774.35 | 8,700.00 | 8,318.87 |
| સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી | 5,782.93 | 7,254.75 | 7,780.77 | 7,701.17 | 8,700.00 | 7,390.18 |
| વાહનો પરના વેરા અને માલસામાન અને યાત્રિઓ પરના વેરા | 3,279.35 | 4,016.72 | 4,235.33 | 3,895.29 | 4,683.00 | 3,085.35 |
| જમીન મહેસૂલ | 1,998.52 | 1,859.04 | 2,407.51 | 2,358.74 | 3,000.00 | 2,133.55 |
| રાજ્ય આબકારી | 151.53 | 84.75 | 130.59 | 138.26 | 144.00 | 133.65 |
| મનોરંજન કર અને સુખસુવિધા કર | 223.57 | 85.41 | 3.32 | 3.69 | 4.03 | 4.47 |
| અન્ય વેરા | 859.93 | 874.72 | 894.47 | 957.61 | 1,072.37 | 941.23 |
| **પોતાની કર આવક** | **64442.71** | **71,549.41** | **80,102.74** | **79,007.50** | **1,05,093.40** | **70,266.18** |
| રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની ટકાવારી રૂપે કર આવક | 5.52 | 5.38 | 5.33 | 4.79 | 5.58 | 4.24 |
| મહેસૂલી આવકની ટકાવારી રૂપે કર આવક | 58.67 | 58.03 | 58.90 | 55.31 | 64.69 | 54.83 |

સ્રોત: રાજ્ય સરકારના સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો અને ગુજરાત સરકારનું 2020-21 અંદાજપત્રીય પ્રકાશન નં.1

રાજ્યની પોતાની કર આવક 2016-17માં ₹ 64,442.71 કરોડ હતી તે 2.19 ટકાના ચક્રવૃદ્ધિ વાર્ષિક વિકાસ દરે ₹ 5,823.47 કરોડ જેટલી વધીને 2020-21માં ₹ 70,266.18 કરોડ થઇ હતી. 2020-21 દરમિયાન, રાજ્યની પોતાની કર આવક પાછલા વર્ષ કરતાં ₹ 8,741.32 કરોડ (11.06 ટકા) જેટલી ઘટી હતી. ચાલુ વર્ષ દરમિયાન, કર આવકમાં મુખ્ય ફાળો આપનાર હતાં, માલ અને સેવા

કર (41.92 ટકા), વેચાણ વેરો/મૂલ્યવર્ધિત વેરો (26.76 ટકા), વીજળી પર કરવેરા અને જકાત (11.84 ટકા) અને સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી (10.52 ટકા).

***રાજ્ય માલ અને સેવા કર (SGST)***

ગુજરાત માલ અને સેવા કર અધિનિયમ, 2017 રાજ્ય વિધાનસભા દ્વારા મે 2017માં પસાર કરવામાં આવ્યો હતો અને 01 જુલાઇ 2017થી અમલમાં આવ્યો હતો.

માલ અને સેવા કર માલ અથવા સેવાના (માનવ ઉપભોગ માટેનો આલ્કોહોલ અને પાંચ નિર્દિષ્ટ પેટ્રોલિયમ પેદાશો[2] સિવાય) રાજ્યની અંદર પુરવઠા પર વસૂલ કરવામાં આવે છે અને તેના ઘટકો કેન્દ્ર (CGST) અને રાજ્ય (SGST) દ્વારા વહેંચવામાં આવે છે. વધુમાં, કેન્દ્ર સરકાર માલ અને સેવાના આંતર-રાજ્ય પુરવઠા પર સંકલિત માલ અને સેવા કર (IGST) વસૂલ કરે છે અને જે રાજ્યમાં માલ અથવા સેવાનો ઉપભોગ થયો હોય તે રાજ્યના ભાગે પડતો વહેંચવામાં આવે છે.

માલ અને સેવા કરના અમલીકરણના હિસાબે મહેસૂલમાં ઊભી થતી ઘટ માટે વળતર આપવા માટે, પાયાના વર્ષથી (2015-16) પાંચ વર્ષના સમયગાળા માટે, 14 ટકાનો વાર્ષિક વૃધ્ધિ દર વિચારણામાં લઇને ભારત સરકારે માલ અને સેવા કર (રાજ્યોને વળતર) અધિનિયમ, 2017 ઘડ્યો હતો.

ગુજરાત રાજ્ય માટે ઑડિટ થયેલ પાયાના વર્ષ (2015-16)ની માલ અને સેવા કરમાં વિલીન[3] થનાર આવક ₹ 28,856.39 કરોડ જેટલી ભારત સરકાર દ્વારા નક્કી કરવામાં આવી હતી. આમ, વર્ષ 2020-21 માટે ગુજરાતની રક્ષિત આવક[4] ₹ 55,560.51 કરોડ જેટલી થાય છે.

2017-21ના ચાર વર્ષના સમયગાળા દરમિયાન રાજ્ય માલ અને સેવા કરની આવકના વલણો **કોઠા 2.5**માં આપ્યા છે.

---

2 ક્રુડ, હાઇ-સ્પીડ ડિઝલ, પેટ્રોલ, એવીએશન ટર્બાઇન ફ્યુઅલ અને કુદરતી ગેસ.

3 માલ અને સેવા કરમાં વિલીન થઇ ગયા છે તે વેરા છે; મૂલ્યવર્ધિત વેરો, કેન્દ્રીય વેચાણ વેરો, મનોરંજન કર, સુખસુવિધા કર, પ્રવેશ કર, સેસ અને સરચાર્જ, માનવ ઉપભોગ માટે આલ્કોહોલ પર મૂલ્યવર્ધિત વેરો અને કેન્દ્રીય વેચાણ વેરા સિવાય ઔષધીય અને પ્રસાધન બનાવટો પર આબકારી અને પાંચ નિર્દિષ્ટ પેટ્રોલિયમ પેદાશો.

4 પાયાના વર્ષની ₹ 28,856.39 કરોડની આવક પાંચ વર્ષ (2016-17, 2017-18, 2018-19, 2019-20 અને 2020-21) માટે 14 ટકાના વાર્ષિક ચક્રવૃધ્ધિ દરે વધીને 2020-21 માટે ₹ 55,560.51 કરોડ જેટલી થાય.

## કોઠો 2.5: ગુજરાત સરકારની SGSTની આવક

(₹ કરોડમાં)

| રાજ્ય માલ અને સેવા કર (SGST) | 2017-18[5] | 2018-19 | 2019-20 | 2020-21 | 2019-20 કરતાં 2020-21માં વધારો/ઘટાડો (ટકામાં) |
|---|---|---|---|---|---|
| કર | 14,882.77 | 23,160.01 | 25,169.82 | 24,403.73 | (-)3.04 |
| IGST માંથી કરવેરાની વહેંચણી | 615.60 | 806.74 | 962.08 | 1,391.97 | 44.68 |
| અન્ય | 5,752.48 | 10,921.96 | 7,974.77 | 3,662.84 | (-)54.07 |
| **SGST ની વસૂલાત** | **21,250.85** | **34,888.71** | **34,106.67** | **29,458.54** | **(-)13.63** |

સ્રોત: રાજ્ય સરકારના સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

₹ 55,560.51 કરોડની રક્ષિત આવકની સામે, રાજ્ય સરકારને 2020-21 દરમિયાન ₹ 28,627.03 કરોડની આવક[6] મળી હતી અને આથી, ₹ 26,933.48 કરોડ જેટલું વળતર મેળવવા હકદાર હતાં.

આમ છતાં, ગુજરાત સરકારને ભારત સરકાર તરફથી માર્ચ 2021 સુધીમાં વળતર તરીકે ₹ 11,334.51 કરોડનું સહાયક અનુદાન મળ્યું હતું, જેમાં પાછલા વર્ષને લગતા ₹ 5,822.48 કરોડ સામેલ હતાં. આથી, વળતરમાં ₹ 21,421.45 કરોડ જેટલી ઘટ[7] રહી હતી. ₹ 21,421.45 કરોડની ખાધ પૈકી, રાજ્ય સરકારને ભારત સરકાર તરફથી ₹ 1,788.26 કરોડ મળ્યા હતાં (ઓગષ્ટ 2021 સુધીમાં), અને 2020-21 માટે ₹ 19,633.19 કરોડની ચોખ્ખી ઘટ રહી હતી (ઓગષ્ટ 2021).

માલ અને સેવા કરની આવકમાં વળતરની ઘટ પુરવા માટે, ભારત સરકારે "માલ અને સેવા કરના વળતરની ઘટના બદલામાં રાજ્યોને એક પછી એક લોન" ની યોજના અમલી બનાવી હતી. 2020-21 દરમિયાન, ગુજરાતને ₹ 9,222 કરોડ મળ્યા હતાં. આ લોનની પરત ચૂકવણી માલ અને સેવા કર વળતર ભંડોળમાં સેસની વસૂલાત દ્વારા કરવાની છે. આથી, પરત ચૂકવણીની જવાબદારી રાજ્યના અન્ય કોઈપણ સ્ત્રોતમાંથી[8] પૂરી કરવાની થતી નથી.

---

5 01 જુલાઇ 2017થી શરૂ કરીને 31 માર્ચ 2018ના સમયગાળા માટે.

6 ₹ 29,458.54 કરોડ (SGST) અને (-) ₹ 831.51 કરોડ (મૂલ્ય વર્ધિત વેરો વિલીન થયા બાદની ચોખ્ખી). મૂલ્ય વર્ધિત વેરો વિલીન થયા બાદની ચોખ્ખી રકમ રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવી છે જે ઑડીટ થયા વિનાની છે, અને જે ઑડીટ પ્રમાણપત્રને પાત્ર છે.

7 ₹ 26,933.48 કરોડ – (₹ 11,334.51 કરોડ – ₹ 5,822.48 કરોડ)

8 ભારત સરકારના ખર્ચ વિભાગ મુજબ, નાણાપંચ, વિગેરે દ્વારા નિર્ધારિત થનાર કોઈપણ ધોરણો મુજબ ખાસ બારી (Special Window) હેઠળના ઋણને રાજ્યના દેવા/ઋણ તરીકે ગણવામાં આવશે નહી. તેથી ₹ 9,222 કરોડના માલ અને સેવા કરના વળતરના ઘટાડાના બદલામાં લીધેલ એક પછી એક લોનને જાહેર ઋણ ગણવામાં આવ્યુ નથી.

### *મહેસૂલની પાછલી બાકીનું વિશ્લેષણ*

મહેસૂલની પાછલી બાકી સરકારને મળવાપાત્ર મહેસૂલની વિલંબિત પ્રાપ્તિ દર્શાવે છે.

31 માર્ચ 2021ના રોજ મૂલ્યવર્ધિત વેરો/વેચાણ વેરો; સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી અને વીજળી પરના વેરા અને જકાતની પાછલી બાકી ₹ 60,712.61 કરોડ જેટલી થતી હતી. જેમાંથી **કોઠા 2.6**માં આપેલી વિગતો પ્રમાણે ₹ 23,079.77 કરોડ પાંચ કરતાં વધારે વર્ષથી બાકી હતાં.

**કોઠો 2.6: મહેસૂલની પાછલી બાકી**

**(₹ કરોડમાં)**

| ક્રમાંક | મહેસૂલનું સદર | 31 માર્ચ 2021ના રોજ કુલ બાકી રકમ | 31 માર્ચ 2021ના રોજ પાંચ કરતાં અધિક વર્ષો માટે બાકી રકમ | નોંધ |
|---|---|---|---|---|
| 1. | માલ અને સેવા કર/મૂલ્ય વર્ધિત વેરો/ વેચાણ વેરો | 60,214.69 | 22,782.83 | વસૂલાત પ્રમાણપત્ર જારી કર્યા: ₹ 2,277.55 કરોડ; હાઇ કોર્ટ અને અન્ય ન્યાયિક સત્તાવાળાઓ દ્વારા વસૂલાત પર મનાઇ હુકમ: ₹ 9,968.23 કરોડ; સરકારના વિભાગીય સત્તાવાળા દ્વારા વસૂલાત પર મનાઇ હુકમ: ₹ 4,899.25 કરોડ; વેપારીઓની નાદારી: ₹ 4,067.65 કરોડ; રકમ માંડવાળ થવાની શક્યતા: ₹ 273.81 કરોડ; બાકીના ₹ 38,728.20 કરોડની પાછલી બાકી રહેવાનુ કારણ રજૂ કરવામાં આવ્યુ નથી. |
| 2. | વીજળી પર વેરા અને જકાત | 161.45 | 155.17 | વસૂલાત પ્રમાણપત્રો જારી કર્યા: ₹ 45.47 કરોડ; અને અદાલત દ્વારા મનાઇ હુકમ: ₹ 115.98 કરોડ. |
| 3. | સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી | 336.47 | 141.77 | વસૂલાત પ્રમાણપત્ર જારી કર્યા: ₹ 28.86 કરોડ; અને અદાલતી મનાઇ હુકમ: ₹ 24.30 કરોડ; અરજીનો સુધારો/સમીક્ષાના કારણે વસૂલાત અટકી ₹ 0.16 કરોડ; બાકીના ₹ 283.15 કરોડની પાછલી બાકી રહેવાનું કારણ રજૂ કરવામાં આવ્યુ નથી. |
| | કુલ | **60,712.61** | **23,079.77** | |

સ્રોત: વિભાગોએ રજૂ કરેલી માહિતી

વાહનો પરનો વેરો અને માલસામાન અને યાત્રીઓ પરનો વેરો અને તેલ અને કુદરતી ગેસની આવકની (પેટ્રોલિયમ નિયામક) બાબતમાં ઑડિટ દ્વારા સપ્ટેમ્બર 2021માં વિનંતી કરવામાં આવી હોવા છતાં મહેસૂલની પાછલી બાકીની વિગતો સંબંધિત વિભાગો દ્વારા આપવામાં આવી ન હતી. વધુમાં, નશાબંધી અને આબકારી નિયામકે પાછલી બાકી શૂન્ય હોવાનુ જણાવ્યુ હતું.

### *આકારણીઓની પાછલી બાકીનું વિશ્લેષણ*

આકારણીની પાછલી બાકી આકારણીમાં વિલંબના કારણે અવરોધાયેલી સંભવિત આવક સૂચવે છે. મૂલ્ય વર્ધિત વેરો/વેચાણ વેરાની બાબતમાં રાજ્યના માલ અને સેવા કર વિભાગ દ્વારા રજૂ

કરવામાં આવેલી વિગતો મુજબ વર્ષની શરૂઆતમાં બાકી કિસ્સા, આકારણી માટે પાત્ર થતા કિસ્સા, વર્ષ દરમિયાન નિકાલ થયેલા કિસ્સા અને વર્ષના અંતે આકરણી માટે પડતર કિસ્સા **કોઠા 2.7**માં દર્શાવવામાં આવ્યા છે. વીજળી વેરા કલેક્ટર અને નશાબંધી અને આબકારી નિયામકે આકારણી માટે બાકી કિસ્સા શૂન્ય જણાવ્યા હતાં.

**કોઠો 2.7: આકારણીની પાછલી બાકી**

(સંખ્યામાં)

| મહેસૂલી સદર | ખુલતી સિલક | 2020-21 દરમિયાન આકારણી પાત્ર નવા કિસ્સા | કુલ આકારણી પાત્ર | 2020-21 દરમિયાન નિકાલ થયેલા કિસ્સા | 31 માર્ચ 2021ના રોજ વર્ષના અંતે સિલક | નિકાલની ટકાવારી (સ્તંભ 4ની સામે 5) |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 |
| માલ અને સેવા કર/ મૂલ્યવર્ધિત વેરો/ વેચાણ વેરો | 3,63,708 | 4,458 | 3,68,166 | 3,55,187 | 12,979 | 96.47 |
| વ્યવસાય વેરો | 32,970 | 1,073 | 34,043 | 969 | 33,074 | 2.85 |

સ્રોત: વિભાગો દ્વારા રજૂ કરવામાં આવેલી માહિતી

ઉપરના કોઠામાંથી જોઇ શકાય છે કે 2020-21 દરમિયાન માલ અને સેવા કર/મૂલ્ય વર્ધિત વેરો/વેચાણ વેરાના નિકાલ થયેલ આકારણીના કિસ્સાઓની સંખ્યા 96.47 ટકા હતી જે 2019-20માં 1.67 ટકા જેટલી નજીવી હતી. વ્યવસાય વેરાનાં કિસ્સાઓમાં આકારણીનાં કિસ્સાઓનો નિકાલ 2020-21માં 2.85 ટકા હતો જે 2019-20માં 0.98 ટકા હતો. વ્યવસાય વેરાના કિસ્સાઓના નિકાલ માટે વિભાગે ત્વરિત પ્રયત્નો કરવા જરૂરી છે.

### *વિભાગો દ્વારા શોધી કઢાયેલી કરચોરી*

વિભાગ દ્વારા શોધી કઢાયેલી કરચોરીના કિસ્સા, અંતિમરૂપ અપાયેલા કિસ્સાઓ અને વધારાના વેરા માટે ઉભા કરાયેલા માંગણા મહેસૂલી વસૂલાત માટે કરવામાં આવેલા રાજ્ય સરકારના પ્રયત્નોના મહત્વના દર્શકો છે.

બે વિભાગો (નાણા અને મહેસૂલ) દ્વારા જણાવ્યા મુજબ, શોધી કઢાયેલા કરચોરીના કિસ્સા, અંતિમરૂપ અપાયેલા અને વધારાના વેરા માટે માંગણા ઉભા કરેલા કિસ્સા, **કોઠા 2.8**માં આપ્યા છે:

**કોઠો 2.8: કરચોરીના કિસ્સા**

<table>
<tr><th rowspan="2">ક્રમાંક</th><th rowspan="2">મહેસૂલી સદર</th><th rowspan="2">01 એપ્રિલ 2020ના રોજ પડતર કિસ્સાની સંખ્યા</th><th rowspan="2">2020-21 દરમિયાન શોધી કઢાયેલા કિસ્સા</th><th rowspan="2">કુલ</th><th colspan="2">આકારણી/તપાસ પૂર્ણ કરવામાં આવી હતી અને દંડ વગેરે સહિત વધારાનુ માંગણુ ઉભુ કરવામા આવ્યું હોય એવા કિસ્સાની સંખ્યા</th><th rowspan="2">31 માર્ચ 2021ના રોજ અંતિમરૂપ આપવાનું બાકી હોય એવા કિસ્સાની સંખ્યા</th></tr>
<tr><th>કિસ્સાની સંખ્યા</th><th>માંગણાની રકમ (₹ કરોડમાં)</th></tr>
<tr><td>1</td><td>માલ અને સેવા કર/મૂલ્યવર્ધિત વેરો/ વેચાણ વેરો</td><td>354</td><td>216</td><td>570</td><td>292</td><td>511.79</td><td>278</td></tr>
<tr><td>2.</td><td>સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી</td><td>79,764</td><td>2,058</td><td>81,822</td><td>29,366</td><td>6,576.74</td><td>52,456</td></tr>
<tr><td colspan="2">કુલ</td><td>**80,118**</td><td>**2,274**</td><td>**82,392**</td><td>**29,658**</td><td>**7,088.53**</td><td>**52,734**</td></tr>
</table>

સ્રોત: વિભાગો દ્વારા રજૂ કરવામાં આવેલી માહિતી

અહીં જોઇ શકાય છે કે, માર્ચ 2021ના અંતે 64 ટકા કિસ્સાને અંતિમ રૂપ આપવાનું બાકી હતું.

ઑડિટ દ્વારા સપ્ટેમ્બર 2021માં વિનંતી કરવામાં આવી હોવા છતાં અન્ય વિભાગો જેવા કે બંદરો અને પરિવહન, મહેસૂલ (જમીન મહેસૂલની બાબતમાં), ઉદ્યોગ અને ખાણ, વગેરેએ કર/મહેસૂલની કરચોરી અંગેની માહિતી રજૂ કરી ન હતી. વધુમાં, વીજળી વેરા કલેક્ટર અને નશાબંધી અને આબકારી નિયામકે આકારણીને અંતિમરૂપ આપવા માટેના પડતર કિસ્સા શૂન્ય હોવાનુ જણાવ્યું હતું.

### *પડતર રિફન્ડના કિસ્સા*

રિફન્ડના કિસ્સાના નિકાલમાં ત્વરિતતા એ વિભાગની કામગીરીનો મહત્વનો દર્શક છે.

વિભાગોએ જણાવ્યા મુજબ, વર્ષની શરૂઆતમાં પડતર રિફન્ડના કિસ્સાની સંખ્યા, વર્ષ દરમિયાન મળેલા દાવા, વર્ષ દરમિયાન મંજૂર કરેલા રિફન્ડ અને વર્ષના અંતે પડતર કિસ્સાની સંખ્યા **કોઠા 2.9**માં આપ્યા છે.

**કોઠો 2.9: રિફન્ડના કિસ્સા**

(₹ કરોડમાં)

<table>
<tr><th rowspan="2">ક્રમાંક</th><th rowspan="2">વિગતો</th><th colspan="2">માલ અને સેવા કર (જીએસટી)</th><th colspan="2">મૂલ્યવર્ધિત વેરો/ વેચાણ વેરો</th><th colspan="2">સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી</th></tr>
<tr><th>કિસ્સાની સંખ્યા</th><th>રકમ</th><th>કિસ્સાની સંખ્યા</th><th>રકમ</th><th>કિસ્સાની સંખ્યા</th><th>રકમ</th></tr>
<tr><td>1.</td><td>01 એપ્રિલ 2020ના રોજ બાકી દાવાઓ</td><td>4,719</td><td>769.50</td><td>758</td><td>440.79</td><td>65</td><td>2.09</td></tr>
<tr><td>2.</td><td>વર્ષ દરમિયાન મળેલા દાવાઓ</td><td>39,638</td><td>5,976.54</td><td>27,402</td><td>2,346.62</td><td>1,365</td><td>11.98</td></tr>
<tr><td>3.</td><td>વર્ષ દરમિયાન આપેલ રિફન્ડ</td><td>40,185</td><td>4,770.04</td><td>24,488</td><td>2,414.77</td><td>1,335</td><td>13.58</td></tr>
<tr><td>4.</td><td>વર્ષ દરમિયાન નામંજૂર થયેલ રિફન્ડ</td><td>-</td><td>1,393.38</td><td>-</td><td>-</td><td>-</td><td>-</td></tr>
<tr><td>5.</td><td>**31 માર્ચ 2021ના રોજ બાકી સિલક**</td><td>**4,172**</td><td>**582.62**</td><td>**3,672**</td><td>**372.64**</td><td>**95**</td><td>**0.49**</td></tr>
</table>

સ્રોત: વિભાગો દ્વારા રજૂ કરવામાં આવેલી માહિતી

સપ્ટેમ્બર 2021માં વિનંતી કરવામાં આવી હોવા છતાં મહેસૂલ વિભાગ (જમીન મહેસૂલની બાબતમાં), પરિવહન વિભાગ અને ઉદ્યોગ અને ખાણ વિભાગોએ, માર્ચ 2021ના અંતે પડતર રિફન્ડ કિસ્સાની વિગતો રજૂ કરી ન હતી. વધુમાં, વીજળી વેરા કલેક્ટર અને નશાબંધી અને આબકારી નિયામકે પડતર કિસ્સા શૂન્ય હોવાનું જણાવ્યું હતું.

### *બિન-કર આવક*

બિન-કર આવકમાં વ્યાજની આવક, ડિવિડન્ડ અને નફો, ખાણકામની આવક, વિભાગીય આવક, વગેરે સામેલ હોય છે.

છેલ્લા પાંચ વર્ષો (2016-21) માટે બિન-કર આવકના મુખ્ય સ્રોતો અને તેમના વલણનું વિશ્લેષણ **કોઠા 2.10**માં દર્શાવ્યા છે.

**કોઠો 2.10: 2016-21 દરમિયાન રાજ્યની બિન-કર આવકના મુખ્ય ઘટકો**

(₹ કરોડમાં)

| મહેસૂલી સદર | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | |
|---|---|---|---|---|---|---|
| | | | | | અંદાજપત્રીય અંદાજો | ખરેખર મૂલ્યો |
| વ્યાજની આવક | 2,580.10 | 1,081.44 | 1,611.71 | 2,331.15 | 1,596.00 | 847.64 |
| બિન-લોહ ખાણકામ અને ધાતુ ઉદ્યોગ | 3,746.50 | 8,988.62 | 4,863.00 | 4,147.91 | 4,328.00 | 2,906.79 |
| મોટી અને મધ્યમ સિંચાઇ યોજનાઓ | 1,086.10 | 1,211.52 | 1,326.95 | 1,365.02 | 1,594.83 | 1,644.26 |
| બંદરો અને દીવાદાંડીઓ | 933.49 | 967.59 | 1,153.35 | 1,361.26 | 1,600.00 | 1,263.75 |
| તબીબી અને જાહેર આરોગ્ય | 981.98 | 173.81 | 271.59 | 1,473.06 | 391.00 | 342.46 |
| પોલીસ | 248.88 | 318.01 | 312.19 | 467.53 | 524.30 | 484.43 |
| ડિવિડન્ડ અને નફો | 110.10 | 96.29 | 120.03 | 89.00 | 141.49 | 131.04 |
| અન્ય[9] | 3,658.51 | 2,236.69 | 3,758.17 | 6,869.22 | 4,424.38 | 2,872.29 |
| **બિન-કર આવક** | **13,345.66** | **15,073.97** | **13,416.99** | **18,104.15** | **14,600.00** | **10,492.66** |
| GSDPની ટકાવારી રૂપે બિન-કર આવક | 1.14 | 1.13 | 0.89 | 1.10 | 0.77 | 0.63 |
| મહેસૂલી આવકની ટકાવારી રૂપે બિન-કર આવક | 12.15 | 12.23 | 9.87 | 12.67 | 8.99 | 8.19 |

સ્રોત: સંબંધિત વર્ષો માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો અને 2020-21 માટે ગુજરાત સરકારનું અંદાજપત્રીય પ્રકાશન નં. 1

બિન-કર આવક, જે છેલ્લા પાંચ વર્ષ દરમિયાન રાજ્યની મહેસૂલી આવકના 8.19 ટકા અને 12.67 ટકા વચ્ચે રહી હતી તે પાછલા વર્ષની તુલનાએ 2020-21માં નોંધપાત્ર રીતે

9 ‘અન્યો’માં શહેરી વિકાસમાંથી આવક; અને શિક્ષણ, રમતગમત, કળા અને સંસ્કૃતિનો સમાવેશ થાય છે.

₹ 7,611.49 કરોડ (42.04 ટકા) જેટલી ઘટી હતી. પાછલા વર્ષની સરખામણીએ 2020-21માં બિન-કર આવકમાં ઘટાડો મુખ્યત્વે વ્યાજની આવકમાં ₹ 1,483.51 કરોડ જેટલો; બિન-લોહ ખાણકામ અને ધાતુ ઉદ્યોગમાં ₹ 1,241.12 કરોડ જેટલો; તબીબી અને જાહેર આરોગ્યમાં ₹ 1,130.60 કરોડ જેટલો; અન્યોમાં (શહેરી વિકાસમાં ₹ 986.13 કરોડ જેટલો અને શિક્ષણ, રમતગમત, કળા અને સંસ્કૃતિમાં ₹ 848.04 કરોડ જેટલા) ઘટાડાના કારણે થયો હતો. વ્યાજની આવક ખરેખર ઉપાર્જીત થયેલી હતી અને ચોપડે સમાયોજન થયેલી ન હતી.

### 2.3.2.3 કેન્દ્ર તરફથી તબદીલીઓ

કેન્દ્રીય કરની તબદીલીઓ (એટલે કે કેન્દ્રીય કરવેરા અને જકાતમાં રાજ્યનો હિસ્સો) અને સહાયક અનુદાન ભારત સરકાર તરફથી થતી તબદીલીઓના બે મુખ્ય ઘટકો છે. છેલ્લા 10 વર્ષો (2011-21) દરમિયાન કેન્દ્ર તરફથી તબદીલીઓના વલણનું વિશ્લેષણ **કોઠા 2.11**માં દર્શાવ્યું છે.

**કોઠો 2.11: કેન્દ્ર તરફથી તબદીલીઓ**


(₹ કરોડમાં)

| વિગતો | 2011-12 | 2012-13 | 2013-14 | 2014-15 | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **કેન્દ્રીય કરની તબદીલીઓ** | 7,780.31 | 8,869.04 | 9,701.93 | 10,296.35 | 15,690.43 | 18,835.39 | 20,782.29 | 23,489.33 | 20,232.09 | 20,218.53 |
| **સહાયક અનુદાન** | 5,649.86 | 6,445.80 | 6,883.13 | 10,799.01 | 8,949.22 | 13,218.05 | 15,885.60 | 18,992.48 | 25,500.02 | 27,178.29 |
| કુલ | **13,430.17** | **15,314.84** | **16,585.06** | **21,095.36** | **24,639.65** | **32,053.44** | **36,667.89** | **42,481.81** | **45,732.11** | **47,396.82** |
| પાછલા વર્ષ કરતાં ટકાવારીમાં વધારો | *20.88* | *14.03* | *8.29* | *27.19* | *16.80* | *30.09* | *14.40* | *15.86* | *7.65* | *3.64* |
| મહેસૂલી આવકની ટકાવારી રૂપે કેન્દ્ર તરફથી કુલ તબદીલીઓ | *21.33* | *20.36* | *20.74* | *22.94* | *25.28* | *29.18* | *29.74* | *31.24* | *32.02* | *36.98* |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

કેન્દ્ર તરફથી તબદીલીઓ 2011-12માં ₹ 13,430.17 કરોડ હતી તે 252.91 ટકા વધીને 2020-21માં ₹ 47,396.82 કરોડ થઇ હતી. છેલ્લા દસ વર્ષના સમયગાળા દરમિયાન પાછલા વર્ષની તુલનાએ 2020-21 માં 3.64 ટકાનો ટકાવારીની રીતે થયેલો વધારો સૌથી ઓછો હતો અને 2016-17માં 30.09 ટકાએ સૌથી વધુ હતો.

**આલેખ 2.8: કેન્દ્ર તરફથી તબદીલીઓના વલણો**




### *કેન્દ્રીય કરની તબદીલીઓ*

પંદરમા નાણા પંચ મુજબ વર્ષ 2020-21 માટે, કેન્દ્રીય કરવેરામાં રાજ્યનો હિસ્સો કેન્દ્ર સરકારની કરવેરાની આવકના 41 ટકા હતો અને કેન્દ્રીય કરની ચોખ્ખી આવકમાં ગુજરાતનો હિસ્સો 2020-21ના સમયગાળા માટે 3.398 ટકા નક્કી કરવામાં આવ્યો હતો.

અગાઉ, ચૌદમા નાણા પંચે ભલામણ કરી હતી કે કેન્દ્રીય કરવેરામાં રાજ્યનો હિસ્સો જે તેરમા નાણા પંચની ભલામણ મુજબ 32 ટકા હતો તે વધારીને 42 ટકા કરવો જોઇએ. 2015-20ના ચુકાદાના સમયગાળા માટે ચૌદમા નાણા પંચ દ્વારા કેન્દ્રીય કરવેરા અને સેવા વેરાની ચોખ્ખી ઉપજમાં ગુજરાતનો હિસ્સો અનુક્રમે 3.084 ટકા અને 3.172 ટકા જેટલો નિયત કરવામાં આવ્યો હતો. 2010-21ના સમયગાળા માટે નાણા પંચના અનુમાનોની સામે ખરેખર તબદીલી **કોઠા 2.12**માં દર્શાવી છે.

**કોઠો 2.12: કેન્દ્રીય કરવેરા અને જકાતમાં રાજ્યનો હિસ્સો; નાણા પંચના અનુમાનોની સામે ખરેખર તબદીલી**

(₹ કરોડમાં)

| વર્ષ | નાણા પંચના અનુમાનો | નાણા પંચના અહેવાલમાં અનુમાનો | ખરેખર કર તબદીલી | તફાવત |
|---|---|---|---|---|
| 2010-11 | સેવા કર સિવાય- 3.041 ટકા અને સેવા કર - 3.089 ટકા (13મું નાણા પંચ) | 9,541 | 6,679 | 2,862 |
| 2011-12 | | 11,190 | 7,780 | 3,410 |
| 2012-13 | | 13,199 | 8,869 | 4,330 |
| 2013-14 | | 15,569 | 9,702 | 5,867 |
| 2014-15 | | 18,365 | 10,296 | 8,069 |
| 2015-16 | સેવા કર સિવાય – 3.084 ટકા અને સેવા કર- 3.172 ટકા (14મું નાણા પંચ) | 17,865 | 15,691 | 2,174 |
| 2016-17 | | 20,614 | 18,835 | 1,779 |
| 2017-18 | | 23,818 | 20,782 | 3,036 |
| 2018-19 | | 27,553 | 23,489 | 4,064 |
| 2019-20 | | 31,912 | 20,232 | 11,680 |
| 2020-21 | 3.398 ટકા (2020-21 માટે 15મું નાણા પંચ) | 29,059 | 20,219 | 8,840 |

સ્રોત: સંબંધિત વર્ષોના નાણા પંચના અહેવાલો અને સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

2016-21 દરમિયાન કેન્દ્રીય કરની તબદીલીઓના મુખ્ય ઘટકો **કોઠા 2.13**માં દર્શાવ્યા છે.

**કોઠો 2.13: કેન્દ્રીય કરની તબદીલીઓના ઘટકો**

(₹ કરોડમાં)

| વિગતો | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | પાછલા વર્ષની તુલનાએ ટકાવારીમાં ફેરફાર |
|---|---|---|---|---|---|---|
| **પ્રત્યક્ષ કર** | | | | | | |
| કોર્પોરેશન કર | 6,027.35 | 6,361.23 | 8,167.69 | 6,898.37 | 6,083.86 | *(-)11.81* |
| કોર્પોરેશન કર સિવાયની આવક પર કર | 4,189.02 | 5,371.41 | 6,015.16 | 5,405.35 | 6,235.13 | *15.35* |
| સંપત્તિ વેરો | 13.80 | 0 | 2.99 | 0.30 | 0.00 | *(-)100.00* |
| **પેટા-સરવાળો** | **10,230.17** | **11,732.64** | **14,185.84** | **12,304.02** | **12,318.99** | *0.12* |
| **અપ્રત્યક્ષ કર** | | | | | | |
| કેન્દ્રીય માલ અને સેવા કર | માલ અને સેવા કરનો અમલ 01 જુલાઇ 2017થી કરવામાં આવ્યો હતો | 291.72 | 5,796.85 | 5,741.16 | 6,030.60 | *5.04* |
| સંકલિત માલ અને સેવા વેરો | | 2,097.04[10] | 462.60 | 0 | 0 | - |
| સીમા શુલ્ક | 2,592.73 | 2,096.40 | 1,664.83 | 1,282.45 | 1,088.95 | *(-)15.09* |
| કેન્દ્રીય આબકારી | 2,960.67 | 2,191.29 | 1,106.37 | 891.64 | 681.76 | *(-)23.54* |
| સેવા કર | 3,051.76 | 2,373.20 | 218.18 | 0 | 84.49 | - |
| અન્ય | 0.06 | 0 | 54.66 | 12.82 | 13.74 | *7.18* |
| **પેટા-સરવાળો** | **8,605.22** | **9,049.65** | **9,303.49** | **7,928.07** | **7,899.54** | *(-)0.36* |
| **કુલ** | **18,835.39** | **20,782.29** | **23,489.33** | **20,232.09** | **20,218.53** | *(-)0.07* |
| પાછલા વર્ષની તુલનાએ વધારો ટકાવારીમાં | *20.04* | *10.34* | *13.03* | *(-)13.87* | *(-)0.07* | |
| મહેસૂલી આવકની ટકાવારી રૂપે કેન્દ્રીય કરની તબદીલીઓ | *17.15* | *16.86* | *17.27* | *14.16* | *15.78* | |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

10 આમાં તદર્થ અનિર્ણિત સંકલિત માલ અને સેવા કરના (IGST) અગ્રિમ વિભાજનનો સમાવેશ થાય છે. (₹ 1,062 કરોડ).

2020-21માં ₹ 20,218.53 કરોડની કેન્દ્રીય કરની તબદીલીઓએ પાછલા વર્ષની તુલનાએ 0.07 ટકાનો ઘટાડો નોંધાવ્યો હતો. પ્રત્યક્ષ કરવેરામાં પાછલા વર્ષ કરતાં 0.12 ટકા જેટલો વધારો થયો હતો અને અપ્રત્યક્ષ કરમાં 0.36 ટકા જેટલો ઘટાડો થયો હતો.

### *ભારત સરકાર તરફથી સહાયક અનુદાન*

2016-21 દરમિયાન ભારત સરકાર તરફથી મળેલા સહાયક અનુદાનના ઘટકો **કોઠા 2.14**માં દર્શાવ્યા છે.

**કોઠો 2.14: ભારત સરકાર તરફથી સહાયક અનુદાન**

(₹ કરોડમાં)

| વિગતો[11] | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 |
|---|---|---|---|---|---|
| બિન-આયોજન અનુદાન | 3,192.93 | 0.00 | 0.00 | 0.00 | 0.00 |
| રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશ માટે અનુદાન - આયોજન યાજનાઓ | 8,505.95 | 0.00 | 0.00 | 0.00 | 0.00 |
| કેન્દ્રીય આયોજન યોજનાઓ માટે અનુદાન | 53.41 | 0.00 | 0.00 | 0.00 | 0.00 |
| કેન્દ્ર પ્રાયોજિત આયોજન યોજનાઓ માટે અનુદાન | 1,465.76 | 0.00 | 0.00 | 0.00 | 0.00 |
| કેન્દ્ર પ્રાયોજિત યોજનાઓ | 0.00 | 8,942.08 | 8,784.58 | 8,724.64 | 8,166.58 |
| નાણા પંચનું અનુદાન | 0.00 | 3,166.85 | 3,313.36 | 5,040.24 | 5,672.50 |
| અન્ય અનુદાન (માલ અને સેવા કરના વળતર સહિત) | 0.00 | 3,776.67 | 6,894.54 | 11,735.14 | 13,339.21 |
| કુલ | **13,218.05** | **15,885.60** | **18,992.48** | **25,500.02** | **27,178.29** |
| પાછલા વર્ષની તુલનાએ ટકાવારીમાં વધારો | 47.70 | 20.18 | 19.56 | 34.26 | 6.58 |
| મહેસૂલી આવકની ટકાવારી રૂપે કુલ સહાયક અનુદાન | 12.03 | 12.88 | 13.96 | 17.85 | 21.21 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

ભારત સરકાર તરફથી સહાયક અનુદાન 2016-17માં ₹ 13,218 કરોડ હતું તે વધીને 2020-21 માં ₹ 27,178 કરોડ થયુ હતું. આયોજન અને બિન-આયોજન અનુદાનનું નામાભિધાન વર્ષ 2017-18થી દૂર કરવામાં આવ્યુ હતું અને તેના બદલે કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ, નાણા પંચના અનુદાનો અને રાજ્યોને અન્ય અનુદાનો કરવામાં આવ્યુ હતું.

ભારત સરકાર તરફથી 2020-21માં સહાયક અનુદાનમાં પાછલા વર્ષની તુલનાએ ₹ 1,678.27 કરોડ (6.58 ટકા) જેટલો વધારો થયો હતો. આ વધારો મુખ્યત્વે ગ્રામ્ય સ્થાનિક સંસ્થાઓ માટે અનુદાનમાં ₹ 863.67 કરોડ જેટલો, માલ અને સેવા કરના વળતરમાં

[11] મહાલેખા નિયંત્રકે નાણાકીય વર્ષ 2017-18ની અસરથી સહાયક અનુદાનના વર્ગીકરણમાં ફેરફાર કર્યો હતો.

₹ 687.99 કરોડ જેટલો અને રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળ માટે ₹ 437.20 કરોડ જેટલા થયેલા વધારાના કારણે થયો હતો.

### *પંદરમાં નાણા પંચ દ્વારા એનાયત થયેલા અનુદાનો*

15માં નાણા પંચે ત્રણ પ્રકારના સહાયક અનુદાન એટલે કે સ્થાનિક સંસ્થાઓનુ સશક્તિકરણ, હોનારતના જોખમનુ વ્યવસ્થાપન, વહેંચણી બાદની મહેસૂલી ખાધ અને વિશેષ અનુદાનની બાબતમાં રાજ્યોને ભંડોળની તબદીલીની ભલામણ કરી હતી

2020-21 દરમિયાન, ભારત સરકાર તરફથી ગુજરાત સરકારને બે પ્રકારનું એટલે કે સ્થાનિક સંસ્થાઓનુ સશક્તિકરણ અને હોનારતના જોખમના વ્યવસ્થાપન માટે એનાયત થયેલી ₹ 6,057 કરોડની રકમની સામે કુલ ₹ 5,673 કરોડનું અનુદાન મળ્યુ હતું. મહેસૂલી પુરાંતવાળુ રાજ્ય હોવાથી, વહેંચણી બાદની મહેસૂલી ખાધનુ અનુદાન મેળવવા માટે રાજ્ય સરકાર પાત્ર ન હતી.

2020-21 દરમિયાન એનાયત થયેલી અને મળેલી રકમોની વિગતો **કોઠા 2.15**માં દર્શાવી છે.

**કોઠો 2.15: 15માં નાણા પંચની ભલામણ મુજબ એનાયત થયેલી અને મળેલી રકમોની વિગતો**

(₹ કરોડમાં)

| | 15માં નાણા પંચની ભલામણ | ભારત સરકાર દ્વારા છુટી કરાયેલ ખરેખર રકમ | રાજ્ય સરકાર દ્વારા છુટી કરાયેલ | બાકી રકમ |
|---|---|---|---|---|
| | 2020-21 | 2020-21 | 2020-21 | 2020-21 |
| **ગ્રામ્ય સ્થાનિક સંસ્થાઓને અનુદાન** | **3,195.00** | **3,195.00** | **3,195.00** | **0.00** |
| (a) સામાન્ય પાયાનું અનુદાન (છુટું) | 1,597.50 | 1,597.50 | 1,597.50 | 0.00 |
| (b) બંધનકર્તા અનુદાન | 1,597.50 | 1,597.50 | 1,597.50 | 0.00 |
| **શહેરી સ્થાનિક સંસ્થાઓને અનુદાન** | **1,538.00** | **1,153.50** | **1,153.50** | **384.50** |
| (a) દસ લાખથી વધુ વસ્તી વાળા શહેરો-હવાની ગુણવત્તાનું અનુદાન | 405.00 | 405.00 | 405.00 | 0.00 |
| (b) દસ લાખથી વધુ વસ્તી વાળા – સેવા સ્તરના બેન્ચમાર્કનું અનુદાન | 405.00 | 202.50 | 202.50 | 202.50 |
| (c) દસ લાખથી વધુ વસ્તી સિવાયના શહેરો-પાયાનું અનુદાન | 364.00 | 364.00 | 364.00 | 0.00 |
| (d) દસ લાખથી વધુ વસ્તી સિવાયના શહેરો-બંધનકર્તા અનુદાન | 364.00 | 182.00 | 182.00 | 182.00 |
| **સ્થાનિક સંસ્થાઓ માટે કુલ** | **4,733.00** | **4,348.50** | **4,348.50** | **384.50** |
| હોનારતના જોખમનું વ્યવસ્થાપન | **1,324.00** | **1,324.00** | **1,324.00** | **0.00** |
| **એકંદર કુલ** | **6,057.00** | **5,672.50** | **5,672.50** | **384.50** |

સ્રોત: ગુજરાત સરકારનો નાણા વિભાગ

ઉપરના કોઠામાંથી જોઇ શકાય છે કે રાજ્ય સરકારને ગ્રામ્ય સ્થાનિક સંસ્થાઓ અને હોનારતના જોખમના વ્યવસ્થાપન માટે અનુદાન મળ્યુ હતું પરંતુ **'દસ લાખથી વધુ વસ્તી વાળા શહેરો'** હેઠળ સેવા સ્તરના બેન્ચમાર્કનુ અનુદાન અને **'દસ લાખથી વધુ વસ્તી સિવાયના શહેરો'** હેઠળ બંધનકર્તા અનુદાન માટે ફાળવણીના માત્ર 50 ટકા મળ્યા હતાં. નાણા વિભાગે જણાવ્યુ હતું (ઓગષ્ટ 2021) કે શહેરી વિકાસ અને શહેરી આવાસન વિભાગ દ્વારા વપરાશી નાણા મંત્રાલય, ભારત સરકારને પ્રમાણપત્રો રજૂ કરવામાં ન આવ્યા તે કારણે ઓછી પ્રાપ્તિ થઇ હતી. એ ઉલ્લેખ કરવાનુ પ્રાસંગિક છે કે 2015-20ના સમયગાળા માટે ગ્રામ્ય અને શહેરી સ્થાનિક સંસ્થાઓ માટે કામગીરી અનુદાન સાથે સંકળાયેલી શરતોનું પાલન ન થવાના કારણે રાજ્ય સરકારને ચૌદમા નાણા પંચનું ₹ 1,247 કરોડની રકમનું અનુદાન મળ્યુ ન હતું.

સંબંધિત વિભાગોએ આ અનુદાનો સાથે જોડાયેલી શરતોનું પાલન કરવુ જાઇએ અને સુનિશ્ચિત કરવુ જોઇએ કે આના હિસાબે મહેસૂલ/અનુદાનનુ કોઇ નુકસાન ન થાય.

### 2.3.3 મૂડી આવક

મૂડી આવકમાં પ્રકીર્ણ મૂડી આવકો જેવી કે વિનિવેશમાંથી ઉપજેલી રકમ, લોન અને પેશગીઓની વસૂલાત, આંતરિક સ્રોતોમાંથી ઋણની આવક (બજારની લોન, નાણાકીય સંસ્થાઓ/વાણિજ્યિક બેંકો પાસેથી ધિરાણ) અને ભારત સરકાર તરફથી લોન અને પેશગીઓ સામેલ હોય છે. જાહેર ઋણ ભરપાઇ કર્યા બાદની ચોખ્ખી જાહેર ઋણની આવક વત્તા અન્ય મૂડી આવક એ ચોખ્ખી મૂડી આવક છે.

નીચેનો કોઠો ચોખ્ખી મૂડી આવકના ઘટકો અને વૃધ્ધિના વલણો દર્શાવે છે.

**કોઠો 2.16: ચોખ્ખી મૂડી આવકના ઘટકો અને વૃધ્ધિના વલણો**

(₹ કરોડમાં)

| રાજ્યની મૂડી આવકના સ્રોતો | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 |
|---|---|---|---|---|---|
| **મૂડી આવક** | **28,074** | **27,299** | **43,362** | **43,927** | **68,981** |
| જાહેર ઋણની આવક | 27,668 | 26,953 | 43,146 | 43,491 | 58,857 |
| જાહેર ઋણની પરત ચૂકવણી | 9,073 | 13,700 | 15,432 | 16,702 | 17,922 |
| **ચોખ્ખી જાહેર ઋણની આવક** | **18,595** | **13,253** | **27,714** | **26,789** | **40,935** |
| પ્રકીર્ણ મૂડી આવક | 240 | 0 | 65 | 106 | 9,968 |
| લોન અને પેશગીઓની વસૂલાત | 166 | 346 | 151 | 330 | 155 |
| **બિન-ઋણ મૂડી આવક** | **406** | **346** | **216** | **436** | **10,124** |
| **ચોખ્ખી મૂડી આવક** | **19,001** | **13,599** | **27,930** | **27,225** | **51,059** |
| ચોખ્ખુ આંતરિક ઋણ | 19,091 | 13,872 | 26,231 | 26,786 | 30,369 |
| ચોખ્ખા આંતરિક ઋણનો વૃધ્ધિ દર (ટકા) | *7.86* | *(-)27.34* | *89.09* | *2.12* | *13.38* |
| ભારત સરકાર તરફથી ચોખ્ખી લોન અને પેશગીઓ | (-)496 | (-)619 | 1,483 | 3 | 10,566 |

| રાજ્યની મૂડી આવકના સ્રોતો | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 |
|---|---|---|---|---|---|
| વૃધ્ધિ દર (ટકા) | *21.87* | *24.80* | *(-)339.58* | *(-)99.80* | -[12] |
| ઋણ મૂડી આવકનો વૃધ્ધિ દર (ટકા) | *7.54* | *(-)28.73* | *109.11* | *(-)3.34* | *52.81* |
| બિન-ઋણ મૂડી આવકનો વૃધ્ધિ દર (ટકા) | *224.80* | *(-)14.78* | *(-)37.57* | *101.85* | -[12] |
| GSDPનો વૃધ્ધિ દર (ટકા) | *13.43* | *13.87* | *13.08* | *9.75* | *0.57* |
| ચોખ્ખી મૂડી આવકનો વૃધ્ધિ દર (ટકા) | *9.09* | *(-)28.43* | *105.38* | *(-)2.52* | *87.54* |

સ્રોત: સંબંધિત વર્ષો માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

2020-21 દરમિયાન પ્રકીર્ણ મૂડી આવકમાં વધારો એકત્રિત ડૂબત ભંડોળમાંથી ₹ 9,957.85 કરોડના વિનિવેશના કારણે થયો હતો. ઉપરાંત, "માલ અને સેવા કરના વળતરમાં ઘટના બદલે રાજ્યોને એક પછી એક લોન આપવાની યોજનાના[13]" અમલીકરણના કારણે, લોન અને પેશગીઓની આવકમા પણ વર્ષ દરમિયાન ₹ 9,222 કરોડ જેટલો વધારો થયો હતો. આમ, રાજ્ય સરકારે ધિરાણ, એકત્રિત ડૂબત ભંડોળમાંથી વિનિવેશ અને ભારત સરકાર પાસેથી વિશેષ લોન મારફત વર્ષ દરમિયાન તેના મૂડી ખર્ચ માટે નાણા પૂરા પાડ્યા હતાં.

જાહેર ઋણની આવક ભાવિ પરત ચૂકવણીની જવાબદારીઓ ઉભી કરે છે. છેલ્લા પાંચ વર્ષ (2016-21) દરમિયાન, જાહેર ઋણની આવકના 36.39 ટકાનો ઉપયોગ અગાઉના વર્ષોમાં લીધેલા જાહેર ઋણની પરત ચૂકવણી માટે કરવામાં આવ્યો હતો જ્યારે બાકીના 63.61 ટકા અસ્ક્યામતોના સર્જન માટે વાપરવામાં આવ્યાં હતાં.

### 2.3.4 સંસાધનોને ગતિશીલ કરવામાં રાજ્યની કામગીરી

સંસાધનોને ગતિશીલ કરવામાં રાજ્યની કામગીરીની આકારણી પોતાના સંસાધનો જેમાં તેની પોતાની કર અને બિન-કર આવકનો સમાવેશ થાય છે તેના રૂપમાં થાય છે.

**કોઠો 2.17: અનુમાનોની સામે કર અને બિન-કર આવક**

(₹ કરોડમાં)

| | અંદાજપત્રીય અંદાજો | 15માં નાણા પંચના અનુમાનો | ખરેખર મૂલ્યો | આના સંદર્ભમાં ખરેખર મૂલ્યોના ફેરફારની ટકાવારી | |
|---|---|---|---|---|---|
| | | | | અંદાજપત્રીય અંદાજો | 15માં નાણા પંચના અનુમાનો |
| કર આવક | 1,05,093 | 1,13,732 | 70,266 | (-)33.14 | (-) 38.22 |
| બિન-કર આવક | 14,600 | 20,464 | 10,493 | (-)28.13 | (-) 48.72 |

12 પાછલા વર્ષની સરખામણીએ ભારત સરકાર તરફથી પ્રકીર્ણ મૂડી આવક અને ચોખ્ખી લોન અને પેશગીઓમાં અસામાન્ય વધારાના (ફેરફાર) કારણે ટકાવારી તરીકે વૃધ્ધિ દર અહીં દર્શાવવામાં આવ્યો નથી

13 ભારત સરકારના ખર્ચ વિભાગ મુજબ, નાણાપંચ, વિગેરે દ્વારા નિર્ધારિત થનાર કોઈપણ ધોરણો મુજબ ખાસ બારી (Special window) હેઠળના ઋણને રાજ્યના દેવા/ઋણ તરીકે ગણવામાં આવશે નહી. તેથી ₹ 9,222 કરોડના માલ અને સેવા કરના વળતરના ઘટાડાના બદલામાં લીધેલ એક પછી એક લોનને અહી જાહેર ઋણ ગણવામાં આવ્યુ નથી.

જોઇ શકાય છે એ મુજબ, રાજ્ય સરકાર અંદાજપત્રીય અંદાજો અને 15માં નાણા પંચમાં નક્કી કરેલી પોતાની કર આવક અને બિન-કર આવક માટેના લક્ષ્યાંકો પ્રાપ્ત કરવામાં ઊણી ઉતરી હતી.

## 2.4 સંસાધનોનો ઉપયોગ

રાજ્ય સરકારને રાજકોષીય જવાબદારીના કાયદાઓના માળખામાં રહીને ખર્ચ કરવાની જવાબદારી સોંપવામાં આવી છે, સાથે એ પણ સુનિશ્ચિત કરવાનું હોય છે કે રાજ્યની રાજકોષીય સુધારા અને એકીકરણની ચાલી રહેલ પ્રક્રિયા, મૂડીગત માળખાના વિકાસ અને સામાજીક ક્ષેત્રના વિકાસ પ્રત્યે નિર્દિષ્ટ ખર્ચના ભોગે ન હોય. પેટા-ફકરાઓ સહિતનો આ ફકરો રાજ્યમાં ખર્ચની ફાળવણીનું વિશ્લેષણ રજૂ કરે છે.

### 2.4.1 વિકાસ અને ખર્ચના ઘટકો

કુલ ખર્ચ, તેના ઘટકો અને છેલ્લા પાંચ વર્ષો (2016-21) દરમિયાન રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની તુલનાએ હિસ્સો **કોઠા 2.18**માં રજૂ કર્યો છે.

**કોઠો 2.18: કુલ ખર્ચ અને તેના ઘટકો**

(₹ કરોડમાં)


| પરિમાણો | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 |
|---|---|---|---|---|---|
| **કુલ ખર્ચ (TE)** | **1,26,728** | **1,45,004** | **1,62,583** | **1,67,861** | **1,78,718** |
| મહેસૂલી ખર્ચ (RE) | 1,03,895 | 1,18,060 | 1,32,790 | 1,40,899 | 1,50,704 |
| મૂડી ખર્ચ (CE) | 22,355 | 26,313 | 28,062 | 25,650 | 26,781 |
| લોન અને પેશગીઓ | 478 | 631 | 1,731 | 1,312 | 1,233 |
| રાજ્યના એકંદર ઘરેલું ઉત્પાદનની ટકાવારી રૂપે | | | | | |
| કુલ ખર્ચ/GSDP | 10.86 | 10.91 | 10.82 | 10.18 | 10.77 |
| મહેસૂલી ખર્ચ/GSDP | 8.90 | 8.88 | 8.84 | 8.54 | 9.09 |
| મૂડી ખર્ચ/GSDP | 1.92 | 1.98 | 1.86 | 1.56 | 1.61 |
| લોન અને પેશગીઓ//GSDP | 0.04 | 0.05 | 0.12 | 0.08 | 0.07 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.


ઉપરનો કોઠો દર્શાવે છે કે રાજ્યનો કુલ ખર્ચ 2016-17માં ₹ 1,26,728 કરોડ હતો તે 41.02 ટકા વધીને 2020-21માં ₹ 1,78,718 કરોડ થયો હતો. પાછલા વર્ષની તુલનાએ વર્ષ દરમિયાન તેમાં 6.47 ટકાનો વધારો થયો હતો. રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની ટકાવારી રૂપે, પાંચ વર્ષના સમયગાળા (2016-21) દરમિયાન 2019-20માં કુલ ખર્ચ 10.18 ટકાએ સૌથી નીચો રહ્યો હતો,

**આલેખ 2.9** અને **2.10** અનુક્રમે મહેસૂલી ખર્ચ અને મૂડી ખર્ચના પાંચ વર્ષના (2016-21) સમયગાળા દરમિયાનના વલણો રજૂ કરે છે. જ્યારે **આલેખ 2.11** કુલ ખર્ચના ઘટકોના હિસ્સાના વલણ રજૂ કરે છે.


**આલેખ 2.9: 2016-21 દરમિયાન મહેસૂલી ખર્ચના વલણ**




**આલેખ 2.10: 2016-21 દરમિયાન મૂડી ખર્ચનું વલણ**




**આલેખ 2.11: કુલ ખર્ચના ઘટકોના હિસ્સાના વલણ**




ઉપરનો આલેખ દર્શાવે છે કે, 2016-21 દરમિયાન કુલ ખર્ચમાં મહેસૂલી ખર્ચ એ મુખ્ય ઘટક હતો અને 2020-21માં 84.33 ટકા રહ્યો હતો. રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની ટકાવારી તરીકે મહેસૂલી ખર્ચ 2016-17માં 8.90 ટકા હતો તે વધીને 2020-21માં 9.08 ટકા થયો હતો.

2016-21 દરમિયાન પ્રવૃત્તિઓ એટલે કે સામાન્ય સેવાઓ, સામાજીક સેવાઓ, આર્થિક સેવાઓ, સહાયક અનુદાન અને લોન અને પેશગીઓ તરીકે કુલ ખર્ચના વલણો **કોઠા 2.19માં** દર્શાવ્યા મુજબ છે.

**કોઠો 2.19: પ્રવૃત્તિઓ તરીકે કુલ ખર્ચના વલણો**


(ટકામાં હિસ્સો)

| પ્રવૃત્તિઓ | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 |
|---|---|---|---|---|---|
| સામાન્ય સેવાઓ | 28.74 | 29.15 | 29.79 | 29.71 | 29.41 |
| સામાજીક સેવાઓ | 40.35 | 38.51 | 37.51 | 38.94 | 37.97 |
| આર્થિક સેવાઓ | 30.20 | 31.57 | 31.41 | 30.32 | 31.71 |
| લોન અને પેશગીઓ | 0.38 | 0.44 | 1.06 | 0.78 | 0.69 |
| સ્થાનિક સંસ્થાઓ અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને સહાયક અનુદાન અને ફાળો | 0.33 | 0.33 | 0.23 | 0.25 | 0.22 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

**આલેખ 2.12** છેલ્લા પાંચ વર્ષ (2016-21) દરમિયાન પ્રવૃત્તિઓ તરીકે કુલ ખર્ચના વલણો રજૂ કરે છે અને **આલેખ 2.13** ચાલુ વર્ષ (2020-21) દરમિયાન પ્રવૃત્તિઓ તરીકે કુલ ખર્ચના વલણો રજૂ કરે છે.

**આલેખ 2.12: 2016-21 દરમિયાન પ્રવૃત્તિઓ તરીકે કુલ ખર્ચનું વલણ**



**આલેખ 2.13: 2020-21 દરમિયાન પ્રવૃત્તિઓ તરીકે કુલ ખર્ચ**




સામાન્ય, સામાજીક અને આર્થિક સેવાઓના સંબંધિત હિસ્સાની વધઘટે આંતર-વર્ષ દરમ્યાન નજીવા ફેરફાર સાથે 2016-21 દરમિયાન સ્થિરતા દર્શાવી હતી. 2016-17ની સરખામણીએ, 2020-21 દરમિયાન સામાજીક સેવાઓના હિસ્સામાં 2.38 ટકા જેટલો ઘટાડો થયો હતો અને આર્થિક સેવાઓના હિસ્સામાં 1.51 ટકાનો વધારો થયો હતો.

## 2.4.2 મહેસૂલી ખર્ચ

સેવાઓનું વર્તમાન સ્તર જાળવી રાખવા અને અગાઉની જવાબદારીઓની ચૂકવણીઓ કરવા માટે મહેસૂલી ખર્ચ કરવામાં આવે છે. આમ, તે રાજ્યના માળખા અને સેવાના માળખામાં કોઇ પરિણામલક્ષી ઉમેરો કરતું નથી.

2016-21 દરમિયાન એકંદર મહેસૂલી ખર્ચ, તેનો વૃધ્ધિ દર, કુલ ખર્ચ સામે તેનો ગુણોત્તર અને રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન અને મહેસૂલી આવકની સામે એની તરલતાની વિગતો **કોઠા 2.20**માં દર્શાવ્યા મુજબ છે.

**કોઠો 2.20: મહેસૂલી ખર્ચના વલણો**

| | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 |
|---|---|---|---|---|---|
| કુલ ખર્ચ (TE) (₹ કરોડમાં) | 1,26,728 | 1,45,004 | 1,62,583 | 1,67,861 | 1,78,718 |
| **મહેસૂલી ખર્ચ (₹ કરોડમાં)** | **1,03,895** | **1,18,060** | **1,32,790** | **1,40,899** | **1,50,704** |
| પાછલા વર્ષની તુલનાએ મહેસૂલી ખર્ચની વૃધ્ધિ (ટકા) | 8.47 | 13.63 | 12.48 | 6.11 | 6.96 |
| મહેસૂલી ખર્ચ/કુલ ખર્ચ (ટકા) | 81.98 | 81.42 | 81.68 | 83.94 | 84.33 |
| મહેસૂલી ખર્ચ/રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન (ટકા) | 8.90 | 8.88 | 8.84 | 8.54 | 9.08 |
| મહેસૂલી ખર્ચ/મહેસૂલી આવક (ટકા) | 94.59 | 95.76 | 97.64 | 98.64 | 117.59 |
| **આની સાથે મહેસૂલી ખર્ચની તરલતા** | | | | | |
| રાજ્યનું એકંદર ઘરેલું ઉત્પાદન | 0.63 | 0.98 | 0.95 | 0.63 | 12.21 |
| મહેસૂલી આવક | 0.67 | 1.11 | 1.21 | 1.21 | * |


સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.
*2021-22 દરમિયાન મહેસૂલી આવકની વૃદ્ધિ નકારાત્મક હોવાથી તરલતા ગણી શકાતી નથી.

મૂડી ખર્ચ 2016-17માં ₹ 1,03,895 કરોડ હતો તે સતત વધીને 2020-21માં ₹ 1,50,704 કરોડ થયો હતો. પાછલા વર્ષની તુલનાએ 2020-21માં મહેસૂલી ખર્ચમાં થયેલો વધારો મુખ્યત્વે ₹ 1,754 કરોડ વ્યાજની ચૂકવણીઓ, ₹ 1,616 કરોડ ગ્રામ્ય અને લઘુ ઉદ્યોગ, ₹ 1,392 કરોડ અન્ય ગ્રામ વિકાસ કાર્યક્રમ, ₹ 1,369 કરોડ સામાન્ય શિક્ષણ, ₹ 1,163 કરોડ તબીબી અને જાહેર આરોગ્ય અને ₹ 1,098 કરોડ સામાજીક સુરક્ષા અને કલ્યાણ પર અધિક ખર્ચના કારણે થયો હતો,

મહેસૂલી ખર્ચના વૃધ્ધિ દરમાં 2019-20ના 6.11 ટકાથી 2017-18માં 13.63 ટકા સુધી પાછલા પાંચ વર્ષ દરમિયાન વધઘટ થઇ હતી. રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની ટકાવારી રૂપે 2016-20ના સમયગાળા દરમિયાન મહેસૂલી ખર્ચ સતત ઘટ્યો હતો પરંતુ 2020-21 દરમિયાન વધીને 9.08 ટકા રહ્યો હતો. મહેસૂલી આવકની ટકાવારી તરીકે 2020-21માં મહેસૂલી ખર્ચ 117.59 ટકા હતો.

2020-21 દરમિયાન મહેસૂલી ખર્ચની ક્ષેત્ર-વાર વહેંચણી **આલેખ 2.14**માં દર્શાવી છે.

**આલેખ 2.14: 2020-21 દરમિયાન મહેસૂલી ખર્ચની ક્ષેત્ર-વાર વહેંચણી (ટકામાં)**




## 2.4.2.1 મહેસૂલી ખર્ચમાં મુખ્ય ફેરફારો

**કોઠો 2.21** ચાલુ વર્ષ અને અગાઉના વર્ષ દરમિયાન રાજ્યના મહેસૂલી ખર્ચની બાબતમાં જુદા જુદા હિસાબી સદરો હેઠળ થયેલા નોંધપાત્ર ફેરફારોની વિગતો દર્શાવે છે.

**કોઠો 2.21: 2019-20ની સરખામણીએ 2020-21 દરમિયાન મહેસૂલી ખર્ચમાં ફેરફારો**

**(₹ કરોડમાં)**

| હિસાબના મુખ્ય સદરો | 2019-20 | 2020-21 | ફેરફાર | |
|---|---|---|---|---|
| | | | રકમ | ટકા |
| 2049- વ્યાજની ચૂકવણી | 22,448.66 | 24,203.19 | 1,754.53 | 7.82 |
| 2851- ગ્રામ અને લઘુ ઉદ્યોગ | 1,335.56 | 2,951.27 | 1,615.71 | 120.98 |
| 2515- અન્ય ગ્રામ વિકાસ કાર્યક્રમો | 3,109.47 | 4,501.61 | 1,392.14 | 44.77 |
| 2202- સામાન્ય શિક્ષણ | 23,330.82 | 24,699.39 | 1,368.57 | 5.87 |
| 2210- તબીબી અને જાહેર આરોગ્ય | 6,697.38 | 7,860.11 | 1,162.73 | 17.36 |
| 2235- સામાજીક સુરક્ષા અને કલ્યાણ | 1,897.49 | 2,995.00 | 1,097.51 | 57.84 |
| 2071- પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભો | 17,662.59 | 18,569.75 | 907.16 | 5.14 |

| હિસાબના મુખ્ય સદરો | 2019-20 | 2020-21 | ફેરફાર | |
|---|---|---|---|---|
| | | | રકમ | ટકા |
| 3456- નાગરિક પુરવઠો | 422.56 | 1,247.62 | 825.06 | 195.25 |
| 2801- ઉર્જા | 8,134.79 | 8,949.40 | 814.61 | 10.01 |
| 2408- અન્ન, સંગ્રહ અને વખાર | 56.69 | 769.48 | 712.79 | 1,257.35 |
| 2236- પોષણ | 3,078.59 | 3,652.72 | 574.13 | 18.65 |
| 2852- ઉદ્યોગો | 3,351.09 | 2,830.56 | (-)520.53 | (-)15.53 |
| 2225-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતીઓનું કલ્યાણ | 3,998.08 | 3,418.52 | (-)579.56 | (-)14.50 |
| 2217- શહેરી વિકાસ | 11,687.84 | 8,988.92 | (-) 2698.92 | (-)23.09 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

ઉપરનો કોઠો દર્શાવે છે કે ગ્રામ્ય અને લઘુ ઉદ્યોગ, નાગરિક પુરવઠો અને અન્ન, સંગ્રહ અને વખાર હેઠળના મહેસૂલી ખર્ચમાં વર્ષ દરમિયાન વધારો થયો હતો જે અનુક્રમે લઘુ ઉદ્યોગોને સહાયકી, નાગરિક પુરવઠા નિગમને સહાય અને ખરીદી અને પુરવઠા પરના ખર્ચમાં વધારાના કારણે થયો હતો. શહેરી સ્થાનિક સંસ્થાઓને આપેલી ઓછી સહાયના કારણે પાછલા વર્ષની તુલનાએ શહેરી વિકાસે 2020-21 દરમિયાન મહેસૂલી ખર્ચમાં ઘટાડો નોંધાવ્યો હતો.

### 2.4.2.2 પ્રતિબધ્ધ ખર્ચ

રાજ્ય સરકારના મહેસૂલના હિસાબે પ્રતિબધ્ધ ખર્ચમાં વ્યાજની ચૂકવણી, પગાર અને વેતન પરનો ખર્ચ અને પેન્શનનો સમાવેશ થાય છે. સરકારના સ્રોતો પર તેનો પ્રથમ દાવો હોય છે. પ્રતિબધ્ધ ખર્ચમાં વધારાના વલણથી સરકાર પાસે વિકાસ ક્ષેત્ર માટે લવચીકતા ઓછી રહે છે.

**કોઠો 2.22** પ્રતિબધ્ધ ખર્ચ અને તેના ઘટકોના 2016-21 દરમિયાનના વલણ રજૂ કરે છે.

કોઠો **2.22**: પ્રતિબધ્ધ ખર્ચ અને તેના ઘટકોના વલણ


(₹ કરોડમાં)

| પ્રતિબધ્ધ ખર્ચના ઘટકો | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 |
|---|---|---|---|---|---|
| પગાર અને વેતન | 9,050 | 10,832 | 11,448 | 11,301 | 11,895 |
| પગાર અને ભથ્થા માટે પંચાયતોને સહાયક અનુદાન | 8,559 | 10,302 | 11,821 | 12,235 | 13,151 |
| વ્યાજની ચૂકવણીઓ | 17,797 | 18,954 | 20,183 | 22,449 | 24,203 |
| પેન્શન | 11,303 | 13,979 | 18,295 | 17,663 | 18,570 |
| **કુલ પ્રતિબધ્ધ ખર્ચ** | **46,709** | **54,067** | **61,747** | **63,648** | **67,819** |
| **મહેસૂલી આવકની ટકાવારી રૂપે** | | | | | |
| **મહેસૂલી આવક** | **1,09,842** | **1,23,291** | **1,36,002** | **1,42,844** | **1,28,156** |
| પગાર અને વેતન | 8.24 | 8.79 | 8.42 | 7.91 | 9.28 |
| પગાર અને ભથ્થા માટે પંચાયતોને સહાયક અનુદાન | 7.79 | 8.36 | 8.69 | 8.57 | 10.26 |

| પ્રતિબધ્ધ ખર્ચના ઘટકો | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 |
|---|---|---|---|---|---|
| **વ્યાજની ચૂકવણી** | 16.21 | 15.37 | 14.84 | 15.72 | 18.89 |
| **પેન્શન** | 10.29 | 11.34 | 13.45 | 12.37 | 14.49 |
| **કુલ** | **42.52** | **43.85** | **45.40** | **44.56** | **52.92** |
| **મહેસૂલી ખર્ચની ટકાવારી રૂપે** | | | | | |
| **મહેસૂલી ખર્ચ** | **1,03,895** | **1,18,060** | **1,32,790** | **1,40,899** | **1,50,704** |
| પગાર અને વેતન | 8.71 | 9.17 | 8.62 | 8.02 | 7.89 |
| પગાર અને ભથ્થા માટે પંચાયતોને સહાયક અનુદાન | 8.24 | 8.73 | 8.90 | 8.68 | 8.73 |
| **વ્યાજની ચૂકવણી** | 17.13 | 16.05 | 15.20 | 15.93 | 16.06 |
| **પેન્શન** | 10.88 | 11.84 | 13.78 | 12.54 | 12.32 |
| **કુલ** | **44.96** | **45.80** | **46.50** | **45.17** | **45.00** |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

આલેખ 2.15: કુલ મહેસૂલી ખર્ચમાં પ્રતિબધ્ધ ખર્ચનો હિસ્સો (ટકામાં)




મહેસૂલી ખર્ચની ટકાવારી રૂપે, 2016-21 દરમિયાન પ્રતિબધ્ધ ખર્ચ 45થી 47 ટકાની આસપાસ રહ્યો હતો. 2016-17માં 44.96 ટકાથી 2018-19માં 46.50 ટકા થયો તે શરૂઆતના વધારા બાદ તેમાં નજીવો ઘડાડો થઇને 2019-20માં 45.17 ટકા થયો હતો અને વધુ ઘટીને 2020-21માં 45 ટકા થયો હતો. મહેસૂલી આવકની ટકાવારી રૂપે, પ્રતિબધ્ધ ખર્ચ 2016-17માં 42.52 ટકા હતો તે વધીને 2020-21માં 52.92 ટકા થયો હતો. કુલ મહેસૂલી ખર્ચમાં બિન-પ્રતિબધ્ધ મહેસૂલી ખર્ચના હિસ્સામાં 2019-20ની તુલનાએ 2020-21માં 0.17 ટકા જેવો નજીવો વધારો થયો હતો.

પ્રતિબધ્ધ ખર્ચના ઘટકોની ચર્ચા હવે પછીના ફકરાઓમાં કરવામાં આવી છે.

### *પગાર અને વેતન*

પગાર અને વેતનનો ખર્ચ 2016-17માં ₹ 9,050 કરોડ હતો તેમાં ₹ 2,845 કરોડનો (31 ટકા) વધારો થઈને 2020-21માં ₹ 11,895 કરોડ થયો હતો (મધ્યમ ગાળાના રાજકોષીય નીતિવિષયક નિવેદનમાં કરવામાં આવેલા ₹ 13,612 કરોડના અનુમાનની સામે). 2020-21 દરમિયાન તે મહેસૂલી આવકના 9.28 ટકા અને મહેસૂલી ખર્ચના 7.89 ટકાના હિસાબે હતો.

### *પગાર અને ભથ્થા માટે પંચાયતોને સહાયક અનુદાન*

પગાર અને ભથ્થા માટે પંચાયતોને સહાયક અનુદાન 2016-17માં ₹ 8,559 કરોડ હતું તે ₹ 4,592 કરોડ (54 ટકા) વધીને 2020-21માં ₹ 13,151 કરોડ થયું હતું. મહેસૂલી આવકની ટકાવારી રૂપે સહાયક અનુદાન 2016-17ના 7.79 ટકાથી સહેજ વધીને 2020-21માં 10.26 ટકા થયું હતું. 2020-21 દરમિયાનના મહેસૂલી ખર્ચના તે 8.73 ટકા હતું.

### *વ્યાજની ચૂકવણી*

વ્યાજની ચૂકવણી 2016-17માં ₹ 17,797 કરોડ હતી તે 2020-21માં વધીને ₹ 24,203 કરોડ થઇ હતી. બજારની લોન પર ₹ 2,167 કરોડની વધારાની વ્યાજની જવાબદારીના કારણે પાછલા વર્ષની તુલનાએ 2020-21માં વ્યાજની જવાબદારીમાં 7.81 ટકાનો વધારો થયો હતો. 2020-21 દરમિયાન, બજારની લોન પર વ્યાજની ચૂકવણી કુલ વ્યાજની ચૂકવણીના 71.99 ટકા રહી હતી જ્યારે રાષ્ટ્રીય નાની બચત ભંડોળને જારી કરેલી વિશેષ બાંયધરીઓ પર વ્યાજની ચૂકવણીઓ કુલ વ્યાજની ચૂકવણીઓના 14.24 ટકા હતી. મહેસૂલી આવકની ટકાવારી રૂપે વ્યાજની ચૂકવણીઓ પરનો ખર્ચ 2019-20માં 15.72 ટકા હતો તે 2020-21માં વધીને 18.89 ટકા થયો હતો. ઉપરાંત, મહેસૂલી ખર્ચમાં વ્યાજની ચૂકવણીનો હિસ્સો 2019-20માં 15.93 ટકા હતો તે વધીને 2020-21માં 16.06 ટકા થયો હતો.

### *પેન્શનની ચૂકવણીઓ*

ગુજરાત રાજ્યમાં 4.84 લાખ પેન્શનરો[14] હતા (ફેબ્રુઆરી 2020). વર્ષ 2019-20 સિવાય પેન્શન પરનો ખર્ચ 2016-21 દરમિયાન સતત વધ્યો હતો.

રાજ્ય સરકારે ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 હેઠળ કરેલી (ફેબ્રુઆરી 2020) તેની જાહેરાતોમાં પેન્શનની ચૂકવણીઓ મહેસૂલી આવકના 11.55 ટકા થવાનું અનુમાન કર્યું હતું. જો કે, 2020-21માં તે 14.49 ટકા જેટલી ઉંચી રહી હતી.

---

14 ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 હેઠળ રાજકોષીય નીતિવિષયક વ્યૂહાત્મક નિવેદન મુજબ 2020-21 (ફેબ્રુઆરી 2020) માટે રાજ્યમાં 4.84 લાખ પેન્શનરો હતાં. આ ગુજરાત સરકાર અને સહાયિત સંસ્થાઓના પેન્શનરો છે અને તેમાં સામાજીક સુરક્ષા પેન્શનરો સામેલ નથી.

### *રાષ્ટ્રીય પેન્શન યોજના હેઠળ પૂર્ણ ન થયેલી જવાબદારીઓ*

રાજ્ય સરકારે 01 એપ્રિલ 2005ની અસરથી 'નિર્ધારિત ફાળા પેન્શન યોજના' (રાષ્ટ્રીય પેન્શન યોજના) દાખલ કરી હતી. યોજનાની માર્ગદર્શિકા મુજબ, કર્મચારી દર મહિને તેના મૂળ પગાર અને મોંઘવારી ભથ્થાના 10 ટકા ફાળો આપે છે જેમાં રાજ્ય સરકાર દ્વારા મેળ ખાતી રકમ જમા કરવામાં આવે છે અને પૂરેપૂરી રકમ નેશનલ સીક્યુરીટીઝ ડિપોઝીટરી લિમિટેડને (NSDL)/ટ્રસ્ટી બેંક મારફત નિયુક્ત ભંડોળ સંચાલકને તબદીલ કરવામાં આવે છે. રાજ્ય સરકારે યોજનાના ભંડોળના વ્યવસ્થાપન માટે રાષ્ટ્રીય પેન્શન યોજના ટ્રસ્ટ (NPS Trust) સાથે કરાર પર સહીસિક્કા કર્યા હતાં (જાન્યુઆરી 2009) અને યોજનાના અમલીકરણ માટે કેન્દ્રીય માળખુ અપનાવ્યું હતું (મે 2009).

કર્મચારીનો ફાળો અને રાજ્યનો હિસ્સો જાહેર હિસાબમાં[15] જમા કરવામાં આવે છે અને ત્યારબાદ નેશનલ સીક્યુરીટીઝ ડિપોઝીટરી લિમિટેડને તબદીલ કરવામાં આવે છે. વર્ષ 2020-21 દરમિયાન, રાજ્ય સરકારે કર્મચારીઓ પાસેથી રાષ્ટ્રીય પેન્શન યોજનાના ફાળા તરીકે ₹ 990.76 કરોડ એકઠા કર્યા હતાં અને ₹ 976.61 કરોડ યોજનામાં તેના ફાળા તરીકે જમા કર્યા હતાં. વધુમાં, ₹ 1,988.00 કરોડના (અગાઉના વર્ષની ₹ 20.63 કરોડની સિલક સહિત) એકઠા કરેલા ભંડોળની સામે રાજ્ય સરકારે ₹ 1,941.03 કરોડ નેશનલ સીક્યુરીટીઝ ડિપોઝીટરી લિમિટેડને તબદીલ કર્યા હતાં અને ₹ 46.97 કરોડની સિલક બાકી રહી હતી. 2019-20ના સમયગાળા માટેના ₹ 46.97 કરોડની પૂરેપૂરી સિલક 13 એપ્રિલ 2021ના રોજ નેશનલ સીક્યુરીટીઝ ડિપોઝીટરી લિમિટેડને તબદીલ કરવામાં આવી હતી. 2020-21 દરમિયાન, સરકારે ભંડોળની મોડી/વિલંબિત તબદીલી માટે ભંડોળ સંચાલકને ₹ 1.30 કરોડ વ્યાજની ચૂકવણી પણ કરી હતી.

### 2.4.2.3 સહાયકી પરનો ખર્ચ

સહાયકી પરનો મહેસૂલી ખર્ચ 2019-20માં ₹ 18,420 કરોડ હતો તે 20.20 ટકા વધીને 2020-21માં ₹ 22,141 કરોડ થયો હતો. ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ; ઉદ્યોગ અને ખાણ; કૃષિ; ખેડૂત કલ્યાણ અને સહકાર; અને સામાજીક ન્યાય અને અધિકારીતા એ 2020-21 દરમિયાન સહાયકીના મુખ્ય લાભાર્થી વિભાગો હતાં.

ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગને ₹ 9,178 કરોડની (સહાયકી ઉપરના કુલ ખર્ચના 41 ટકા) સહાયકી મળી હતી જે પૈકી, ₹ 4,430 કરોડનો મોટો ભાગ ઇંધણ કિંમત અને વિદ્યુત ખરીદ સમાયોજન ખર્ચના (FPPPA) હિસાબે, ₹ 1,885 કરોડ કૃષિ ભાવદરમાં વળતર માટે અને ₹ 1,192 કરોડ ખેડૂતોને હોર્સ પાવર આધારિત ભાવદર માટે હતો.

ઉદ્યોગ અને ખાણ વિભાગમાં, ₹ 5,443 કરોડની (સહાયકી ઉપરના કુલ ખર્ચના 25 ટકા) કુલ સહાયકી પૈકી, ₹ 2,365 કરોડ ઉદ્યોગોને સહાય તરીકે અને ₹ 1,705 કરોડ વસ્ત્ર ઉદ્યોગના વિકાસ માટે આપવામાં આવ્યાં હતાં.

---

15 મુખ્ય સદર 8342-117 (અન્ય થાપણો-સરકારી કર્મચારીઓ માટે વ્યાખ્યાયિત ફાળા પેન્શન યોજના)

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગને સહાયકી તરીકે મળેલા ₹ 2,265 કરોડ (સહાયકી ઉપરના કુલ ખર્ચના 10 ટકા) પૈકી, ₹ 1,130 કરોડ વ્યાજ અંગે આર્થિક સહાય તરીકે ખેડૂતોને આપવામાં આવ્યાં હતાં.

ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમને પણ બિનકિફાયતી રૂટોના સંચાલન, વિદ્યાર્થી રાહત પાસ, વગેરેના વળતર પેટે ₹ 404 કરોડની સહાયકી આપવામાં આવી હતી.

વધુમાં, ₹ 36.38 કરોડની સહાયકી કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ હેઠળ અયોગ્ય રીતે મૂડી ખર્ચ તરીકે નોંધવામાં આવી હતી અને આથી કુલ સહાયકી વધીને ₹ 22,178 કરોડ થઇ હતી.

**કોઠો 2.23: સહાયકીના ખર્ચનું વલણ**

(₹ કરોડમાં)

| પ્રતિબધ્ધ ખર્ચના ઘટકો | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 |
|---|---|---|---|---|---|
| **સહાયકી** | 11,082 | 13,621 | 17,269 | 18,420 | 22,141 |
| **કુલ મહેસૂલી આવક** | 1,09,842 | 1,23,291 | 1,36,002 | 1,42,844 | 1,28,156 |
| **મહેસૂલી આવકની ટકાવારી રૂપે સહાયકી** | *10.09* | *11.05* | *12.70* | *12.90* | *17.28* |
| **કુલ મહેસૂલી ખર્ચ** | 1,03,895 | 1,18,060 | 1,32,790 | 1,40,899 | 1,50,704 |
| **મહેસૂલી ખર્ચની ટકાવારી રૂપે સહાયકી** | *10.67* | *11.54* | *13.00* | *13.07* | *14.69* |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

### 2.4.2.4 રાજ્ય સરકાર દ્વારા સ્થાનિક સ્વરાજ અને અન્ય સંસ્થાઓને નાણાકીય સહાય

રાજ્ય સરકાર દ્વારા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓને પગાર અને ભથ્થા, અન્ય પરચુરણ ખર્ચને પહોંચી વળવા અને મૂડીગત અસ્ક્યામતો ઉભી કરવા માટે સહાયક અનુદાન દ્વારા નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે.

**કોઠો 2.24: સ્થાનિક સ્વરાજ સંસ્થાઓને નાણાકીય સહાયનું વલણ**

(₹ કરોડમાં)

| સંસ્થાઓને નાણાકીય સહાય | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 |
|---|---|---|---|---|---|
| પંચાયતી રાજ સંસ્થાઓ | 16,124 | 19,686 | 19,645 | 22,034 | 24,323 |
| શહેરી સ્થાનિક સંસ્થાઓ | 7,336 | 7,791 | 8,747 | 9,345 | 8,719 |
| જાહેર ક્ષેત્રના ઉપક્રમો | 77 | 74 | 79 | 84 | 95 |
| સ્વાયત્ત સંસ્થાઓ | 4,720 | 5,308 | 6,388 | 6,259 | 6,211 |
| બિન-સરકારી સંગઠનો | 990 | 1,091 | 1,096 | 1,197 | 1,597 |
| અન્ય | 18,808 | 20,857 | 23,656 | 25,343 | 23,692 |
| **કુલ** | **48,055** | **54,807** | **59,611** | **64,262** | **64,637** |
| મહેસૂલી ખર્ચ | 1,03,895 | 1,18,060 | 1,32,790 | 1,40,899 | 1,50,704 |
| મહેસૂલી ખર્ચની ટકાવારી રૂપે સહાય | 46.25 | 46.42 | 44.89 | 45.61 | 42.89 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

ઉપરના કોઠામાંથી જોઇ શકાય છે એ મુજબ, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને નાણાકીય સહાય પાંચ વર્ષના સમયગાળા દરમિયાન સતત વધીને 2016-17માં ₹ 48,055 કરોડ હતી તે 2020-21માં ₹ 64,637 કરોડ થઇ હતી.

રાજ્ય સરકારને ભારત સરકાર તરફથી આગળ પંચાયતી રાજ સંસ્થાઓ અને શહેરી સ્થાનિક સંસ્થાઓને પ્રેષણ હેતુ અનુક્રમે ₹ 3,195 કરોડ અને ₹ 1,153 કરોડની રકમ નાણાપંચના અનુદાનના રૂપમાં મળી હતી. આમાંથી, રાજ્ય સરકારે પંચાયતી રાજ સંસ્થાઓને ₹ 3,178.87 કરોડ અને શહેરી સ્થાનિક સંસ્થાઓને ₹ 826.19 કરોડ છુટા કર્યા હતાં. વધુમાં, પંચાયતી રાજ સંસ્થાઓને ₹ 2,283.82 કરોડ કેન્દ્રીય સહાયના રૂપે મળ્યા હતાં. વધુમાં, 2020-21 દરમિયાન રાજ્ય સરકારે રાજ્ય ખર્ચ ભંડોળમાંથી સહાયક અનુદાન રૂપે પંચાયતી રાજ સંસ્થાઓને ₹ 18,860.17 કરોડની નાણાકીય સહાય અને શહેરી સ્થાનિક સંસ્થાઓને ₹ 7,892.91 કરોડ આપ્યા હતાં.

વધુમાં, 'અન્ય' વર્ગમાં આવતી અનુદાન મેળવનાર સંસ્થાઓને છેલ્લા પાંચ વર્ષોમાં (2016-21) રાજ્ય સરકાર તરફથી નોંધપાત્ર નાણાકીય સહાય (લગભગ 39 ટકા) મળી હતી. આમ છતાં, અનુદાન મેળવનાર સંસ્થાઓનું અનુદાન છુટુ કરનાર રાજ્ય સરકારના સંબંધિત વિભાગ પાસે ઉભી કરવામાં આવેલી અસ્કયામતોની વિગતોની ગેરહાજરીમાં સામૂહિક રીતે આની 'અન્ય' વર્ગમાં નોંધ કરવી એ ચિંતાનો વિષય છે કારણ કે તે આવા વ્યવહારોને અસ્પષ્ટ બનાવે છે. આ સંદર્ભમાં, ઑડિટના અવલોકનો ફકરો 4.4.1 (પ્રકરણ 4) જોઇ લેવા વિનંતી.

### 2.4.3 મૂડી ખર્ચ

જમીન, મકાન, મશીનરી, સાધનસામગ્રી જેવી અસ્કયામતો સંપાદિત કરવા માટે તેમજ શેરમાં કરેલા રોકાણ પર ખર્ચેલા નાણા એ મૂડી ખર્ચ છે. એકંદર મૂડી ખર્ચ, પાછલા વર્ષ સામે તેની વૃધ્ધિ અને છેલ્લા પાંચ વર્ષો (2016-21) દરમિયાન રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની સામે તેની ટકાવારી કોઠા 2.25માં દર્શાવ્યા છે.

**કોઠો 2.25: 2016-21 દરમિયાન મૂડી ખર્ચનું વલણ**

| | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 |
|---|---|---|---|---|---|
| કુલ ખર્ચ (₹ કરોડમાં) | 1,26,728 | 1,45,004 | 1,62,583 | 1,67,861 | 1,78,718 |
| **મૂડી ખર્ચ (₹ કરોડમાં)** | **22,355** | **26,313** | **28,062** | **25,650** | **26,781** |
| પાછલા વર્ષની તુલનાએ મૂડી ખર્ચની વૃધ્ધિ (ટકા) | (-)7.51 | 17.71 | 6.65 | (-)8.60 | 4.41 |
| મૂડી ખર્ચ/કુલ ખર્ચ (ટકા) | 17.64 | 18.15 | 17.26 | 15.28 | 14.99 |
| મૂડી ખર્ચ/રાજ્યનું એકંદર ઘરેલું ઉત્પાદન (ટકા) | 1.92 | 1.98 | 1.87 | 1.56 | 1.61 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.


મૂડી ખર્ચ 2016-17માં ₹ 22,355 કરોડ હતો તે વધીને 2020-21માં ₹ 26,781 કરોડ થયો હતો. ₹ 26,781 કરોડના 2020-21 દરમિયાન કરવામાં આવેલા કુલ મૂડી ખર્ચ પૈકી, ₹ 5,811 કરોડ (22 ટકા) સિંચાઇ યોજનાઓ (મોટી, મધ્યમ અને નાની) પર અને ત્યારબાદ ₹ 5,452 કરોડ (20

ટકા) માર્ગો અને પુલો પર, ₹ 3,888 કરોડ (15 ટકા) પાણી પુરવઠો અને સ્વચ્છતા, અને ₹ 3,172 કરોડ (12 ટકા) ઉર્જા યોજનાઓ પર ખર્ચવામાં આવ્યાં હતાં.

પાછલા વર્ષની તુલનાએ 2020-21 દરમિયાન મૂડી ખર્ચમાં ₹ 1,131 કરોડ જેટલો વધારો મુખ્યત્વે માર્ગો અને પુલો પર ₹ 2,123 કરોડ, પેટ્રોકેમીકલ ઉદ્યોગ પર ₹ 1,037 કરોડ, પાણી પુરવઠો અને સ્વચ્છતા પર ₹ 651 કરોડ, શહેરી વિકાસ પર ₹ 499 કરોડ જેટલો ખર્ચમાં થયેલો વધારો, મધ્યમ સિંચાઇ પર ₹ 1,441 કરોડ, મોટી સિંચાઇ પર ₹ 1,310 કરોડ અને ગ્રામ વિકાસ કાર્યક્રમ પર ₹ 363 કરોડના ખર્ચમાં ઘટાડા દ્વારા સરભર થવાના હિસાબે થયો હતો.

છેલ્લા પાંચ વર્ષના સમયગાળા (2016-21) દરમિયાન કોઇ પણ વર્ષમાં રાજ્ય સરકાર મૂડી ખર્ચ માટેની અંદાજપત્રીય ફાળવણી જેટલો ખર્ચ કરી શકી ન હતી. 2016-21 દરમયાન અંદાજપત્રીય ફાળવણીની સામે ખરેખર મૂડી ખર્ચનું વલણ **આલેખ 2.16**માં આપ્યું છે.

**આલેખ 2.16: 2016-21 દરમિયાન અંદાજપત્રીય ફાળવણીની સામે મૂડી ખર્ચનુ વલણ**




### 2.4.3.1 મૂડી ખર્ચમાં મોટા ફેરફારો

કોઠો **2.26**, 2019-20 અને 2020-21 દરમિયાન રાજ્યના મૂડી ખર્ચની બાબતમાં જુદા જુદા હિસાબી સદરો હેઠળના નોંધપાત્ર ફેરફારોના મુખ્ય અંશો રજૂ કરે છે.

**કોઠો 2.26: 2019-20ની સરખામણીએ 2020-21 દરમિયાન મૂડી ખર્ચ**

(₹ કરોડમાં)

| હિસાબોના મુખ્ય સદરો | 2019-20 | 2020-21 | ફેરફાર | ફેરફાર (ટકાવારી) |
|---|---|---|---|---|
| 5054- માર્ગ અને પુલો પર મૂડી જોગવાઇ | 3,328.67 | 5,451.70 | 2,123.03 | 63.78 |
| 4856-પેટ્રોકેમીકલ્સ ઉદ્યોગ પર મૂડી જોગવાઇ | 50.00 | 1,087.50 | 1,037.50 | 2,075.00 |
| 4215-પાણી પુરવઠો અને સ્વચ્છતા પર મૂડી જોગવાઇ | 3,236.52 | 3,887.74 | 651.22 | 20.12 |
| 4217-શહેરી વિકાસ પર મૂડી જોગવાઇ | 213.89 | 712.61 | 498.72 | 233.17 |

| હિસાબોના મુખ્ય સદરો | 2019-20 | 2020-21 | ફેરફાર | ફેરફાર (ટકાવારી) |
|---|---|---|---|---|
| 4810- નવી અને પુનઃપ્રાપ્ય ઉર્જા પર મૂડી જોગવાઇ | 10.00 | 350.00 | 340.00 | 3,400.00 |
| 5452-પ્રવાસન પર મૂડી જોગવાઇ | 483.05 | 812.80 | 329.75 | 68.26 |
| 5055- માર્ગ પરિવહન પર મૂડી જોગવાઇ | 259.92 | 469.00 | 209.08 | 80.44 |
| 4250- અન્ય સામાજીક સેવાઓ પર મૂડી જોગવાઇ | 216.24 | 420.24 | 204.00 | 94.34 |
| 4216- આવાસન પર મૂડી જોગવાઇ | 569.37 | 468.49 | (-)100.88 | (-)17.72 |
| 4055- પોલીસ પર મૂડી જોગવાઇ | 370.85 | 228.49 | (-)142.36 | (-)38.39 |
| 4801-ઉર્જા યોજનાઓ પર મૂડી જોગવાઇ | 3,399.46 | 3,172.22 | (-)227.24 | (-)6.68 |
| 5053-નાગરિક ઉડ્ડયન પર મૂડી જોગવાઇ | 378.44 | 53.28 | (-)325.16 | (-)85.92 |
| 4210- તબીબી અને જાહેર આરોગ્ય પર મૂડી જોગવાઇ | 1,057.38 | 721.39 | (-)335.99 | (-)31.78 |
| 4515- અન્ય ગ્રામ વિકાસ કાર્યક્રમો પર મૂડી જોગવાઇ | 1,297.89 | 934.75 | (-)363.14 | (-)27.98 |
| 4700- મોટી સિંચાઇ પર મૂડી જોગવાઇ | 3,423.94 | 2,114.07 | (-)1,309.87 | (-)38.26 |
| 4701- મધ્યમ સિંચાઇ પર મૂડી જોગવાઇ | 3,603.21 | 2,162.05 | (-)1,441.16 | (-)40.00 |

સ્રોતઃ સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

મૂડી ખર્ચમાં વધારો મુખ્યત્વે માર્ગો અને પુલો પર મૂડી જોગવાઇ હેઠળ ₹ 2,123.03 કરોડ અને પેટ્રોકેમીકલ ઉદ્યોગ પર મૂડી જોગવાઇ હેઠળ ₹ 1,037.50 કરોડના વધારાના કારણે થયો હતો.

### 2.4.3.2 રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં મૂડીરોકાણ

રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં રાજ્ય સરકારની કંપનીઓ અને વૈધાનિક નિગમોનો સમાવેશ થાય છે. 31 માર્ચ 2021ના અંતે રાજ્યમાં 97 સરકારી કંપનીઓ અને વૈધાનિક નિગમો હતાં. આમાં 64 સરકારી કંપનીઓ, 29 સરકારના નિયંત્રણ હેઠળની અન્ય કંપનીઓ અને ચાર વૈધાનિક નિગમોનો સમાવેશ થાય છે.

કંપની અધિનિયમ, 2013ની કલમ 2(45)માં સરકારી કંપની એ પદની કરવામાં આવેલી વ્યાખ્યા મુજબ એવી કંપની જેમાં ભરપાઇ થયેલી મૂડીના એકાવન ટકાથી ઓછી નહીં એટલી શેર મૂડી કેન્દ્ર સરકાર અથવા કોઈપણ રાજ્ય સરકાર અથવા સરકારો, અથવા અંશતઃ કેન્દ્ર સરકાર અને અંશતઃ એક અથવા વધુ રાજ્ય સરકારો દ્વારા ધરાવવામાં આવી હોય અને એવી કંપની સામેલ છે, જે સરકારી કંપનીની પેટા કંપની હોય.

ઉપરાંત, એવી અન્ય કંપનીઓ જે કેન્દ્ર સરકાર, અથવા કોઇ પણ રાજ્ય સરકાર અથવા સરકારો દ્વારા, અથવા અંશતઃ કેન્દ્ર સરકાર અને અંશતઃ એક અથવા વધુ રાજ્ય સરકારોની માલિકીની હોય અથવા પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે તેના દ્વારા નિયંત્રિત હોય તે સરકાર દ્વારા નિયંત્રિત અન્ય કંપનીઓ તરીકે ઓળખાય છે.

31 માર્ચ 2021ના અંતે 97 સરકારી કંપનીઓ અને નિગમોમાં કરવામાં આવેલા મૂડીરોકાણનું (શેર મૂડી અને લાંબી મુદતની લોનોની રીતે) પ્રમાણ **કોઠા 2.27**માં દર્શાવ્યા મુજબ હતું.

**કોઠો 2.27: સરકારી કંપનીઓ અને નિગમોમાં શેર મૂડી અને લોન**

(₹ કરોડમાં)


| મૂડીરોકાણનો સ્રોત | 31 માર્ચ 2020ના રોજ | | | 31 માર્ચ 2021ના રોજ | | |
|---|---|---|---|---|---|---|
| | શેર મૂડી | લાંબી મુદતની લોન | કુલ | શેર મૂડી | લાંબી મુદતની લોન | કુલ |
| રાજ્ય સરકાર | 97,563.66 | 8,170.96 | 1,05,734.62 | 1,02,020.85 | 8,371.55 | 1,10,392.40 |
| કેન્દ્ર સરકાર | 3,509.61 | 3,940.61 | 7,450.22 | 4,108.10 | 4,838.96 | 8,947.06 |
| નાણાકીય સંસ્થાઓ અને અન્ય | 17,695.60 | 31,808.25 | 49,503.85 | 18,692.34 | 26,798.64 | 45,490.98 |
| **કુલ મૂડીરોકાણ** | **1,18,768.87** | **43,919.82** | **1,62,688.69** | **1,24,821.29** | **40,009.15** | **1,64,830.44** |
| કુલ રોકાણની સામે રાજ્ય સરકારના મૂડીરોકાણની ટકાવારી | 82.15 | 18.60 | 64.99 | 81.73 | 20.92 | 66.97 |

સ્રોત: રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો તરફથી મળેલી માહિતીના આધારે સંકલિત.

જોઇ શકાય છે એ મુજબ, રાજ્યના જાહેર ક્ષેત્રના 97 ઉપક્રમોમાં કુલ શેર મૂડી મૂડીરોકાણે 2020-21માં ₹ 6,052.42 કરોડનો ચોખ્ખો વધારો નોંધાવ્યો હતો. આ ચોખ્ખો વધારો મહદ્અંશે 2020-21 દરમિયાન રાજ્યના જાહેર ક્ષેત્રના નવ ઉપક્રમોમાં ₹ 4,431.53 કરોડના વધારાના મૂડીરોકાણના કારણે થયો હતો.

છેલ્લા ત્રણ વર્ષ (2018-21) દરમિયાન રાજ્ય સરકાર અને અન્યો દ્વારા સરકારી કંપનીઓ અને નિગમોની શેર મૂડીમાં રોકાણ **આલેખ 2.17**માં દર્શાવ્યું છે.

**આલેખ 2.17:** સરકારી કંપનીઓ અને નિગમોમાં શેર મૂડીમાં મૂડીરોકાણ




2020-21 દરમિયાન રાજ્ય સરકાર દ્વારા રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની ભરપાઇ થયેલી શેર મૂડીમાં કરવામા આવેલા નોંધપાત્ર (₹ 200 કરોડથી વધુનું રોકાણ) રોકાણોની વિગતો **કોઠા 2.28**માં આપી છે.

**કોઠો 2.28: રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા નોંધપાત્ર રોકાણો**

(₹ કરોડમાં)

| રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોના નામ | વિભાગનું નામ | રકમ |
|---|---|---|
| **સરકારી કંપનીઓ** | | |
| ગુજરાત મેટ્રો રેલ નિગમ લિમિટેડ | શહેરી વિકાસ અને શહેરી આવાસન | 302.00 |
| ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ | ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ | 3,326.37 |
| ધોલેરા ઔદ્યોગિક શહેરી વિકાસ લિમિટેડ | ઉદ્યોગ અને ખાણ | 579.12 |

સ્રોત:રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો તરફથી મળેલી માહિતીના આધારે સંકલિત.

રાજ્યના જાહેર ક્ષેત્રના 97 ઉપક્રમો પૈકી, રાજ્યના જાહેર ક્ષેત્રના 51 ઉપક્રમોની (બે વૈધાનિક નિગમો[16] સહિત) કોઇ લાંબી મુદતની લોન બાકી ન હતી.

31 માર્ચ 2021ની સ્થિતિએ રાજ્યના જાહેર ક્ષેત્રના 46 ઉપક્રમો સામે તમામ સ્રોતોમાંથી કુલ લાંબી મુદતની બાકી લોનો ₹ 40,009.15 કરોડ હતી. 31 માર્ચ 2020ની સરખામણીએ, 31 માર્ચ 2021ની સ્થિતિએ તમામ સ્રોતોમાંથી લાંબી મુદતની લોનો ₹ 3,910.67 કરોડ જેટલી ઘટી હતી. રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની કુલ લોન (₹ 40,009.15 કરોડ) પૈકી, 31 માર્ચ 2020ના રોજ, કેન્દ્ર સરકાર તરફથી લોન ₹ 4,838.96 કરોડ હતી.

### 2.4.3.3 રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોને અંદાજપત્રીય સહાય

રાજ્ય સરકાર રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોને વાર્ષિક અંદાજપત્ર દ્વારા જુદા જુદા સ્વરૂપે નાણાકીય સહાય પુરી પાડે છે. 31 માર્ચ 2021 અંતિત છેલ્લા ત્રણ વર્ષો માટે રાજ્યના જાહેર ક્ષેત્રના સક્રિય ઉપક્રમોની બાબતમાં શેર મૂડી, લોન, અનુદાન/સહાય, જારી કરેલી બાયંધરીઓ અને વચનબધ્ધ બાકી બાયંધરીની અંદાજપત્રીય જાવકની વિગતોનો સારાંશ **કોઠા 2.29**માં આપ્યો છે.

**કોઠો 2.29: છેલ્લા ત્રણ વર્ષો દરમિયાન જાહેર ઉપક્રમોને અંદાજપત્રીય સહાયની વિગતો**

(₹ કરોડમાં)

| ક્રમાંક | વિગતો | 2018-19 | | 2019-20 | | 2020-21 | |
|---|---|---|---|---|---|---|---|
| | | SPSUs ની સંખ્યા | રકમ | SPSUs ની સંખ્યા | રકમ | SPSUs ની સંખ્યા | રકમ |
| 1. | અંદાજપત્રમાંથી શેર મૂડીની જાવક | 12 | 6,826.14 | 10 | 7,275.23 | 9 | 4,431.53 |
| 2. | અંદાજપત્રમાંથી આપેલી લોન | 7 | 1,109.70 | 5 | 889.94 | 7 | 161.56 |
| 3. | અંદાજપત્રમાંથી અનુદાન/સહાય | 27 | 10,614.50 | 27 | 5,498.32 | 14 | 2,288.13 |
| **4.** | **કુલ જાવક (1+2+3)** | - | **18,550.34** | - | **13,663.49** | | **6,881.22** |

[16] ગુજરાત રાજ્ય વખાર નિગમ અને ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ.

| ક્રમાંક | વિગતો | 2018-19 | | 2019-20 | | 2020-21 | |
|---|---|---|---|---|---|---|---|
| | | SPSUs ની સંખ્યા | રકમ | SPSUs ની સંખ્યા | રકમ | SPSUs ની સંખ્યા | રકમ |
| 5. | વર્ષ દરમિયાન જારી કરેલી બાયંધરીઓ | 2 | 57.32 | - | - | - | - |
| 6. | વર્ષના અંતે બાકી વચનબધ્ધ બાયંધરીઓ | 4 | 75.03 | 3 | 69.33 | 2 | 37.85 |

**સ્રોત:** રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો તરફથી મળેલી માહિતી પરથી સંકલિત

છેલ્લા પાંચ વર્ષો માટે શેર મૂડી, લોન, અનુદાન/સહાય રૂપે અંદાજપત્રીય જાવક **આલેખ 2.18**માં દર્શાવી છે.

**આલેખ 2.18: શેર મૂડી, લોન, અનુદાન/સહાય રૂપે અંદાજપત્રીય જાવક**




એ જોઈ શકાય છે કે, રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોને અંદાજપત્રીય સહાય 2016-17માં ₹ 17,187.63 કરોડ હતી તે ઘટીને 2020-21માં ₹ 6,881.22 કરોડ થઇ હતી. 2020-21 દરમિયાન પૂરી પાડેલી ₹ 6,881.22 કરોડની અંદાજપત્રીય સહાયમાં ₹ 161.56 કરોડ, ₹ 2,288.13 કરોડ અને ₹ 4,431.53 કરોડની અનુક્રમે લોન, અનુદાન/સહાય અને શેર મૂડી સામેલ હતાં. મૂડીગત અસ્ક્યામતોનું સંપાદન કરવા માટે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડનેં અંદાજપત્રીય જાવકમાંથી શેર મૂડી ભંડોળનો મોટો હિસ્સો (₹ 3,326.37 કરોડ) મળ્યો હતો.

બેંકો અને નાણાકીય સંસ્થાઓ પાસેથી રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોને નાણાકીય સહાય મળે તે માટે સક્ષમ કરવા માટે રાજ્ય સરકાર, ગુજરાત રાજ્ય બાંયધરી અધિનિયમ, 1963 હેઠળ બાયંધરી પૂરી પાડે છે. ભારતમાં આવી બાયંધરીઓ બંધારણ દ્વારા નિયત મર્યાદાઓને અધિન આપવામાં આવે છે, જેના માટે બાંયધરી ફી વસૂલ કરવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા નક્કી કર્યા (31 ડિસેમ્બર 1988) મુજબ આ ફી વાર્ષિક 0.25થી એક ટકા વચ્ચે હોય છે. સ્વીકારેલી બાયંધરી 2019-20માં ₹ 69.33 કરોડ હતી તે ઘટીને 2020-21માં ₹ 37.85 કરોડ થઇ હતી.

### 2.4.3.4 મૂડી ખર્ચની ગુણવત્તા

જો રાજ્ય સરકાર નુકસાન કરતી સરકારી કંપનીઓ જેના ચોખ્ખા મૂલ્યનું સંપૂર્ણ ધોવાણ થઇ ગયું હોય તેમાં મૂડીરોકાણ કરવાનું ચાલુ રાખે તો મૂડીરોકાણ પર વળતર મેળવવાની તકો નહીવત થઇ જાય છે. એજ રીતે, નુકસાન કરતા નિગમો અને અન્ય સંસ્થાઓ જેવી કે ખાંડ મિલો, નાણાકીય નિગમો, વગેરેને આપવામાં આવેલી લોન માંડી વાળવાની અનિવાર્યતા અનુભવે દેખાડી છે. આવી નાણાકીય કામગીરીમાં પારદર્શિતા જાળવવા માટે જરૂરી પગલા લેવાની આવશ્યકતા છે.

આ અનુભાગ ચાલુ વર્ષ દરમિયાન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા મૂડીરોકાણ અને અન્ય મૂડી ખર્ચનું વિશ્લેષણ રજૂ કરે છે.

#### *કંપનીઓ, નિગમો અને અન્ય સંસ્થાઓમાં કરવામાં આવેલા મૂડીરોકાણની ગુણવત્તા*

રાજ્ય સરકારના વાર્ષિક નાણાકીય હિસાબોનું પત્રક નં. 19, વૈધાનિક નિગમો, સરકારી કંપનીઓ, ગ્રામિણ બેંકો, જોઇન્ટ સ્ટોક કંપનીઓ, સહકારી સંસ્થાઓ અને સ્થાનિક સંસ્થાઓમાં રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા મૂડીરોકાણની વિગતો સમાવે છે. 31 માર્ચ 2021ની સ્થિતિએ રાજ્ય સરકારે આ કંપનીઓ/નિગમો/સંસ્થાઓમાં ₹ 1,07,518 કરોડનું રોકાણ કર્યુ હતું **(કોઠો 2.30).**

**કોઠો 2.30: મૂડીરોકાણ પર વળતરનું વલણ**

(₹ કરોડમાં)

| મૂડીરોકાણ/વળતરની વિગતો | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 |
|---|---|---|---|---|---|
| વૈધાનિક નિગમો | 2,656 | 3,249 | 3,488 | 3,752 | 4,221 |
| ગ્રામીણ બેંકો | 14 | 14 | 14 | 14 | 14 |
| સરકારી કંપનીઓ | 74,730 | 82,416 | 88,865 | 95,702 | 1,02,832 |
| મહાનગર પાલિકાઓ, પોર્ટ ટ્રસ્ટો | 00 | 00 | 00 | 00 | 00 |
| સહકારી સંસ્થાઓ અને સ્થાનિક સંસ્થાઓ | 400 | 402 | 404 | 418 | 418 |
| અન્ય જોઇન્ટ સ્ટોક કંપનીઓ અને ભાગદારીઓ | 33 | 33 | 33 | 33 | 33 |
| **વર્ષના અંતે મૂડીરોકાણો** | **77,833** | **86,114** | **92,804** | **99,919** | **1,07,518** |
| મેળવેલું વળતર/ડિવિડન્ડ (₹ કરોડમાં) | 110.10 | 96.30 | 120.03 | 88.99 | 131.04 |
| મૂડીરોકાણ પર વળતર (ટકા) | 0.14 | 0.11 | 0.13 | 0.09 | 0.12 |
| સરકારના ઋણ પર વ્યાજનો સરેરાશ દર (ટકા) | 7.67 | 7.59 | 7.44 | 7.47 | 7.19 |
| સરકારના ઋણ અને વળતર પર વ્યાજના સરેરાશ દર વચ્ચે તફાવત (ટકા) | 7.53 | 7.48 | 7.31 | 7.38 | 7.07 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

**કોઠો 2.30** દર્શાવે છે કે રાજ્ય સરકારના મૂડીરોકાણમાં 2016-21 દરમિયાન ₹ 29,685 કરોડ જેટલો વધારો થયો હતો. 2020-21 દરમિયાન, રાજ્ય સરકારે અગાઉના વર્ષની તુલનાએ

₹ 7,599 કરોડનું વધારાનુ મૂડીરોકાણ કર્યું હતું જેમાં મુખ્યત્વે ₹ 7,130 કરોડનું સરકારી કંપનીઓમાં અને ₹ 469 કરોડનું વૈધાનિક નિગમોમાં કરેલુ રોકાણ સામેલ હતું. 2020-21 દરમિયાન સરકારી કંપનીઓમાં કરવામાં આવેલા ₹ 7,130 કરોડના રોકાણ પૈકી, ₹ 3,326 કરોડનું (47 ટકા) રોકાણ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડમાં, ₹ 2,117 કરોડનું (30 ટકા) સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડમાં અને ₹ 1,000 કરોડનું (14 ટકા) રોકાણ ગુજરાત રાજ્ય પેટ્રોલીયમ નિગમ કરવામાં આવ્યુ હતું.

**કોઠો 2.30** એ પણ દર્શાવે છે કે આ કંપનીઓ/નિગમો/સંસ્થાઓમાં કરવામાં આવેલા મૂડીરોકાણ પર 2020-21 દરમિયાન સરેરાશ વળતર[17] 0.12 ટકા હતું જ્યારે એ જ સમયગાળામાં સરકારે તેણે લીધેલા ઋણ પર 7.19 ટકા સરેરાશ વ્યાજ ચૂકવ્યુ હતું.

નાણાકીય હિસાબોમાં દર્શાવાયેલા અને જાહેર ઉપક્રમોના રેકર્ડ મુજબ કરેલ રોકાણની રકમો બાબતે તફાવતો હતાં. તફાવતોનું મેળવણું કરવા માટે રાજ્ય સરકારને 2020-21માં ઘણીવાર વિનંતીઓ કરવામાં આવી હતી. આમ છતાં, આ મેળવણું કરવાની બાબતમાં પગલા લેવાના બાકી છે (નવેમ્બર 2021).

નુકસાન કરતી કંપનીઓ અને જે કંપનીઓના ચોખ્ખા મૂલ્યનું સંપૂર્ણ ધોવાણ થઇ ગયું હોય તેમાં વર્ષ દરમિયાન કરવામાં આવેલું મૂડીરોકાણ **કોઠા 2.31** અને **કોઠા 2.32**માં આપવામાં આવ્યું છે.

**કોઠો 2.31: નુકસાન કરતી કંપનીઓમાં કરવામાં આવેલુ મૂડીરોકાણ**

(₹ કરોડમાં)

| ક્રમાંક | કંપની/નિગમ | 2019-20 દરમિયાન નુકસાન # | 2019-20 સુધીનુ સંચિત નુકસાન # | વર્ષ 2020-21 દરમિયાન કરવામાં આવેલુ રોકાણ * | 31 માર્ચ 2021ના રોજ એકત્રિત રોકાણ * |
|---|---|---|---|---|---|
| 1. | સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ (SSNNL) | 977.45 | 6,105.45 | 2,117.10 | 65,556.28 |
| 2. | ગુજરાત રાજ્ય પેટ્રોલીયમ નિગમ LNG લિમિટેડ | 35.26 | 55.78 | 87.50 | 437.50 |

સ્રોત: # જાહેર ઉપક્રમો દ્વારા રજૂ કરવામાં આવેલી માહિતી અને

* વર્ષ 2020-21 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબોમાંથી માહિતી

[17] તે વૈધાનિક નિગમો, સરકારી કંપનીઓ, ગ્રામિણ બેંકો, જોઇન્ટ સ્ટોક કંપનીઓ, સહકારી સંસ્થાઓ અને સ્થાનિક સંસ્થાઓમાં રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા મૂડીરોકાણ પર મેળવેલું ડિવિડન્ડ છે.

**કોઠો 2.32: ચોખ્ખા મૂલ્યનું પુરેપુરૂં ધોવાણ થઇ ગયુ હોય એવી કંપનીઓમાં કરવામાં આવેલું રોકાણ**

(₹ કરોડમાં)

| ક્રમાંક | કંપની/નિગમ | 31 માર્ચના રોજ ચોખ્ખુ મૂલ્ય (વર્ષ) # | 2020-21 દરમિયાન કરવામાં આવેલું રોકાણ * | 31 માર્ચ 2021ના રોજ એકત્રિત રોકાણ * |
|---|---|---|---|---|
| 1. | ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ (GSRTC) | (-)447.35 (2018) | 469.00 | 4,022.38 |
| 2 | ગુજરાત રાજ્ય પેટ્રોલીયમ નિગમ લિમિટેડ | (-)288.42 (2021) | 1,000.00 | 3,654.62 |
| 3 | ડાયમન્ડ રિસર્ચ એન્ડ મર્કેન્ટાઇલ સીટી કંપની લિમિટેડ | (-)281.35 (2020) | 35.00 | 75.00 |

સ્રોત: # જાહેર ઉપક્રમો દ્વારા રજૂ કરવામાં આવેલી માહિતી અને

* વર્ષ 2020-21 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબોમાંથી માહિતી

2020-21 દરમિયાન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલુ ₹ 7,598.86 કરોડનું વધારાનું મૂડીરોકાણ કુલ મૂડી ખર્ચના (₹ 26,781 કરોડ) 28.37 ટકા થતું હતું. ₹ 7,598.86 કરોડના આ વધારાના મૂડીરોકાણમાં ₹ 2,117.10 કરોડનું મૂડીરોકાણ સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ, જે 2015-16થી ખોટ કરતુ હતું તેમાં અને ₹ 469.00 કરોડનું ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ જે 1973-74થી ખોટ કરતું આવ્યું છે તેમાં હતું. સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડની એકત્રિત ખોટ 2019-20ના અંતે ₹ 6,105.45 કરોડ હતી જ્યારે ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમની એકત્રિત ખોટ 2017-18ના અંતે ₹ 3,657.09 કરોડ હતી. ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ અને ડાયમન્ડ રિસર્ચ એન્ડ મર્કેન્ટાઇલ સીટી કંપની લિમિટેડે તેના છેલ્લા સરવૈયા મુજબ નકારાત્મક ચોખ્ખુ મૂલ્ય દર્શાવ્યુ હતું.

નુકસાન કરતી કંપનીઓમાં કરવામાં આવેલા મૂડીરોકાણ પર અને કંપનીઓ જેમાં તેમના એકત્રિત નુકસાનના પરિણામે ચોખ્ખા મૂલ્યનું સંપૂર્ણ ધોવાણ થઇ ગયું હોઈ તેમાંથી વળતરની શક્યતા નહીંવત છે.

### *સરકારી કંપનીઓ/નિગમોએ કરેલો નફો*

તેંતાલીસ સરકારી કંપનીઓ/નિગમો દ્વારા 2019-20માં જાહેર કરવામાં આવેલા ₹ 2,615.20 કરોડના નફાની સામે 2020-21માં 68 પૈકી 40 સરકારી કંપનીઓ/નિગમોએ ₹ 3,845.82 કરોડનો નફો નોંધાવ્યો હતો. 40 કંપનીઓમાંથી, બે[18] કંપનીઓએ અગાઉના વર્ષે ચોખ્ખુ નુકસાન કર્યા બાદ 2020-21માં નફો જાહેર કર્યો હતો. 29 સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓ પૈકી, 16 કંપનીઓએ 2020-21માં ₹ 2,709.03 કરોડનો નફો નોંધાવ્યો હતો. 56 રાજ્યના જાહેરઉપક્રમોએ કરેલા એકંદર નફાની કમાણી ₹ 6,554.85 કરોડ હતી.

[18] ગુજરાત લઘુમતી નાણાકીય અને વિકાસ નિગમ લિમિટેડ અને ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લિમિટેડ

### સરકારી કંપનીઓ/નિગમોએ કરેલું નુકસાન

તેર સરકારી કંપનીઓ/નિગમો દ્વારા 2019-20માં જાહેર કરાયેલા ₹ 2,354.63 કરોડના નુકસાનની સામે 68 માંથી 18 સરકારી કંપનીઓ/નિગમોએ 2020-21માં ₹ 1,766.31 કરોડનું નુકસાન જાહેર કર્યું હતું. 29 સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓ પૈકી, 11 કંપનીઓએ 31 માર્ચ 2021 અંતિત વર્ષ દરમિયાન ₹ 152.38 કરોડનું નુકસાન કર્યું હતું. 2019-20 દરમિયાન, દસ સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓએ ₹ 211.49 કરોડનું નુકસાન કર્યું હતું.

આઠ સરકારી કંપનીઓ/નિગમો અને સરકાર નિયંત્રિત અન્ય બે કંપનીઓએ તેમના 2020-21માં અંતિમરૂપ અપાયેલા છેલ્લા નાણાકીય પત્રકો મુજબ કોઇ નફો કે નુકસાન જાહેર કર્યું ન હતું. બે સરકારી કંપનીઓના[19] પ્રથમ હિસાબો મળ્યા નથી.

### સરકારના મૂડીરોકાણ પર વાસ્તવિક વળતરનો દર

રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં સરકારે કરેલા માતબર મૂડીરોકાણને ધ્યાને લેતાં, રાજ્ય સરકારના પરિપ્રેક્ષ્યમાં આવા મૂડીરોકાણ વળતરનો વાસ્તવિક દર અથવા RORR મહત્વનો છે. મૂડીરોકાણ પર વળતરની પરંપરાગત ગણતરી મૂડીરોકાણની ઐતિહાસિક કિંમત પર આધારિત હોય છે, જે મૂડીરોકાણ પર વળતરની પર્યાપ્તતાનો સાચો દર્શક ન પણ હોય કારણ કે આવી ગણતરીઓ નાણાના વર્તમાન મૂલ્યને ધ્યાને લેતી નથી. આથી, વધુમાં, વળતરના વાસ્તવિક દરની ગણતરી મૂડીરોકાણની ઐતિહાસિક કિમતના વર્તમાન મૂલ્યને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. આ કંપનીઓની સ્થાપનાથી 31 માર્ચ 2021 સુધી શેર મૂડી, અનુદાન/સહાય અને વ્યાજમુક્ત લોન તરીકે રાજ્ય સરકાર દ્વારા જેમાં ભંડોળનું રોકાણ કરવામાં આવ્યું હતું તે મૂડીરોકાણની વર્તમાન કિમતની ગણતરી કરવામાં આવી હતી.

રાજ્ય સરકારના જાહેર ઉપક્રમોમાં મૂડીરોકાણ પર વળતરનો વાસ્તવિક દર નીચેની ધારણાઓના આધારે ગણવામાં આવ્યો હતો:

- વ્યાજમુક્ત લોનને રાજ્ય સરકાર દ્વારા મૂડીરોકાણના ઉમેરા તરીકે ગણવામાં આવી છે. આમ છતાં, રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો દ્વારા લોનની પરતચૂકવણીના કિસ્સામાં, વર્તમાન મૂલ્ય સમયગાળા દરમિયાન વ્યાજમુક્ત લોનોની ઘટાડેલી સિલકો પર ગણવામાં આવ્યું હતું.
- સંબંધિત નાણાકીય વર્ષ[20] માટે રાજ્ય સરકારે લીધેલા ઋણ પર વ્યાજનો સરેરાશ દર વર્તમાન મૂલ્યની ગણતરી માટે ચક્રવૃધ્ધિ દર તરીકે અપનાવવામાં આવ્યો હતો કારણ કે તે વર્ષ માટે ભંડોળના રોકાણ પ્રત્યે સરકાર દ્વારા કરવામાં આવેલો ખર્ચ રજૂ કરે છે.

---

[19] ગુજરાત અનારક્ષિત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ અને ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણાકીય અને વિકાસ નિગમ.

[20] સરકારના ઋણ પર વ્યાજનો સરેરાશ દર સંબંધિત વર્ષ માટેની રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરના ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના અહેવાલોમાંથી અપનાવવામાં આવ્યો હતો.
ચૂકવેલા વ્યાજ માટેનો સરેરાશ દર=વ્યાજની ચૂકવણી÷[(અગાઉના વર્ષની નાણાકીય જવાબદારીઓની રકમ+ચાલુ વર્ષની નાણાકીય જવાબદારીઓ)÷2]×100.

રાજ્યના જાહેર ક્ષેત્રના 97 ઉપક્રમો પૈકી, 65 જાહેર ઉપક્રમોમાં રાજ્ય સરકારે શેર મૂડી, લાંબી મુદ્દતના ધિરાણ, અનુદાન અને સહાયના રૂપમાં સીધુ મૂડીરોકાણ કર્યુ હતું. **કોઠો 2.33**, રાજ્યના આ 65 જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં તેમની સ્થાપનાથી શરૂ કરીને 2020-21 સુધીના, મૂડીરોકાણના ઐતિહાસિક ખર્ચનું વર્તમાન મૂલ્ય ગણીને વળતરના વાસ્તવિક દરની ગણતરી દર્શાવે છે.

**કોઠો 2.33: રાજ્ય સરકાર દ્વારા રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં 2020-21 સુધી કરવામાં આવેલા મૂડીરોકાણની અને તેના વર્તમાન મૂલ્યની વર્ષવાર વિગતો**

(₹ કરોડમાં)

| નાણાકીય વર્ષ | વર્ષની શરૂઆતમાં મૂડીરોકાણનુ વર્તમાન મૂલ્ય | વર્ષ દરમિયાન રાજ્ય સરકાર દ્વારા રોકવામાં આવેલી રકમ | | | | વર્ષના અંતે મૂડીરોકાણ | સરકારના ઋણ પરનો વ્યાજનો સરેરાશ દર (ટકામાં) | વર્ષના અંતે કુલ મૂડીરોકાણનું વર્તમાન મૂલ્ય | વર્ષ માટે ભંડોળનો ખર્ચ વસૂલ કરવા માટેનો અપેક્ષિત લઘુત્તમ વળતર | વર્ષ માટેની કુલ કમાણી (+)/ નુકસાન (-) | વાસ્તવિક વળતરનો દર ટકામાં |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | શેર મૂડી | વ્યાજ મુક્ત લોન/ (પરત ચૂકવણી બાદની ચોખ્ખી) | સંચાલન અને વહીવટી ખર્ચ માટે અનુદાન/ સહાય | કુલ મૂડીરોકાણ | | | | | | |
| 1 | 2 | 3 | 4 | 5 | 6=3+4+5 | 7=2+6 | 8 | 9=7× [1+(8÷100)] | 10= [7× (8÷100)] | 11 | 12=11/100/ 10 |
| 2004-05 સુધી | - | 14,107.20 | 21.15 | 2,143.43 | 16,271.78 | 16,271.78 | 9.08 | 17,749.26 | 1,477.48 | - | 0.00 |
| 2005-06 | 17,749.26 | 3,124.54 | 0.05 | 2,432.36 | 5,556.95 | 23,306.21 | 8.06 | 25,184.69 | 1,878.48 | 405.37 | 1.61 |
| 2006-07 | 25,184.69 | 3,321.00 | 77.34[21] | 2,966.28 | 6,364.62 | 31,549.31 | 8.19 | 34,133.20 | 2,583.89 | 238.87 | 0.70 |
| 2007-08 | 34,133.20 | 3,218.23 | -0.43 | 3,402.59 | 6,620.39 | 40,753.59 | 8.12 | 44,062.78 | 3,309.19 | 783.6 | 1.78 |
| 2008-09 | 44,062.78 | 5,524.94 | -11.04 | 4,955.36 | 10,469.26 | 54,532.04 | 7.80 | 58,785.54 | 4,253.50 | 736.39 | 1.25 |
| 2009-10 | 58,785.54 | 2,326.56 | 15.73 | 5,430.18 | 7,772.47 | 66,558.01 | 7.64 | 71,643.04 | 5,085.03 | 684.98 | 0.96 |
| 2010-11 | 71,643.04 | 2,922.52 | 497.84 | 5,349.56 | 8,769.92 | 80,412.96 | 7.56 | 86,492.18 | 6,079.22 | 1,089.45 | 1.26 |
| 2011-12 | 86,492.19 | 3,824.42 | 130.67 | 4,517.76 | 8,472.85 | 94,965.04 | 7.63 | 1,02,210.87 | 7,245.83 | 1,636.27 | 1.60 |
| 2012-13 | 1,02,210.87 | 7,076.43 | -8.74 | 6,777.61 | 13,845.30 | 1,16,056.17 | 7.66 | 1,24,946.07 | 8,889.90 | 1,823.74 | 1.46 |
| 2013-14 | 1,24,946.08 | 6,709.97 | 27.11 | 7,142.97 | 13,880.05 | 1,38,826.13 | 7.62 | 1,49,404.68 | 10,578.55 | 1,187.35 | 0.79 |
| 2014-15 | 1,49,404.68 | 6,713.58 | 333.35 | 7,752.47 | 14,799.40 | 1,64,204.08 | 7.76 | 1,76,946.32 | 12,742.24 | 873.79 | 0.49 |
| 2015-16 | 1,76,946.32 | 7,675.04 | 323.82 | 7,547.66 | 15,546.52 | 1,92,492.84 | 7.69 | 2,07,295.54 | 14,802.70 | (-)1,105.34 | (-) 0.53 |
| 2016-17 | 2,07,295.54 | 8,357.37 | -84.3 | 8,635.57 | 16,908.64 | 2,24,204.18 | 7.67 | 2,41,400.64 | 17,196.46 | (-)16,371.63 | (-) 6.78 |
| 2017-18 | 2,41,400.63 | 8,739.64 | 41.25 | 8,556.16 | 17,337.05 | 2,58,737.68 | 7.59 | 2,78,375.87 | 19,638.19 | (-)1,443.64 | (-) 0.52 |
| 2018-19 | 2,78,375.88 | 6,826.14 | 926.03 | 10,614.50 | 18,366.67 | 2,96,742.55 | 7.44 | 3,18,820.20 | 22,077.65 | (-)530.42 | (-) 0.17 |
| 2019-20 | 3,18,820.20 | 7,275.23 | 512.10 | 5,498.32 | 13,285.65 | 3,32,105.85 | 7.47 | 3,56,914.16 | 24,808.31 | (-)741.29 | (-) 0.21 |
| 2020-21 | 3,56,914.16 | 4,431.53 | 103.21 | 2,288.13 | 6,822.87 | 3,63,737.03 | 7.19 | 3,89,889.72 | 26,152.69 | 2,117.19 | 0.54 |
| | કુલ | **1,02,174.34** | 2,905.14 | **96,010.91** | **2,01,090.39** | | | | | | |

સ્રોત: રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો દ્વારા આપવામાં આવેલી માહિતી અને 15 ડિસેમ્બર 2021 સુધી પ્રાપ્ત થયેલા અંતિમરૂપ અપાયેલા નાણાકીય પત્રકો પરથી

ઉપરના કોઠામાંથી જોઈ શકાય છે કે રાજ્ય સરકારે જે કંપનીઓમાં મૂડીરોકાણ કર્યુ હતું તેમાં 2015-16થી 2019-20 દરમિયાન સતત નુકસાન કર્યુ હતું. જોકે 2020-21 દરમિયાન, તેઓએ નફો નોંધાવ્યો હતો, પરંતુ તે લઘુત્તમ અપેક્ષિત ₹ 26,152.69 કરોડના વળતર કરતાં તે વર્ષ માટે નોંધપાત્ર રીતે ઓછો હતો. રાજ્ય સરકારનો વાસ્તવિક વળતરનો દર (-) 0.53થી સુધરીને 0.54 થયો હતો, જે જાહેર ઉપક્રમોની સુધરેલી કામગીરી બતાવે છે.

### *રાજ્યના જાહેર ઉપક્રમોની શેર મૂડી પર વળતર*

શેર મૂડી પર વળતર અથવા ROE[22] એ ચોખ્ખી આવકને શેરધારકોની શેર મૂડીથી ભાગાકાર

---

21 આ ₹ 227.34 કરોડના કુલ મૂડીરોકાણ પૈકી ચોખ્ખી વ્યાજમુક્ત લોન દર્શાવે છે, બાકીની ₹ 150 કરોડની રકમનું 2006-07માં શેર મૂડીમાં રૂપાંતર કરવામાં આવ્યુ હતું.

22 શેર મૂડી પર વળતર= (કર બાદનો ચોખ્ખો નફો અને પ્રેફરન્સ ડિવિડન્ડ/શેર મૂડી) ×100; જ્યાં શેર મૂડી = ભરપાઇ થયેલી મૂડી + મુક્ત અનામતો – સંચિત નુકસાન– વિલંબિત મહેસૂલી ખર્ચ

કરીને ગણવામાં આવેલો કંપનીઓની નાણાકીય કામગીરીનો માપદંડ છે. 97 સરકારી કંપનીઓ અને નિગમોનું 2018-19થી 2020-21ના છેલ્લા ત્રણ વર્ષ દરમિયાનનું શેર મૂડી પર એકત્રિત વળતર **કોઠા 2.34**માં આપ્યુ છે.

**કોઠો 2.34: શેર મૂડી પર વળતર**

| વર્ષ | કર બાદ ચોખ્ખો નફો (₹ કરોડમાં) | શેરધારકનું ભંડોળ (₹ કરોડમાં) | શેર મૂડી પર વળતર (ટકામાં) |
|---|---|---|---|
| 2018-19 | 975.39 | 1,13,291.01 | 0.86 |
| 2019-20 | 2,584.33 | 1,27,069.45 | 2.03 |
| 2020-21 | 4,636.16 | 1,46,121.06 | 3.17 |

સ્રોત: રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો દ્વારા આપવામાં આવેલી માહિતી

જોઇ શકાય છે એ મુજબ, 97 રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની શેર મૂડી પરનુ વળતર 2018-19માં 0.86 ટકા હતું તે વધીને 2020-21માં 3.17 ટકા થયુ હતું.

નફો કરતી 43 કંપનીઓની બાબતમાં 2019-20માં શેર મૂડી પરના 4.22 ટકાના વળતરની સરખામણીએ નફો કરતી 40 કંપનીઓનુ 2020-21માં વળતર 5.62 ટકા હતુ. આમ છતાં, તમામ 68 સરકારી કંપનીઓનું (18 ખોટ કરતી અને આઠ શૂન્ય નફો/નુકસાન કરતી કંપનીઓ સહિત) શેર મૂડી પરનું 2020-21માં વળતર 1.61 ટકો હતું.

માર્ચ 2021ના અંતે, 16 નફો કરતી સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓનુ શેર મૂડી પર વળતર 17.50 ટકા હતું જ્યારે તમામ 29 સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓની બાબતમાં તે 15.23 ટકા હતું.

### *સરકારી કંપનીઓમાં મૂડીનું ધોવાણ*

31 માર્ચ 2021ના રોજ, રાજ્યના જાહેર ક્ષેત્રના તમામ 97 ઉપક્રમોનું તેમની ₹ 1,26,186.81 કરોડની ભરપાઇ થયેલી મૂડી[23] સામે એકંદર ચોખ્ખુ મૂલ્ય ₹ 1,46,121.06 કરોડ હતું.

31 માર્ચ 2021ના રોજ, રાજ્યના જાહેર ક્ષેત્રના 44 ઉપક્રમોએ ₹ 30,435.51 કરોડનું એકત્રિત નુકસાન નોંધાવ્યુ હતું. 44 જાહેર ઉપક્રમો પૈકી, 25 જાહેર ઉપક્રમોએ 2020-21માં ₹ 1,868.53 કરોડની ખોટ કરી હતી જ્યારે 19 જાહેર ઉપક્રમોએ, જો કે 2020-21માં કોઇ ખોટ કરી ન હતી, પરંતુ માર્ચ 2021 સુધીનું ₹ 15,252.87 કરોડનું સંચિત નુકસાન કર્યું હતું. 44 જાહેર ઉપક્રમો પૈકી 11 સમેટી લેવા/બંધ કરવા/ફડચા હેઠળ હતાં.

31 માર્ચ 2021ના રોજ, 44 પૈકી 24 જાહેર ઉપક્રમોએ ₹ 4,884.82 કરોડના શેર મૂડી રોકાણની

[23] આ રકમનો કોઠા 2.27 સાથે મેળ મળશે નહીં જે રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો દ્વારા રજૂ કરવામાં આવેલી માહિતીના આધારે તૈયાર કરવામાં આવી છે જેમાં છેલ્લા આખરીરૂપ અપાયેલા હિસાબો બાદ થયેલા ઉમેરા સામેલ છે. અહીં રકમ છેલ્લા આખરીરૂપ અપાયેલા હિસાબો પર આધારિત છે.

સામે ₹ 5,421.14 કરોડનું નકારાત્મક ચોખ્ખુ મૂલ્ય નોંધાવ્યુ હતું. ચોખ્ખા નકારાત્મક મૂલ્યવાળા 24 જાહેર ઉપક્રમો પૈકી પાંચ જાહેર ઉપક્રમોએ[24] 2020-21માં ₹ 894.35 કરોડનો નફો કર્યો હતો. આ 24 જાહેર ઉપક્રમો, જેની મૂડીનું સંપૂર્ણપણે ધોવાણ થઇ ગયુ હતુ, તેઓને 31 માર્ચ 2021ના રોજ ₹ 4,281.15 કરોડની લોનની રકમની ગુજરાત સરકારને ચૂકવવી બાકી હતી.

## *ચૂકવેલી અને વસૂલ કરેલી લોન અને પેશગીઓનું પ્રમાણ*

સહકારી સોસાયટીઓ, નિગમો અને કંપનીઓમાં મૂડીરોકાણ ઉપરાંત, રાજ્ય સરકારે આ સંસ્થાઓ/સંગઠનો પૈકી ઘણાને લોન અને પેશગીઓ પણ પૂરી પાડી છે.

**કોઠો 2.35**, 2016-17થી 2020-21ના પાંચ વર્ષના સમયગાળા માટે 31 માર્ચ 2021ના રોજ બાકી લોન અને પેશગીઓ સાથે વ્યાજની આવકની સામે વ્યાજની ચૂકવણીનીનું વલણ રજૂ કરે છે.

**કોઠો 2.35: 2016-21 દરમિયાન ચૂકવેલી અને વસૂલ કરેલી લોનનુ પ્રમાણ**

(₹ કરોડમાં)

| લોન/વ્યાજની આવક/ઋણ લેવાના ખર્ચનુ પ્રમાણ | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 |
|---|---|---|---|---|---|
| ખુલતી સિલક | 7,327 | 7,638 | 7,923 | 9,503 | 10,485 |
| વર્ષ દરમિયાન આપેલી પેશગીની રકમ | 477 | 631 | 1,731 | 1,312 | 1,233 |
| વર્ષ દરમિયાન વસૂલ કરેલી રકમ | 166 | 346 | 151 | 330 | 155 |
| બંધ સિલક | 7,638 | 7,923 | 9,503 | 10,485 | 11,563 |
| જેમાં શરતો ઠરાવવામાં આવી નથી એવી લોન | 373 | 521 | 1,296 | 905 | 632 |
| વર્ષ દરમિયાન ચોખ્ખો વધારો | 311 | 285 | 1,580 | 982 | 1,078 |
| આપેલી લોન પર વ્યાજની આવક | 117 | 88 | 74 | 62 | 63 |
| બાકી લોન અને પેશગીઓની ટકાવારીની રીતે વ્યાજની આવક | 1.53 | 1.13 | 0.85 | 0.62 | 0.57 |
| વ્યાજની ચૂકવણી | 17,797 | 18,954 | 20,183 | 22,449 | 24,203 |
| સરકારના બાકી ઋણ પર ચૂકવેલા વ્યાજનો સરેરાશ દર (ટકા) | 7.67 | 7.59 | 7.44 | 7.47 | 7.19 |
| ચૂકવેલા વ્યાજનો દર અને મળેલા વ્યાજના દર વચ્ચેનો તફાવત (ટકા) | 6.14 | 6.46 | 6.59 | 6.85 | 6.62 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

કોઠો દર્શાવે છે કે કુલ બાકી લોન અને પેશગીઓ 2019-20માં ₹ 10,485 કરોડ હતી તે વધીને 2020-21માં ₹ 11,563 કરોડ થઇ હતી. વર્ષ દરમિયાન આપવામાં આવેલી કુલ લોન (₹ 1,233 કરોડ) પૈકી ₹ 708 કરોડ સામાજીક સેવાઓ માટે અને ₹ 477 કરોડ આર્થિક સેવાઓ માટે આપવામાં આવી હતી અને ₹ 48 કરોડ સરકારી કર્મચારીઓ માટે અને પરચુરણ હેતુઓ માટે આપવામાં આવી હતી. સામાજીક સેવાઓ માટે આપવામાં આવેલી લોનનો ઉપયોગ શહેરી વિકાસ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત જાતિ અને લઘુમતિઓના કલ્યાણ માટે

[24] ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લિમિટેડ, ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડ, , ગુજરાત રાજ્ય પેટ્રોલીયમ નિગમ લિમિટેડ, ગુજરાત લઘુ ઉદ્યોગ નિગમ લિમિટેડ અને ડાયમંડ રીસર્ચ અને મર્કેન્ટાઈલ સીટી લિમિટેડ.

કરવામાં આવ્યો હતો. આર્થિક સેવાઓ માટે આપવામા આવેલી લોનનો માટો ભાગ ઉર્જા ક્ષેત્ર (₹ 350 કરોડ) અને પરિવહન ક્ષેત્રના (₹ 102 કરોડ) ફાળે ગયો હતો.

લોન અને પેશગીઓની વસૂલાત 2019-20માં ₹ 330 કરોડ હતી તે ₹ 175 કરોડ જેટલી ઘટીને 2020-21માં ₹ 155 કરોડ થઇ હતી. જો કે, વર્ષ દરમિયાન આપવામાં આવેલી લોન અને પેશગીઓ પરની વ્યાજની આવક એક કરોડ જેટલી વધી હતી.

ઉપરાંત, વર્ષ દરમિયાન આપવામાં આવેલી લોન (₹ 1,233 કરોડ) પૈકી, ₹ 632 કરોડની રકમની લોન વહીવટી વિભાગો અથવા નાણા વિભાગ દ્વારા લોનની પરત ચૂકવણીની શરતો અને ચૂકવવાપાત્ર વ્યાજનો દર નક્કી કર્યા વિના આપવામાં આવી હતી.

ઑડિટે અવલોકન કર્યુ હતુ કે નબળી નાણાકીય સ્થિતિના કારણે, ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ વર્ષોથી વસૂલ કરેલો યાત્રી વેરો સરકારી ખાતામાં જમા કરી શકે એમ ન હતું અને તેના કર્મચારીઓને સાતમા પગાર પંચની પાછલી બાકી પણ ચૂકવી શકે એમ ન હતું. ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ દ્વારા યાત્રી વેરાનો ઉપયોગ તેના ખર્ચાને પહોંચી વળવા માટે કરવામાં આવતો હતો. વહીવટી વિભાગે (બંદરો અને પરિવહન) નાણા વિભાગની મંજૂરીથી બાકી યાત્રી વેરાને (વર્ષ 2020-21 માટે) ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમને આપવામાં આવેલી લોન (₹ 102 કરોડ) તરીકે ગણ્યું હતું. જો કે, સંબંધિત મંજૂરીના હુકમોમાં પરતચૂકવણીનું સમયપત્રક અને ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ દ્વારા ચૂકવવાપાત્ર વ્યાજ દર નિયત કરવામાં આવ્યા ન હતાં. 31 માર્ચ 2021ની સ્થિતિએ, ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ પાસે લોનની ₹ 3,755 કરોડની બાકી સિલક હતી, જેમાં 2016-21 દરમિયાન આપવામાં આવેલી ₹ 770.88 કરોડની પેશગીઓનો સમાવેશ થાય છે.

## *નિષ્ક્રિય લોન ખાતાઓ*

નીચેના મુખ્ય સદરો હેઠળ, જુદી જુદી સંસ્થાઓ/સત્તાધિકારીઓને અગાઉના વર્ષોમાં આપવામાં આવેલી ₹ 833.30 કરોડની રકમની લોનની બાકી સિલકો નિષ્ક્રિય રહી હતી જેમાં ન તો મુદ્દલની પરતચૂકવણી કરવામાં આવી હતી કે ન છેલ્લા 12 વર્ષો (2009-21) માટે કોઇ વ્યાજની ચૂકવણી કરવામાં આવી હતી.

**કોઠો 2.36: નિષ્ક્રિય લોન ખાતાઓ**

(₹ કરોડમાં)

| મુખ્ય સદર | | 2009-21 |
|---|---|---|
| 6075 | પ્રકીર્ણ સામાન્ય સેવાઓ માટે લોન | 11.51 |
| 6202 | શિક્ષણ, રમતગમત, કલા અને સંસ્કૃતિ માટે લોન | 20.43 |
| 6215 | પાણી પુરવઠો અને સ્વચ્છતા માટે લોન | 323.73 |
| 6404 | ડેરી વિકાસ માટે લોન | 63.00 |
| 6702 | નાની સિંચાઇ માટે લોન | 25.79 |
| 6855 | ખાતર ઉદ્યોગ માટે લોન | 12.15 |
| 6859 | દૂરસંચાર અને ઇલેક્ટ્રોનિક્સ ઉદ્યોગ માટે લોન | 5.90 |
| 6860 | ઉપભોક્તા ઉદ્યોગ માટે લોન | 358.76 |
| 7052 | વહાણ પરિવહન માટે લોન | 9.41 |
| 7452 | પ્રવાસન માટે લોન | 2.62 |
| | **કુલ બાકી સિલકો** | **833.30** |

સ્રોત: સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો

આ બાકી લોનોની યોગ્ય સ્તરે સમીક્ષા કરવી જોઇએ અને વસૂલાત અથવા જરૂરી હોય તો માંડવાળ માટે પગલા લેવા જોઇએ.

### *અપૂર્ણ યોજનાઓમાં ફસાઈ ગયેલી મૂડી*

અપૂર્ણ યોજનાઓ/કામોમાં રોકાઈ રહેલું ભંડોળ ખર્ચની ગુણવત્તા પર નકારાત્મક અસર કરે છે અને રાજ્યને ઇચ્છિત લાભોથી લાંબા સમયગાળા માટે વંચિત રાખે છે.

માર્ચ 2021ના અંતે 158 મૂડી કામો કે જે દરેકનું મૂલ્ય ₹ 10 કરોડ અથવા વધુ હતું અને જેની કામની પૂર્ણતાની તારીખ 31 માર્ચ 2021 અથવા તે પહેલાની હતી અને જેના પર ₹ 6,928.97 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો તે અપૂર્ણ હતાં. અપૂર્ણ યોજનાઓની વર્ષ-વાર અને વિભાગ-વાર વિગતો અનુક્રમે કોઠા 2.37 અને કોઠા 2.38માં આપી છે.

**કોઠો 2.37: 31 માર્ચ 2021ની સ્થિતિએ અપૂર્ણ યોજનાઓની વય-વાર રૂપરેખા**

| વર્ષ | અપૂર્ણ યોજનાઓની સંખ્યા | અંદાજીત ખર્ચ | ખર્ચ (31 માર્ચ 2021ના રોજ) |
|---|---|---|---|
| 2013-14 | 1 | 30.11 | 16.91 |
| 2015-16 | 2 | 437.22 | 465.52 |
| 2016-17 | 10 | 619.11 | 386.89 |
| 2017-18 | 28 | 2,977.95 | 2,824.22 |
| 2018-19 | 43 | 2,846.94 | 1,876.78 |
| 2019-20 | 73 | 2,903.42 | 1,348.82 |
| 2020-21 | 1 | 12.57 | 9.83 |
| **કુલ** | **158** | **9,827.32** | **6,928.97** |

**કોઠો 2.38: 31 માર્ચ 2021 ની સ્થિતિએ અપૂર્ણ યોજનાઓની વિભાગ-વાર રૂપરેખા**

| વિભાગ | અપૂર્ણ યોજનાઓની સંખ્યા | અંદાજીત ખર્ચ | ખર્ચ |
|---|---|---|---|
| | (સંખ્યા) | (₹ કરોડમાં) | |
| માર્ગ અને મકાન | 140 | 5,417.37 | 3,198.63 |
| નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર | 18 | 4,409.95 | 3,730.34 |
| **કુલ** | **158** | **9,827.32** | **6,928.97** |

સ્રોત: 2020-21 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબોનું પરિશિષ્ટ IX.

ઉપરના કોઠા પરથી એ જોઇ શકાય છે કે પ્રારંભિક અંદાજપત્રીય ખર્ચના સંદર્ભમાં, 31 માર્ચ 2021ના રોજ, માર્ગ અને મકાન વિભાગે 140 અપૂર્ણ યોજનાઓ પર 59.04 ટકા ખર્ચ કર્યો હતો. જ્યારે નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર વિભાગે 18 અપૂર્ણ યોજનાઓ પર 84.59 ટકા વાપર્યા હતાં.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ તેમના મૂડી કામો યોજના અમલીકરણ એકમો (Project Implementation Units) મારફત કરાવે છે જ્યારે ગૃહ વિભાગ તેમના મૂડી કામો પોલીસ આવાસન નિગમ લિમિટેડ મારફત કરાવે છે. એ જ રીતે, નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર વિભાગને લગતા સિંચાઇના કામો પૈકી કેટલાક સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા હાથ ધરવામાં આવે છે. આટલા પ્રમાણમાં મૂડી કામોનુ નિરૂપણ નાણાકીય હિસાબોમાં પ્રતિબિંબિત થતુ નથી.

### *ઉજ્જવલ ડિસકોમ એસ્યોરન્સ યોજનાનુ અમલીકરણ*

ઉજ્જવલ ડિસકોમ એસ્યોરન્સ યોજના (UDAY/ઉદય) ભારત સરકાર દ્વારા રાજ્યની માલિકીની ઉર્જા વિતરણ કંપનીઓની (DISCOMs) સંચાલનની અને નાણાકીય કાયાપલટ માટે નવેમ્બર

2015માં શરૂ કરવામાં આવી હતી. ઉદય યોજનામાં વર્ણવેલા સંચાલનના અને નાણાકીય સીમાચિન્હો હાંસલ કરવા માટે પક્ષોની સંબંધિત જવાબદારીઓ નિયત કરવા માટે રાજ્ય સરકારો, વિતરણ કંપનીઓ અને ભારત સરકાર વચ્ચે એક કરાર પર સહીસિક્કા કરવાની વિચારણા કરવામાં આવી હતી. એ મુજબ, રાજ્ય સરકારોએ વિતરણ કંપનીઓના 30 સપ્ટેમ્બર 2015ના રોજના બાકી ઋણના 75 ટકાનો બે વર્ષમાં,એટલે કે 2016-17માં 50 ટકા અને 2017-18માં 25 ટકાનો હવાલો લઇ લેવાનો હતો

ગુજરાત સરકારે, રાજ્યની માલિકીની ચાર વિતરણ કંપનીઓ અને ભારત સરકાર સાથે નાણાકીય કાયાપલટના માપદંડો અને ભવિષ્યના નાણાકીય નુકસાન અને કાર્યકારી મૂડી સામે ધિરાણ પૂરું પાડવાની જોગવાઈ છોડીને એક ત્રિપક્ષીય સમજૂતી કરાર કર્યો હતો (ફેબ્રુઆરી 2016). એનું કારણ એ હતું કે ચારેય વિતરણ કંપનીઓએ 2005-06માં નાણાકીય કાયાપલટ કરી નાખી હતી. આ કારણે, રાજ્ય સરકાર દ્વારા ઉદય યોજના હેઠળ 2020-21 દરમિયાન કોઇ નાણાકીય સહાય રાજ્યની વિતરણ કંપનીઓને આપવામાં આવી ન હતી.

### 2.4.3.5 જાહેર-ખાનગી ભાગીદારી યોજનાઓ હેઠળ રાજ્યના સંસાધનોની ઉપલબ્ધતા

જાહેર ખાનગી ભાગીદારીએ (PPP) સરકાર અથવા વૈધાનિક સંસ્થા અને ખાનગી ક્ષેત્રની સંસ્થા વચ્ચે એક વ્યવસ્થા છે જે માળખાકીય વિકાસ માટેની લોકોની વધતી માંગણીઓને પહોંચી વળવા માટે સાથે કામ કરવા માટે માળખુ પૂરુ પાડી તેમને સક્ષમ બનાવે છે.

31 માર્ચ 2021ની સ્થિતિએ, માળખાકીય ક્ષેત્રમાં જાહેર ખાનગી ભાગીદારી યોજનાઓની સ્થિતિ કોઠા 2.39માં દર્શાવ્યા મુજબ હતી.

**કોઠો 2.39: માળખાકીય ક્ષેત્રમાં જાહેર ખાનગી ભાગીદારી યોજનાઓની સ્થિતિ**

(₹ કરોડમાં)

| ક્રમાંક | ક્ષેત્ર | પૂર્ણ થયેલી/અમલમાં યોજનાઓ | | અમલીકરણ હેઠળની યોજનાઓ | | ભવિષ્ય માટે આયોજન | |
|---|---|---|---|---|---|---|---|
| | | સંખ્યા | કુલ મૂડીરોકાણ | સંખ્યા | કરવામાં આવેલો ખર્ચ | સંખ્યા | અંદાજીત ખર્ચ |
| 1. | બંદરો | 73 | 82,944.63 | 23 | 29,888.75 | 8 | 4,585.56 |
| 2. | ઉર્જા | 2 | 36.50 | 1 | 43.30 | 0 | 0.00 |
| 3. | માર્ગો | 10 | 3,249.93 | 3 | 1,911.15 | 0 | 0.00 |
| 4. | માર્ગ પરિવહન | 9 | 720.63 | 9 | 818.65 | 0 | 0.00 |
| 5. | રેલવે | 1 | 520.00 | 1 | 2,538.01 | 0 | 0.00 |
| 6. | શહેરી માળખુ | 66 | 1,851.25 | 73 | 4,767.31 | 16 | 768.98 |
| 7. | પાણી | 0 | 0.00 | 7 | 2,361.27 | 0 | 0.00 |
| 8. | શિક્ષણ | 167 | 377.50 | 1 | 8,206.65 | 0 | 0.00 |
| 9. | આરોગ્ય | 1 | 22.64 | 0 | 0.00 | 0 | 0.00 |
| 10. | IT, ITES અને બાયોટેક | 0 | 0.00 | 1 | 89.55 | 0 | 0.00 |
| 11. | કૃષિ | 1 | 31.15 | 0 | 0.00 | 1 | 7.00 |
| | કુલ | **330** | **89,754.23** | **119** | **50,624.64** | **25** | **5,361.54** |

સ્રોત: ગુજરાત મળખાકીય વિકાસ બોર્ડ દ્વારા આપવામાં આવેલી માહિતી

કોઠો 2.39 દર્શાવે છે કે ગુજરાતમાં માળખાકીય ક્ષેત્રમાં ₹ 1,40,379 કરોડના મૂલ્યની 449 જાહેર ખાનગી ભાગીદારી યોજનાઓ પૈકી, ₹ 89,754 કરોડના મૂલ્યની 330 યોજનાઓ માર્ચ 2021 સુધીમાં પૂર્ણ/શરૂ થઇ ગઇ હતી. મુખ્ય રોકાણો બંદરોના ક્ષેત્રમાં હતાં જેમાં ₹ 82,945 કરોડના મૂલ્યની 73 યોજનાઓ પૂર્ણ થઇ ગઇ હતી અને ₹ 29,889 કરોડના મૂલ્યની 23 યોજનાઓ અમલીકરણ હેઠળ હતી. શહેરી માળખા હેઠળ, ₹ 1,851 કરોડના મૂલ્યની 66 યોજનાઓ પૂર્ણ થઇ ગઇ હતી અને ₹ 4,767 કરોડના રોકાણવાળી 73 યોજનાઓ પ્રગતિમાં હતી. વધુમાં, શિક્ષણ ક્ષેત્ર હેઠળ, ₹ 378 કરોડના મૂલ્યની 167 યોજનાઓ પૂર્ણ થઇ ગઇ હતી અને ₹ 8,207 કરોડના રોકાણવાળી એક યોજના પ્રગતિમાં હતી.

### 2.4.4 રાજ્યની ખર્ચની પ્રાથમિકતાઓ

રાજ્યમાં વધુ સારા સામાજીક અને ભૌતિક માળખાની ઉપલબ્ધતા સામાન્ય રીતે તેના ખર્ચની ગુણવત્તા પ્રતિબિંબિત કરે છે. રાજ્ય સરકાર માટે એ મહત્વનું છે કે માળખાકીય ખર્ચ – જે સામાજીક અને આર્થિક સેવાઓ પરનો ખર્ચ છે તેના પર ધ્યાન વધુ કેન્દ્રિત કરીને વિકાસકીય ખર્ચને યોગ્ય રીતે તર્કસંગત બનાવવો. માળખાકીય ખર્ચ માટે ફાળવણીમાં સુધારો કરવા ઉપરાંત, ખર્ચના ઉપયોગની કાર્યક્ષમતા પણ મૂડી ખર્ચ અને કુલ ખર્ચનો ગુણોત્તર અને શિક્ષણ અને આરોગ્ય પર કરવામાં આવતા મહેસૂલી ખર્ચના પ્રમાણ દ્વારા પ્રતિંબિંબિત થાય છે. કુલ ખર્ચની સામે આ ઘટકોનો ગુણોત્તર જેમ ઉંચો તેમ ખર્ચની ગુણવત્તા વધુ સારી ગણાય છે.

**કોઠો 2.40** 2016-17ને પાયાનું વર્ષ ગણીને 2020-21 દરમિયાન વિકાસકીય ખર્ચ, સામાજીક અને આર્થિક ક્ષેત્રો પરનો ખર્ચ અને મૂડી ખર્ચની બાબતમાં રાજ્ય સરકારની નાણાકીય પ્રાથમિકતાઓની ઉત્તર-પૂર્વ અને હિમાલયના રાજ્યો સિવાયના રાજ્યો સાથે સરખામણી કરે છે.

**કોઠો 2.40: 2016-17 અને 2020-21માં રાજ્યની ખર્ચની પ્રાથમિકતાઓ**

| રાજ્યની નાણાકીય પ્રાથમિકતાઓ | AE/ GSDP | SSE/ AE | ESE/ AE | DE/ AE | CE/ AE | શિક્ષણ/AE | આરોગ્ય/ AE |
|---|---|---|---|---|---|---|---|
| 2016-17માં આની ટકાવારી | | | | | | | |
| ઉત્તર-પૂર્વ અને હિમાલયના રાજ્યો સિવાયના રાજ્યો | 17.12 | 35.81 | 35.16 | 70.97 | 19.77 | 14.93 | 5.49 |
| ગુજરાત | 10.86 | 40.53 | 30.35 | 70.88 | 18.02 | 15.26 | 6.08 |
| 2020-21માં આની ટકાવારી | | | | | | | |
| ઉત્તર-પૂર્વ અને હિમાલયના રાજ્યો સિવાયના રાજ્યો | 16.18 | 37.81 | 28.48 | 66.29 | 13.03 | 15.00 | 6.74 |
| ગુજરાત | 10.77 | 38.36 | 31.98 | 70.35 | 15.67 | 14.71 | 6.15 |
| AE: એકંદર ખર્ચ (તે કુલ ખર્ચ છે); DE: વિકાસ ખર્ચ; SSE: સામાજીક ક્ષેત્રનો ખર્ચ; ESE: આર્થિક ક્ષેત્રનો ખર્ચ; CE: મૂડી ખર્ચ. | | | | | | | |

સ્રોત: આર્થિક સલાહકાર દ્વારા આપવામાં આવેલી માહિતી, સંબંધિત વર્ષો માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો

**કોઠો 2.40** નીચેની બાબતો વ્યક્ત કરે છે:

- ગુજરાતમાં રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની સામે કુલ ખર્ચની 10.77 જેટલી ટકાવારી 2016-17 અને 2020-21 દરમિયાન ઉત્તર-પૂર્વ અને હિમાલયના રાજ્યો સિવાયના રાજ્યો કરતાં નીચી હતી જે રાજ્યના અર્થતંત્રમાં ખાનગી ક્ષેત્રની વધારે ભાગીદારી સૂચવે છે.

- વિકાસ ખર્ચમાં આર્થિક સેવાઓનો ખર્ચ અને સામાજીક ક્ષેત્રોના ખર્ચનો સમાવેશ થાય છે. ગુજરાતમાં કુલ ખર્ચની ટકાવારી રૂપે વિકાસ ખર્ચ 2016-17 દરમિયાન ઉત્તર-પૂર્વ અને હિમાલયના રાજ્યો સિવાયના રાજ્યો કરતાં નીચો હતો પરંતુ 2020-21માં ઉત્તર-પૂર્વ અને હિમાલયના રાજ્યો સિવાયના રાજ્યો કરતાં ઉંચો હતો.

- 2016-17 અને 2020-21 દરમિયાન કુલ ખર્ચની ટકાવારી રૂપે ગુજરાતમાં સામાજીક સેવાઓ પરનો ખર્ચ ઉત્તર-પૂર્વ અને હિમાલયના રાજ્યો સિવાયના રાજ્યો કરતાં ઉંચો હતો.

- ગુજરાતમાં કુલ ખર્ચની ટકાવારી રૂપે આર્થિક સેવાઓ પરનો 2016-17 દરમિયાનનો ખર્ચ ઉત્તર-પૂર્વ અને હિમાલયના રાજ્યો સિવાયના રાજ્યો કરતાં નીચો હતો પરંતુ 2020-21 દરમિયાન ઉત્તર-પૂર્વ અને હિમાલયના રાજ્યો સિવાયના રાજ્યો કરતાં ઉંચો હતો.

- 2020-21 દરમિયાન ઉત્તર-પૂર્વ અને હિમાલયના રાજ્યો સિવાયના રાજ્યોની તુલનાએ ગુજરાતનો કુલ ખર્ચ અને મૂડી ખર્ચનો ગુણોત્તર ઉંચો હતો. આમ છતાં, રાજ્યમાં કુલ ખર્ચની ટકાવારી રૂપે મૂડી ખર્ચ 2016-17માં 18.02 ટકા હતો તે ઘટીને 2020-21માં 15.67 ટકા થયો હતો.

- 2016-17માં ગુજરાતમાં કુલ ખર્ચ અને આરોગ્ય તથા શિક્ષણ પરના ખર્ચનો ગુણોત્તર ઉત્તર-પૂર્વ અને હિમાલયના રાજ્યો સિવાયના રાજ્યો કરતાં વધુ સારો હતો, પરંતુ 2020-21માં તે ઉત્તર-પૂર્વ અને હિમાલયના રાજ્યો સિવાયના રાજ્યો કરતાં નીચો ગયો હતો

### 2.4.5 હેતુ સદર મુજબ ખર્ચ

નાણાકીય હિસાબો માત્ર ગૌણ સદરના સ્તર સુધીના વ્યવહારો દર્શાવે છે. આથી, અંદાજપત્રીય ફાળવણીઓ અને હેતુ સદરના સ્તર સુધી કરવામાં આવેલા ખર્ચના પ્રમાણનું વિગતવાર ચિત્રણ **કોઠા 2.41**માં દર્શાવ્યું છે.

**કોઠો 2.41: અંદાજપત્રીય અધિકૃતતા સામે હેતુ સદર મુજબ ખર્ચ**

**(₹ કરોડમાં)**

| સદર | અંદાજપત્ર | ખર્ચ | ઉપયોગની ટકાવારી |
|---|---|---|---|
| સહાયક અનુદાન | 68,568.65 | 63,429.35 | 92.50 |
| વ્યાજ | 24,421.38 | 24,178.69 | 99.01 |
| પગાર | 22,578.10 | 11,596.19 | 51.36 |
| સહાયકી | 19,923.76 | 22,177.88 | 111.31 |


| સદર | અંદાજપત્ર | ખર્ચ | ઉપયોગની ટકાવારી |
|---|---|---|---|
| મોટા કામો | 18,165.74 | 12,838.01 | 70.67 |
| ઋણની પરત ચૂકવણી | 17,919.27 | 17,922.45 | 100.02 |
| નિવૃત્તિ અંગેના ખર્ચા | 12,905.48 | 12,353.41 | 95.72 |
| મૂડીરોકાણ | 9,509.53 | 7,431.31 | 78.15 |
| અન્ય મૂડી ખર્ચ | 7,789.65 | 6,611.00 | 84.87 |
| મૂડીગત અસ્ક્યામતોના સર્જન માટે સ્થાનિક સંસ્થાઓને અનુદાન | 6,032.03 | 1,208.22 | 20.03 |
| અન્ય ખર્ચા | 5,063.18 | 4,115.58 | 81.28 |
| નાના કામો | 2,807.21 | 2,378.83 | 84.74 |
| શિષ્યવૃત્તિ/સ્ટાઇપેન્ડ | 2,107.33 | 1,928.48 | 91.51 |
| પુરવઠો અને માલસામાન | 1,755.42 | 1,626.73 | 92.67 |
| આંતર-હિસાબી તબદીલીઓ | 1,645.00 | 540.74 | 32.87 |
| લોન અને પેશગીઓ | 1,237.92 | 1,233.43 | 99.64 |
| કચેરી ખર્ચ | 1,044.46 | 682.06 | 65.30 |
| મશીનરી અને સાધનસામગ્રી | 939.66 | 649.90 | 69.16 |
| અન્ય કરારગત સેવાઓ | 937.34 | 969.16 | 103.39 |
| ઓવરટાઇમ ભથ્થા | 538.82 | 464.05 | 86.12 |
| રેશનનો ખર્ચ (આહાર ખર્ચ) | 405.71 | 174.02 | 42.89 |
| વેતન | 391.50 | 456.58 | 116.62 |
| મોટર વાહન | 379.01 | 263.24 | 69.45 |
| પંચાયતોને ફાળો | 334.02 | 4,136.17 | 1238.30 |
| જાહેરાતો અને પ્રચાર | 227.39 | 164.87 | 72.51 |
| વ્યાવસાયિક સેવાઓ | 209.25 | 119.60 | 57.16 |
| ઘરેલુ પ્રવાસ ખર્ચ | 208.91 | 163.80 | 78.41 |
| પેટ્રોલ, ઓઇલ અને ઉંજણ | 129.63 | 109.89 | 84.77 |
| ભાડા, દર અને કરવેરા | 115.77 | 104.27 | 90.07 |
| શસ્ત્રો અને દારૂગોળો | 38.46 | 25.77 | 67.00 |
| તદર્થ નાણાકીય સહાય | 37.97 | 51.20 | 134.84 |
| વસ્ત્રો અને તંબુ | 31.51 | 44.08 | 139.89 |
| અન્ય વહીવટી ખર્ચ | 30.64 | 3.08 | 10.05 |
| પ્રકાશન | 19.82 | 11.70 | 59.03 |
| ગુપ્ત સેવાનો ખર્ચ | 6.08 | 9.34 | 153.62 |
| ઘસારો | 2.80 | 2.80 | 100.00 |
| પુરસ્કાર | 1.95 | 1.32 | 67.69 |
| વિદેશ પ્રવાસનો ખર્ચ | 0.59 | 0.02 | 3.39 |
| અન્ય | 315.45 | 38.61 | 12.24 |
| **કુલ** | **2,28,776.39** | **2,00,215.83** | **87.52** |

સ્રોત: પ્રધાન મહાલેખાકાર (હિસાબ અને હક) દ્વારા પુરી પાડવામાં આવેલી માહિતી

એ જોઇ શકાય છે કે ₹ 2,28,776.39 કરોડની કુલ અંદાજપત્રીય ફાળવણીમાંથી, 2020-21 દરમિયાન જુદા જુદા હેતુ સદરો પરનો ખરેખર ખર્ચ ₹ 2,00,215.83 કરોડ (87.52 ટકા) થયો હતો. ઉપર જણાવેલા 39 હેતુ સદરો પૈકી, આઠ સદરો હેઠળ અંદાજપત્રીય ફાળવણીના 100 ટકા કરતા અધિક ખર્ચ કરવામાં આવ્યો હતો. 16 હેતુ સદરો હેઠળ, કરવામાં ખર્ચ અંદાજપત્રીય ફાળવણીના 70 ટકા અને 100 ટકા વચ્ચે હતો, જ્યારે બાકીના 15 હેતુ સદરોમાં કરવામાં આવેલો

ખર્ચ અંદાજપત્રીય ફાળવણીના 70 ટકા કરતાં ઓછો હતો. ટોચના સાત હેતુ સદરોનો વૃક્ષરૂપી નક્શો **આલેખ 2.19**માં દર્શાવ્યો છે.

**આલેખ 2.19: હેતુ સદર મુજબ ખર્ચ**




## 2.5 આકસ્મિક નિધિ

આકસ્મિક નિધિ એક અગ્રદાયના રૂપમાં હોય છે જેની રચના કાયદા દ્વારા રાજ્યની વિધાનસભા દ્વારા કરવામાં આવે છે, અને અણધાર્યા ખર્ચને પહોંચી વળવા, રાજ્યની વિધાનસભા દ્વારા આવા ખર્ચને અધિકૃતી મળે ત્યાં સુધી પેશગીઓ આપી શકાય એ માટે રાજ્યપાલના હવાલે મુકવામાં આવે છે. નિધિની ભરપાઇ રાજ્યના સંચિત નિધિના સંબંધિત કાર્યલક્ષી મુખ્ય સદર ખાતે ઉધારીને કરવામાં આવે છે. ગુજરાત સરકારના આકસ્મિક નિધિમાં ₹ 200 કરોડનો કોષ છે. 2020-21 દરમિયાન ₹ 38.68 કરોડની રકમ આકસ્મિક નિધિમાંથી ઉપાડવામાં આવી હતી અને અણધાર્યા ખર્ચને પહોંચી વળવા માટે ખર્ચવામાં આવી હતી. પૂરેપૂરી રકમ નાણાકીય વર્ષ પૂર્ણ થયા પહેલાં ભરપાઇ કરવામાં આવી હતી.

## 2.6 જાહેર હિસાબ

કેટલાક વ્યવહારો જેમ કે નાની બચત, ભવિષ્ય નિધિ, અનામત ભંડોળ, થાપણો, ઉપલક, ભરણાં, વગેરેની બાબતમાં આવક અને ચૂકવણીઓ જે સંચિત નિધિનો ભાગ બનતા નથી તેને બધારણની કલમ 266 (2) હેઠળ સ્થાપવામાં આવેલ જાહેર હિસાબમાં રાખવામાં આવે છે અને રાજ્ય વિધાનસભા દ્વારા મતપાત્ર હોતા નથી. સરકાર આ બાબતમાં બેંકર તરીકેની ભૂમિકા ભજવે છે. વર્ષ દરમિયાન ચૂકવણીઓ બાદ રહેલી સિલક એ સરકાર પાસે જુદા જુદા હેતુઓ માટે ઉપલબ્ધ ભંડોળ હોય છે.

### 2.6.1 જાહેર હિસાબમાં ચોખ્ખી સિલકો

માર્ચ 2021ના અંતે રાજ્યના જાહેર હિસાબમાં રહેલી ઘટક મુજબ ચોખ્ખી સિલકો નીચે મુજબ હતી:

**કોઠો 2.42: વર્ષની 31 માર્ચના રોજ જાહેર હિસાબમાં ઘટક મુજબ ચોખ્ખી સિલકો**

(₹ કરોડમાં)

| ક્ષેત્ર | પેટા-ક્ષેત્ર | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 |
|---|---|---|---|---|---|---|
| I. નાની બચત, પ્રોવિડન્ટ ફંડ વગેરે. | નાની બચત, ભવિષ્ય નિધિ, વગેરે. | 10,059.86 | 10,400.17 | 10,608.63 | 10,601.21 | 10,445.80 |
| J. અનામત ભંડોળ | (a) વ્યાજપાત્ર અનામત ભંડોળો | 3,493.43 | 2,355.14 | 1,504.58 | 1,818.03 | 1,073.02 |
| | (b) વ્યાજ વગરના અનામત ભંડોળો | 12,186.10 | 12,576.73 | 13,998.70 | 15,014.72 | 6,911.30 |
| K. થાપણો અને પેશગીઓ | (a) વ્યાજપાત્ર થાપણો | 12,087.51 | 12,954.29 | 13,677.83 | 14,073.56 | 14,476.68 |
| | (b) વ્યાજ વગરની થાપણો | 16,946.97 | 17,175.71 | 18,454.00 | 20,525.16 | 22,478.03 |
| | (c) પેશગીઓ | (-)0.81 | (-)0.79 | (-)0.73 | (-)0.71 | (-)0.70 |
| L. ઉપલક અને પ્રકીર્ણ | (a) ઉપલક | (-)434.57 | (-)447.98 | (-)516.66 | (-)303.87 | (-)321.72 |
| | (b) અન્ય હિસાબો[25] | 460.99 | 972.81 | 314.30 | (-)1,561.23 | (-)2,704.49 |
| | (c) વિદેશી સરકારો સાથેના હિસાબો | (-)0.59 | (-)0.59 | (-)0.59 | (-)0.59 | (-)0.59 |
| | (d) પ્રકીર્ણ | 0.00 | 0.00 | 0.00 | 0.00 | 0.00 |
| M. ભરણા | (a) મની ઓર્ડરો અને અન્ય ભરણાં | 763.28 | 969.48 | 637.47 | 738.56 | 868.58 |
| | (b) આંતર-સરકારી સમાયોજન હિસાબ | (-)2.66 | (-)1.26 | (-)1.26 | (-)1.64 | (-)1.94 |
| કુલ | | 55,559.51 | 56,953.71 | 58,676.27 | 60,903.20 | 53,223.97 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

નોંધ: +ve ઉધાર સિલક સૂચવે છે અને –ve જમા સિલક સૂચવે છે.


પાંચ વર્ષના (2016-21) સમયગાળા દરમિયાન જાહેર હિસાબની સિલકોના ઘટકોમાં વાર્ષિક ફેરફારો **આલેખ 2.20**માં આપ્યા છે.

---

25 L હેઠળ અન્ય હિસાબો – ઉપલક અને પ્રકીર્ણમાં રોકડ સિલક રોકાણ હિસાબ, કાયમી રોકડ અગ્રદાય અને વિભાગીય સિલકો સામેલ થતા નથી.

**આલેખ 2.20: જાહેર હિસાબની સિલકોના ઘટકોમાં વાર્ષિક ફેરફારો**

**(₹ કરોડમાં)**




| | નાની બચત, ભવિષ્ય નિધિ, વગેરે | અનામત ભંડોળ | થાપણો અને પેશગીઓ | ઉપલક અને પ્રકીર્ણ | ભરણાં |
|---|---|---|---|---|---|
| 2016-17 | 533 | 1,416 | 2,270 | -1,579 | -69 |
| 2017-18 | 340 | -748 | 1,096 | 498 | 208 |
| 2018-19 | 208 | 571 | 2,002 | -727 | -332 |
| 2019-20 | -7 | 1,329 | 2,467 | -1,663 | 101 |
| 2020-21 | -155 | -8,848 | 2,356 | -1,161 | 130 |

## 2.6.2 અનામત ભંડોળ

અનામત ભંડોળોની રચના રાજ્ય સરકારના જાહેર હિસાબો હેઠળ ચોક્કસ અને વ્યાખ્યાયિત હેતુઓ માટે કરવામાં આવે છે. આ ભંડોળો ફાળો અથવા રાજ્યના સંચિત નિધિમાંથી અનુદાનથી નિભાવવામાં આવે છે.

2020-21 દરમિયાન ચોક્કસ હેતુ માટે અંકિત કરેલા 17 અનામત ભંડોળો હતાં જે પૈકી વ્યાજુકા ચાર અનામત ભંડોળોમાં ₹ 1,073.02 કરોડની સિલક હતી અને 13 ભંડોળો વ્યાજ વગરના હતાં જેમાં ₹ 6,911.30 કરોડની સિલક હતી. 31 માર્ચ 2021ના રોજ આ ભડોળોમાં કુલ એકત્રિત સિલક ₹ 7,984.32 કરોડ હતી જે પૈકી ₹ 5,522.16 કરોડનું રોકાણ કરવામાં આવ્યું હતું.

17 અનામત ભંડોળો પૈકી, ₹ 2.11 કરોડની સિલક ધરાવતા પાંચ અનામત ભંડોળો નિષ્ક્રિય હતાં જેમાંથી ચાર અનામત ભંડોળ (₹ 2.10 કરોડ) 1999-2000થી નિષ્ક્રિય હતાં જ્યારે એક અનામત ભંડોળ (₹ 0.01 કરોડ) 2014-15થી નિષ્ક્રિય હતું.

### 2.6.2.1 સંચિત ડૂબત નિધિ

રાજ્ય સરકારે બાકી જવાબદારીઓની ઋણમુક્તિ માટે 2003-04માં સંચિત ડૂબત નિધિની રચના કરી હતી. આ ભંડોળના વહીવટ માટે જવાબદાર છે, તે ભારતીય રિઝર્વ બેંકે સંચિત ડૂબત નિધિનો વ્યાપ વધારી નાણાકીય વર્ષ 2007-08થી સરકારની જવાબદારીઓનો (આંતરિક ઋણ+જાહેર હિસાબની જવાબદારીઓ) સમાવેશ કરવા માટે માર્ગદર્શિકા જારી કરી હતી. વધુમાં, રાજ્ય સરકાર દ્વારા જારી કરવામાં આવેલી સંચિત ડૂબત નિધિ માટેની નવીનતમ માર્ગદર્શિકા (2017-18) મુજબ,

વર્ષ 2018-19 અને ત્યારબાદ ભંડોળનો લઘુત્તમ કોષ રાજ્યની બાકી જવાબદારીઓના પાંચ ટકા હોવો જોઇએ અને ત્યારબાદ રોલીંગના આધારે જાળવી રાખવો.

2020-21 દરમિયાન સંચિત ડૂબત નિધિમાં ફાળો ₹ 10,433.73 કરોડ જેટલો ઓછો હતો, કારણ કે ₹ 15,772.80 કરોડના લઘુત્તમ કોષની સામે ભંડોળમાં બંધ સિલક ₹ 5,339.07 કરોડ હતી. રાજ્ય સરકારે બજાર લોનની પરત ચૂકવણી માટે 2020-21માં ભંડોળમાંથી ₹ 9,957.85 કરોડનું વિનિવેશ કર્યું હતું.

#### 2.6.2.2 રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળ

13માં નાણા પંચની ભલામણો મુજબ, રાજ્ય સરકાર 2011-12થી રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળનું (SDRF) સંચાલન કરી રહી છે. તે એક વ્યાજવાળો અનામત ભંડોળ છે. ભારત સરકારની માર્ગદર્શિકાની (સપ્ટેમ્બર 2010) શરતો મુજબ કેન્દ્ર અને રાજ્ય સરકારોએ 75:25ના પ્રમાણમાં ભંડોળમાં ફાળો આપવાનો હતો. 15માં નાણા પંચે વર્ષ 2020-21 માટે આપદાના જોખમના વ્યવસ્થાપન હેઠળ રાજ્યોને કેન્દ્રીય ફાળવણીનુ વિભાજન કરવાની ભલામણ કરી હતી. 75 ટકાની કેન્દ્રીય ફાળવણી પૈકી, રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળનો (SDRF) હિસ્સો 80 ટકા રહેશે અને રાજ્ય આપદા શમન ભંડોળનો (SDMF) હિસ્સો 20 ટકા રહેશે. રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળની 80 ટકાની ફાળવણી અંતર્ગત, ત્રણ પેટા-ફાળવણીઓ (ક) પ્રતિભાવ અને રાહત (40 ટકા) (ખ) પુનઃપ્રાપ્તિ અને પુનઃનિર્માણ (30 ટકા) અને (ગ) સજ્જતા અને ક્ષમતા-નિર્માણ (10 ટકા). રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળ અને રાજ્ય આપદા શમન ભંડોળના સ્રોતો વિનિમયક્ષમ નથી, પરંતુ સંબંધિત ત્રણ પેટા-સ્રોતોની અંદર પુનઃફાળવણી માટે લવચિકતા હોઇ શકે છે અને આવી પુનઃફાળવણી 2020-21 માટે તે પેટા-સ્રોત માટે ફાળવાયેલ રકમના 10 ટકાથી વધવી જોઈએ નહી. પ્રત્યેક ભંડોળ માટે અલગ ખાતાનું સંચાલન કરવાનું હતું.

01 એપ્રિલ 2020ની સ્થિતિએ, રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળ પાસે ₹ 333.38 કરોડની ખુલતી સિલક હતી. 2020-21 દરમિયાન, રાજ્ય સરકારે ₹ 1,765.00 કરોડ (₹ 1,324.00 કરોડ કેન્દ્રનો હિસ્સો અને ₹ 441.00 કરોડ રાજ્યનો હિસ્સો) ભંડોળમાં તબદીલ કર્યા હતાં. ₹ 2,098.38 કરોડની ભંડોળની કુલ ઉપલબ્ધ સિલક પૈકી ₹ 2,340.17 કરોડ વર્ષ દરમિયાન કુદરતી આફતો[26] પર ખર્ચવામાં આવ્યાં હતાં અને માર્ચ 2021ના અંતે ભંડોળમાં ₹ 241.79 કરોડની નકારાત્મક સિલક રહી હતી.

વર્ષ દરમિયાન રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળ માંથી કરવામાં આવેલા ખર્ચની વિગતો **કોઠા 2.43**માં આપી છે.

[26] મુખ્ય સદર 2245-05 (કુદરતી આફતના હિસાબે રાહત-SDRF)

### કોઠો 2.43: રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળ માંથી કરવામાં આવેલા ખર્ચની વિગતો

**(₹ કરોડમાં)**

| હિસાબનુ મુખ્ય સદર | હિસાબનુ ગૌણ સદર | 2020-21 દરમિયાન ખર્ચ |
|---|---|---|
| 2245- કુદરતી આફતના માટેની રાહત 01- દુષ્કાળ | 102-પેય જળનો પુરવઠો | 0.00 |
| | 104-ઘાસચારાનો પુરવઠો | 8.69 |
| **પેટા-સરવાળો 01** | | **8.69** |
| 2245- કુદરતી આફતોના માટેની રાહત **02**- પુર, વાવાઝોડા, વગેરે. | 101-મફત રાહત | 32.68 |
| | 104- ઘાસચારાનો પુરવઠો | 0.09 |
| | 105-પશુરોગ સંબંધી કાળજી | 2.95 |
| | 111-શોકગ્રસ્ત કુટુંબોને રહેમ રાહે ચૂકવણી | 10.45 |
| | 112- લોકોનું સ્થળાંતર | 7.26 |
| | 113- ઘરોના સમારકામ/પુનઃનિર્માણ માટે સહાય | 5.26 |
| | 122-ક્ષતિગ્રસ્ત સિંચાઇનુ સમારકામ અને પુનઃસ્થાપન | 0.00 |
| | 282- જાહેર આરોગ્ય | 189.20 |
| | 800-અન્ય ખર્ચ | 2,089.41 |
| | 911- કપાત-અધિક ચૂકવણીઓની વસૂલાત | (-)36.52 |
| **પેટા-સરવાળો 02** | | **2,300.78** |
| 2245- કુદરતી આફતોના માટેની રાહત 05- રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળ | 101- અનામત ભંડોળ/થાપણ હિસાબ-રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળ | 1,765.00 |
| | 901- કપાત - રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળમાંથી રકમ મેળવવામાં આવી | (-)2,340.16 |
| **પેટા-સરવાળો 05** | | **(-)575.16** |
| 2245- કુદરતી આફતોના માટેની રાહત 80- સામાન્ય | 001-નિર્દેશન અને વહીવટ | 2.00 |
| | 102-કુદરતી આફતોનુ વ્યવસ્થાપન, હોનારત-સંભવ વિસ્તારોમાં આકસ્મિક યોજના | 4.50 |
| | 800-અન્ય ખર્ચ | 20.01 |
| | 911- કપાત-અધિક ચૂકવણીઓની વસૂલાત | 0.00 |
| **પેટા-સરવાળો 80** | | **26.51** |
| **કુલ 2245** | | **1,760.82** |
| SEC દ્વારા મંજૂર થયેલા રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળની બાબતો અને ધોરણોના પાલન સાથે કરવામાં આવેલો ખર્ચ (માત્ર 2245-01 અને 2245-02 હેઠળ નોંધાયેલી રકમ રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળ હેઠળ ખર્ચ તરીકે માન્ય છે.) | | **2,300.78** |

સ્રોત: વર્ષ 2020-21 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો

ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ, ભંડોળમાં રહેલી સિલકનું રોકાણ[27] કરવુ જરૂરી હતું જે કરવામાં આવ્યું ન હતું. અગાઉના વર્ષોની સિલકો પર ભંડોળમાં જમા કરવાપાત્ર વ્યાજનો અંદાજ બાંધવામાં આવ્યો ન હતો અને રાજ્ય સરકાર દ્વારા જમા પણ કરવામાં આવ્યું ન હતું.

ભંડોળની માર્ગદર્શિકામાં જણાવ્યા મુજબ કોઇ પણ અધિક ખર્ચ રાજ્ય સરકારે ઉઠાવવાનો રહે છે. ભંડોળમાં ઉપલબ્ધ સિલક કરતાં થયેલ ₹ 241.79 કરોડનો વધારાનો ખર્ચ રાજ્યના સંચિત નિધિમાંથી કરવો જોઇતો હતો. જો કે આ રકમને ભંડોળ પર લાદવામાં આવી હતી, જેનાથી ભંડોળમાં ₹ 241.79 કરોડની નકારાત્મક સિલક રહી હતી. ઉપરાંત, મહેસૂલી ખાધ એટલી રકમ જેટલી વધી હોત. વધુમાં, રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળ અને રાજ્ય આપદા શમન ભંડોળ માટે અલગ હિસાબી સદરો હજુ સુધી ખોલવામાં આવ્યાં નથી (નવેમ્બર 2021).

### 2.6.2.3 બાયંધરી વિમોચન ભંડોળ

બારમાં નાણા પંચે સરકાર દ્વારા આપવામાં આવેલી બાયંધરીઓમાંથી ઉભી થતી આકસ્મિક જવાબદારીઓને પહોંચી વળવા માટે બાયંધરી વિમોચન ભંડોળની રચના કરવાની ભલામણ કરી હતી. ગુજરાત સરકારે જુદી જુદી સંસ્થાઓ જેવી કે રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો, રાજ્યની સહકારી સોસાયટીઓ, વગેરે દ્વારા લેવામાં આવેલી લોન પર તેના દ્વારા આપવામાં આવેલી બાયંધરીઓ માટે બાયંધરી વિમોચન ભંડોળની રચના કરી છે. ભારતીય રિઝર્વ બેંક, જે ભંડોળનો વહીવટ કરે છે તેની માર્ગદર્શિકા મુજબ, ભંડોળનો કોષ બાકી બાયંધરીઓના પાંચ ટકાના ઇચ્છનીય સ્તર સુધી ક્રમશઃ વધારવાનો છે.

2020-21 દરમિયાન, ₹ 182.82 કરોડના લઘુત્તમ આવશ્યક કોષની[28] સામે ભંડોળમાં બંધ સિલક ₹ 773.12 કરોડ હતી. રાજ્ય સરકારે 2020-21 દરમિયાન ₹ 36.87 કરોડનું ઉપાર્જીત વ્યાજ ભંડોળમાં જમા કર્યુ હતું.

31 માર્ચ 2021ના રોજ, ₹ 773.12 કરોડના કુલ ભંડોળમાંથી, ₹ 509.40 કરોડનું ભારતીય રિઝર્વ બેંક દ્વારા રોકાણ કરવામાં આવ્યું હતું.

## 2.6.3 થાપણો અને પેશગીઓ

### 2.6.3.1 કેન્દ્રીય માર્ગ ભંડોળ સંબંધિત વ્યવહારોનો હિસાબ

નિર્ધારિત માર્ગ યોજનાઓ પર ખર્ચ કરવા માટે ભારત સરકાર રાજ્ય સરકારોને કેન્દ્રીય માર્ગ ભંડોળ (CRF) હેઠળ વાર્ષિક અનુદાન પૂરૂં પાડે છે. પ્રવર્તમાંન હિસાબી પધ્ધતિ અનુસાર, અનુદાનને પહેલા મુખ્ય સદર "1601 સહાયક અનુદાન" હેઠળ મહેસૂલી આવક તરીકે નોંધવામાં આવે છે અને એટલી જ રકમ મહેસૂલી ખર્ચના મુખ્ય સદર "3054 માર્ગો અને પુલો" માં ઉધારીને જાહેર હિસાબ હેઠળના મુખ્ય સદર "8449-અન્ય થાપણો 103 કેન્દ્રીય માર્ગ ભંડોળમાંથી નાણાકીય

[27] રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળમાં થયેલી સંવૃધ્ધિનુ ભારતીય રિઝર્વ બેંક મારફતે કેન્દ્ર સરકારની તારીખી સિક્યુરીટીઓ, હરાજી થયેલા તિજોરી બિલો, અને વ્યાજ આપતી થાપણો અને અનુસૂચિત વાણિજ્યિક બેંકોની થાપણોના પ્રમાણપત્રોમાં રોકાણ કરવાનું હોય છે.

[28] ₹ 182.82 કરોડ = વર્ષ 2020-21ના અંતે બાકી બાયંધરીઓના 5 ટકા (₹ 3,656.33 કરોડ)

સહાયમાં" તબદીલ કરવામાં આવે છે. આ પ્રક્રિયા સુનિશ્ચિત કરે છે કે અનુદાનની આવક હિસાબમાં મહેસૂલી પુરાંત અધિક દર્શાવવામાં (અથવા મહેસૂલી ખાધ ઓછી દર્શાવવી) પરિણમતી નથી. નિર્ધારિત માર્ગ યોજનાનો ખર્ચ શરૂઆતમાં સંબંધિત મહેસૂલી અથવા મૂડી મુખ્ય સદરે (મુખ્ય સદર 3054 અથવા 5054) નોંધવામાં આવેલા ખર્ચનું બાદમાં ભંડોળમાં (મુખ્ય સદર 8449-103) અનુરૂપ ઉધાર નોંધ કરીને મુખ્ય સદર 3054/5054 હેઠળ બાદ ઉધાર નોંધ દ્વારા ભંડોળની સિલકમાંથી સમાયોજન કરવામાં આવે છે.

2020-21 દરમિયાન, કેન્દ્રીય માર્ગ ભંડોળ હેઠળ ભારત સરકાર તરફથી રાજ્ય સરકારને મળેલ ₹ 430.74 કરોડ અનુદાનની નોંધ પ્રવર્તમાન હિસાબી પધ્ધતિને અનુસરીને રાજ્યના હિસાબમાં મુખ્ય સદર-1601 હેઠળ કરવામાં આવી હતી. વર્ષ દરમિયાન નિર્ધારિત માર્ગ કામો પર ₹ 430.74 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો જેથી 31 માર્ચ 2021ના રોજ થાપણ સદરે ₹ 27.25 કરોડની (અગાઉના વર્ષોની સિલકો સહિત) સિલક રહી હતી.

### 2.6.3.2 લેબર સેસની શ્રમ કલ્યાણ બોર્ડમાં તબદીલી ન થવી

મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ સેસ અધિનિયમ, 1996ની કલમ 3 હેઠળ, બે ટકાથી વધુ નહીં એ દરે, પરંતુ કામે રાખનાર દ્વારા કરવામાં આવેલા બાંધકામના ખર્ચના એક ટકાથી ઓછા નહીં તે દરે, કિસ્સા મુજબ, સરકાર વખતોવખત સત્તાવાર રાજપત્રમાં જાહેરનામા દ્વારા નિયત કરે તે દર લાગુ કરીને સેસ વસૂલ કરવામાં આવશે. મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ સેસ નિયમો, 1998ના નિયમ 5(3) મુજબ, આ રીતે એકત્ર કરેલી સેસની રકમ મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં (બોર્ડ) તે વસૂલ કર્યાના 30 દિવસની અંદર તબદીલ કરવાની હોય છે.

ઑડિટે અવલોકન કર્યુ હતુ કે મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ સેસ અધિનિયમ, 1996ની શરતો મુજબ રાજ્ય સરકારે 2006-07થી 2020-21ના સમયગાળા દરમિયાન ₹ 3,466.87 કરોડ જેટલી રકમનો સેસ વસૂલ કર્યો હતો, અને ₹ 2,129.69 કરોડ મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં સહાયક અનુદાન તરીકે તબદીલ કર્યો હતો. જેથી ₹ 1,337.18 કરોડની સિલક રહી હતી જે 31 માર્ચ 2021 સુધી તબદીલ કરવામાં આવી ન હતી. ઉપરાંત, સેસ તરીકે 2020-21માં એકત્ર કરેલા ₹ 452.92 કરોડ પૈકી માત્ર ₹ 115.84 કરોડ બોર્ડમાં તબદીલ કરવામાં આવ્યાં હતાં અને ₹ 337.08 કરોડની સિલક મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ સેસ નિયમો, 1998ના ઉલ્લંઘન રૂપે બોર્ડમાં તબદીલ કરવામાં આવી ન હતી.

### 2.6.3.3 દંડની વ્યક્તિગત લેજર ખાતામાં તબદીલી ન થવી

ગુજરાત સરકારે 01 જુલાઇ 2000ના ઠરાવથી નિયત કર્યુ હતું કે મોટર વાહન અધિનિયમની કલમ 200(1) હેઠળ દંડ મારફત રાજ્યના શહેરી વિસ્તારમાંથી વર્ષ દરમિયાન થયેલી આવકની નિયત ટકાવારી અંદાજપત્રીય સદર એટલે કે ગુજરાત રાજ્ય માર્ગ સુરક્ષા નિધિમાં (GSMSN) જમા કરવામાં આવશે. ગુજરાત રાજ્ય માર્ગ સુરક્ષા નિધિ હેઠળ ઉપલબ્ધ ભંડોળનો ઉપયોગ ટ્રાફિક પ્રબંધનના હેતુઓ માટે કરવાનો હતો.

ગુજરાત રાજ્ય માર્ગ સુરક્ષા નિધિની સરળ કામગીરી માટે, માર્ચ 2004ની અસરથી મહાનિયામક અને પોલીસ મહાનિરીક્ષક, ગાંધીનગરના (DG અને IGP) નામે એક વ્યક્તિગત લેજર ખાતુ (PLA) ખોલવામાં આવ્યું હતું. મહાનિયામક અને પોલીસ મહાનિરીક્ષકે જુદા જુદા અમલકર્તા સત્તાવાળાઓ તરફથી ટ્રાફિક વ્યવસ્થાપન માટે વિવિધ દરખાસ્તો એકઠી કરવાની હતી અને ટ્રાફિક વ્યવસ્થાપન સમિતિની મંજૂરી લીધા બાદ વ્યક્તિગત લેજર ખાતામાંથી ખર્ચ કરવાનો હતો. જુલાઇ 2006માં, ગુજરાત રાજ્ય માર્ગ સુરક્ષા નિધિના વધુ સારા વહીવટ માટે રાજ્ય સરકારે 100 ટકા દંડ વ્યક્તિગત લેજર ખાતામાં તબદીલ કરવાનું નક્કી કર્યું હતું.

**કોઠા 2.44**માં આપેલી વિગતો મુજબ, 2012-13થી 2020-21ના વર્ષો માટેની અંદાજપત્રીય જોગવાઇઓ અને વિનિયોગ હિસાબોની ચકાસણીમાં, જો કે, ખરેખર વસૂલ કરેલો ટ્રાફિકનો દંડ અને છેલ્લા આઠ વર્ષો દરમિયાન વ્યક્તિગત લેજર ખાતામાં તેની તબદીલીઓ વચ્ચે 26 ટકાનો તફાવત જોવામાં આવ્યો હતો.

**કોઠો 2.44: ટ્રાફિકના દંડની વ્યક્તિગત લેજર ખાતામાં તબદીલીમાં ઘટ**


| વર્ષ | ટ્રાફિકના દંડમાંથી આવક (₹ કરોડમાં) | | વ્યક્તિગત લેજર ખાતા માટે જોગવાઇ (₹ કરોડમાં) | | |
|---|---|---|---|---|---|
| | અંદાજપત્રીય અંદાજો | ખરેખર વસૂલાત | અંદાજપત્રીય અંદાજો | ખરેખર તબદીલી | ખરેખર વસૂલાતની ટકાવારી રૂપે |
| 2012-13 | 45.00 | 52.82 | 20.50 | 17.88 | 33.85 |
| 2013-14 | 62.22 | 48.40 | 20.00 | 20.00 | 41.32 |
| 2014-15 | 56.40 | 75.71 | 25.00 | 25.00 | 33.02 |
| 2015-16 | 72.95 | 73.20 | 35.00 | 35.00 | 47.81 |
| 2016-17 | 85.65 | 84.17 | 40.00 | 25.00 | 29.70 |
| 2017-18 | 77.35 | 63.06 | 35.00 | 48.57 | 77.02 |
| 2018-19 | 113.78 | 109.62 | 200.00 | 98.00 | 89.40 |
| 2019-20 | 75.60 | 173.33 | 63.06 | 260.00 | 150.00 |
| 2020-21 | 183.84 | 145.97 | 78.62 | 78.62 | 53.86 |
| **કુલ** | **772.79** | **826.28** | **517.18** | **608.07** | **73.59** |

સ્રોત: સંબંધિત વર્ષોના અંદાજપત્રીય અંદાજો અને વિનિયોગ હિસાબો.

## 2.7 ઋણનું વ્યવસ્થાપન

ઋણનું વ્યવસ્થાપન એ સરકારના ઋણની વ્યવસ્થા માટે, ભંડોળ માટે જરૂરી રકમ ઉભી કરવી, તેના જોખમ અને ખર્ચના ઉદ્દેશો હાંસલ કરવા, અને કોઇ પણ અન્ય સાર્વભૌમ ઋણ વ્યવસ્થાપન ધ્યેય જે કાયદા અથવા અન્ય અંદાજપત્રીય જાહેરાત દ્વારા સરકારે નક્કી કર્યા હોય તે મેળવવા માટેની વ્યૂહરચના તૈયાર કરવાની અને અમલ કરવાની પ્રક્રિયા છે.

**આલેખ 2.21: બાકી ઋણનું વલણ**




## 2.7.1 ઋણની રૂપરેખા: ઘટકો

રાજ્ય સરકારના કુલ ઋણમાં ખાસ કરીને રાજ્યનું[29] આંતરિક ઋણ, કેન્દ્ર સરકાર તરફથી લોન અને પેશગીઓ અને જાહેર હિસાબની જવાબદારીઓનો સમાવેશ થાય છે. પાંચ વર્ષના સમયગાળા (2016-21) દરમિયાન કુલ ઋણની આવક, ઋણની પરતચૂકવણી, રાજ્યના એકંદર ઘરેલું ઉત્પાદનની સામે ઋણનો ગુણોત્તર અને રાજ્ય પાસે ઉપલબ્ધ ખરેખર ઋણના પ્રમાણનું વલણ કોઠા 2.45માં દર્શાવ્યું છે.

**કોઠો 2.45: 2016-21 દરમિયાન ઋણના ઘટક-વાર વલણ**

(₹ કરોડમાં)

| | | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 |
|---|---|---|---|---|---|---|
| કુલ બાકી ઋણ | | 2,43,146 | 2,56,366 | 2,85,844 | 3,15,456 | 3,57,893 |
| જાહેર ઋણ | આંતરિક ઋણ | 1,92,772 | 2,06,643 | 2,32,875 | 2,59,662[30] | 2,90,031 |
| | ભારત સરકાર તરફથી લોન | 6,566 | 5,947 | 7,430 | 7,433 | 17,999 |
| જાહેર હિસાબની જવાબદારીઓ | | 43,808 | 43,776 | 45,539 | 48,361 | 49,863 |
| કુલ બાકી ઋણનો વૃધ્ધિ દર (ટકાવારી) | | 9.98 | 5.44 | 11.50 | 10.36 | 13.45 |
| રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન (GSDP) | | 11,67,156 | 13,29,095 | 15,02,899 | 16,49,505 | 16,58,865 |

29 બજારની લોન, ભારતીય રિઝર્વ બેંક તરફથી સાધનોપાય પેશગીઓ, રાષ્ટ્રીય નાની બચત ભંડોળને જારી વિશેષ બાયંધરીઓ અને નાણાકીય સંસ્થાઓ પાસેથી લીધેલી લોન, વગેરે.

30 મુખ્ય સદર "6003-105 રાષ્ટ્રીય ખેતી અને ગ્રામીણ વિકાસ બેંક તરફથી મળેલ લોનમાં" થયેલ ₹ 1.49 કરોડના પ્રોફોર્મા સુધારાને કારણે તફાવત ઉદ્ભવ્યો હતો (નાણાકીય હિસાબોનું પત્રક-6).

| | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 |
|---|---|---|---|---|---|
| ઋણ/રાજ્યનું એકંદર ઘરેલું ઉત્પાદન (ટકા) | 20.83 | 19.29 | 19.02 | 19.12 | 21.02[31] |
| વ્યાજની ચૂકવણીઓ | 17,797 | 18,954 | 20,183 | 22,449 | 24,203 |
| વ્યાજની ચૂકવણીઓનો બોજ (IP/RR) | 16.20 | 15.37 | 14.84 | 15.72 | 18.89 |
| કુલ ઋણની આવક | 72,224 | 81,158 | 1,02,963 | 1,02,300 | 1,23,325 |
| કુલ ઋણની પરત ચૂકવણીઓ (ઋણની છોડવણી) | 50,168 | 67,938 | 73,486 | 72,689 | 80,888 |
| **કુલ ઉપલબ્ધ ઋણ** | **22,056** | **13,220** | **29,477** | **29,611** | **19,889[32]** |
| **ઋણની પરત ચૂકવણી/ઋણની આવક (ટકા)** | **69.46** | **83.71** | **71.37** | **71.05** | **65.59** |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.


**કોઠો 2.45** દર્શાવે છે કે રાજ્ય સરકારનુ કુલ બાકી ઋણ 2019-20માં ₹ 3,15,456 કરોડ હતું તે વધીને 2020-21માં ₹ 3,57,893 કરોડ થયુ હતું. ભારત સરકારના ખર્ચ વિભાગે નક્કી કર્યા મુજબ, નાણાપંચ દ્વારા નિર્ધારિત થનાર કોઈપણ ધોરણો મુજબ માલ અને સેવા કરના વળતરના ઘટાડાના બદલામાં એક પછી એક લોનના રૂપમાં થયેલી ₹ 9,222 કરોડની ઋણની આવકને રાજ્યના દેવા તરીકે ગણવામાં આવશે નહી આવે આથી, અસરકારક કુલ બાકી ઋણ ₹ 3,48,671 કરોડ થશે. રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની સામે ઋણનો ગુણોત્તર પાંચ વર્ષના સમયગાળામાં 19.02 ટકા અને 21.02 ટકાની વચ્ચે રહ્યો હતો અને 2020-21માં 21.02 ટકાએ મહત્તમ રહ્યો હતો.

માર્ચ 2020 અને માર્ચ 2021ના અંતે રાજ્ય સરકારનું બાકી ઋણ અથવા રાજકોષીય જવાબદારીઓનું ઘટક મુજબ વિભાજન અનુક્રમે **આલેખ 2.22** અને **આલેખ 2.23**માં દર્શાવ્યા છે.


31 ભારત સરકારના ખર્ચ વિભાગ મુજબ, નાણાપંચ, વિગેરે દ્વારા નિર્ધારિત થનાર કોઈપણ ધોરણો મુજબ ખાસ વિન્ડો (Special window) હેઠળના ઋણને રાજ્યના દેવા/ઋણ તરીકે ગણવામાં આવશે નહી. તેથી ₹ 9,222 કરોડના માલ અને સેવા કરના વળતરના ઘટાડાના બદલામાં લીધેલ એક પછી એક લોનને જાહેર ઋણ ગણવામાં આવ્યુ નથી.

32 કુલ ઉપલબ્ધ ઋણને ₹ 42,437 કરોડ ગણવામાં આવ્યું છે. વર્ષ 2020-21 દરમિયાન, ગુજરાતની મહેસૂલી ખાધ ₹ 22,548 કરોડ હતી. ₹ 24,203 કરોડની વ્યાજની ચૂકવણીઓ પૈકી માત્ર ₹ 1,655 કરોડ મહેસૂલી આવકમાંથી ચૂકવવામાં આવ્યાં હતાં. ઉપરાંત, ₹ 22,548 કરોડની વ્યાજની ચૂકવણી બજારમાંથી લીધેલા ઋણમાંથી કરવામાં આવી હતી. આથી. કુલ ઉપલબ્ધ ઋણ ઘટીને ₹ 19,889 કરોડ જેટલું થયું હતું (₹ 42,437 કરોડ-₹ 22,548 કરોડ).

**આલેખ 2.22:**
**31-03-2020ના રોજ બાકી રાજકોષીય જવાબદારીઓના ઘટકો (₹ કરોડમાં)**





**આલેખ 2.23:**
**31-03-2021ના રોજ બાકી રાજકોષીય જવાબદારીઓના ઘટકો (₹ કરોડમાં)**




ઉપરના આલેખ દર્શાવે છે કે રાજ્ય સરકારનું આંતરિક ઋણ જે મહદ્અંશે રાજ્ય વિકાસ લોન જારી કરીને બજારમાંથી લીધેલું ઋણ હોય છે, તે 2019-20 અને 2020-21 દરમિયાન કુલ બાકી ઋણના અનુક્રમે 82 ટકા અને 81 ટકા જેટલું છે.

નીચેનો **આલેખ 2.24 છેલ્લા પાંચ વર્ષ** (2016-21) દરમિયાન રાજ્ય સરકારે લીધેલા આંતરિક ઋણ અને પરત ચૂકવણીના વલણો રજૂ કરે છે.

**આલેખ 2.24:** 2016-21 દરમિયાન લીધેલા આંતરિક ઋણની સામે પરત ચૂકવણી




## 2.7.1.1 રાજકોષીય ખાધના ઘટકો અને તેના ધિરાણની રીત

રાજકોષીય ખાધમાં મહેસૂલી ખાધનો હિસ્સો ઉધાર લીધેલા ભંડોળનો કેટલા પ્રમાણમાં ચાલુ વપરાશ માટે ઉપયોગ કરવામાં આવે છે તે દર્શાવે છે. રાજકોષીય ખાધની સામે મહેસૂલી ખાધનો સતત ઉંચો ગુણોત્તર દર્શાવે છે કે રાજ્ય સરકારના અસ્ક્યામતના પાયાનું નિરંતર ધોવાણ થઇ રહ્યું છે અને ઋણના એક ભાગને (રાજકોષીય જવાબદારીઓને) કોઇ અસ્ક્યામતોનો ટેકો નથી. ગુજરાત

રાજ્ય 2011-12 પછી પ્રથમ વાર મહેસૂલી ખાધવાળુ રાજ્ય થયુ હોવાથી ઉધાર લીધેલા નાણાનો ઉપયોગ મહેસૂલી ખર્ચ અને મૂડી ખર્ચ એમ બન્ને માટે અને ઋણની પરત ચૂકવણી માટે કરવામાં આવ્યો હતો. આથી, રાજકોષીય ખાધમાં સંપૂર્ણ વધારો થયો હોવા છતાં, રાજકોષીય ખાધ-રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનનો ગુણોત્તર 2016-17માં (-) 1.41 હતો તે વધારે ખરાબ થઇ 2020-21માં (-) 2.44 થયો હતો.

નીચે **કોઠા 2.46**માં પ્રતિબિંબિત થાય છે એ મુજબ રાજકોષીય ખાધના ધિરાણની ભાતમાં રચનાત્મક ફેરફાર થયા છે

**કોઠો 2.46: રાજકોષીય ખાધના ઘટકો અને તેના ધિરાણની ભાત**


**(₹ કરોડમાં)**

| વિગતો | | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 |
|---|---|---|---|---|---|---|
| રાજકોષીય ખાધ (-)/પુરાંત (+) | | (-)16,480 | (-)21,366 | (-)26,365 | (-)24,581 | (-)40,438 |
| રાજકોષીય ખાધ/રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન (ટકા) | | (-)1.41 | (-)1.61 | (-)1.75 | (-)1.49 | (-)2.44 |
| **રાજકોષીય ખાધ/પુરાંતના ઘટકો** | | | | | | |
| 1 | મહેસૂલી ખાધ (-) /પુરાંત (+) | 5,947 | 5,232 | 3,212 | 1,945 | (-)22,548 |
| 2 | ચોખ્ખો મૂડી ખર્ચ | (-)22,115 | (-)26,313 | (-)27,997 | (-)25,544 | (-)16,813 |
| 3 | ચોખ્ખી લોન અને પેશગીઓ | (-)312 | (-)285 | (-)1,580 | (-)982 | (-)1,077 |
| **રાજકોષીય ખાધની ધિરાણની ભાત*** | | | | | | |
| 1 | બજારમાંથી ઉધાર | 20,944 | 15,785 | 27,437 | 28,600 | 33,280 |
| 2 | NSSFને જારી કરેલી વિશેષ જામીનગીરીઓ | (-)3,447 | (-)3,451 | (-)3,534 | (-)3,629 | (-)3,630 |
| 3 | નાણાકીય સંસ્થાઓ પાસેથી લોન | 1,594 | 1,538 | 2,328 | 1,816 | 718 |
| 4 | ભારત સરકાર પાસેથી લોન | (-)496 | (-)619 | 1,483 | 3 | 1,05,66 |
| 5 | નાની બચત, ભવિષ્ય નિધિ, વગેરે | 533 | 340 | 208 | (-)7 | (-)155 |
| 6 | થાપણો અને પેશગીઓ | 2,270 | 1,096 | 2,002 | 2,467 | 2,356 |
| 7 | ઉપલક અને પ્રકીર્ણ | (-)1,579 | 497 | (-)727 | (-)1,663 | (-)1,161 |
| 8 | ભરણાં | (-)69 | 208 | (-)332 | 100 | 130 |
| 9 | અનામત ભંડોળ | 1,416 | (-)748 | 571 | 1,329 | (-)8,849 |
| 10 | આકસ્મિક ભંડોળ | 4 | 0 | 0 | 0 | 0 |
| **કુલ** | | **21,170** | **14,646** | **29,436** | **29,016** | **33,255** |
| રોકડ સિલકમાં વધારો (+)/ઘટાડો(-) | | (+)4,690 | (-)6,720 | (+)3,071 | (+)4,435 | (-)7,183 |
| * તમામ આંકડા વર્ષ દરમિયાન ચૂકવણીઓની જાવક બાદના છે. | | | | | | |

સ્રોત: સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

**આલેખ 2.25: જળ પ્રવાહ આલેખ દ્વારા રાજકોષીય ખાધ માટે ધિરાણની અભિવ્યક્તિ**

**(₹ કરોડમાં)**




વર્ષ દરમિયાન રાજકોષીય ખાધની ધિરાણની ભાત (ચૂકવણીઓ/જાવક બાદ) **કોઠા 2.47**માં દર્શાવી છે.

કોઠો **2.47**: રાજકોષીય ખાધને ધિરાણના ઘટકોની આવક અને ચૂકવણીઓ


**(₹ કરોડમાં)**

| વિગતો | | આવક | ચૂકવણી | ચોખ્ખુ |
|---|---|---|---|---|
| 1 | બજારમાંથી ઉધાર | 44,780 | 11,500 | 33,280 |
| 2 | NSSFને જારી કરેલી વિશેષ જામીનગીરીઓ | 0 | 3,630 | (-)3,630 |
| 3 | નાણાકીય સંસ્થાઓ પાસેથી લોન | 2,728 | 2,010 | 718 |
| 4 | ભારત સરકાર તરફથી લોન | 11,349 | 783 | 10,566 |
| 5 | નાની બચત, ભવિષ્ય નિધિ, વગેરે | 2,065 | 2,220 | (-)155 |
| 6 | થાપણો અને પેશગીઓ | 52,126 | 49,770 | 2,356 |
| 7 | ઉપલક અને પરચુરણ | 24,055 | 25,216 | (-)1,161 |
| 8 | ભરણા | 19,878 | 19,748 | 130 |
| 9 | અનામત ભંડોળ | 2,090 | 10,939 | (-)8,849 |
| **10** | **એકંદર ખાધ** | **1,59,071** | **1,25,816** | **33,255** |
| 11 | રોકડ સિલકમાં વધારો (+)/ઘટાડો (-) | 1,93,403 | 1,86,220 | 7,183 |
| **12** | **એકંદર રાજકોષીય ખાધ** | **3,52,474** | **3,12.036** | **40,438** |

સ્રોત: વર્ષ 2020-21 માટેના નાણાકીય હિસાબો.

નીચેનો **આલેખ 2.26** 2016-21 દરમિયાન રાજ્ય સરકારના બાકી ઋણના જુદા જુદા પેટા-ઘટકો જેમ કે આંતરિક ઋણ, ભારત સરકાર તરફથી લોન અને પેશગીઓ અને જાહેર હિસાબની જવાબદારીઓના વલણ રજૂ કરે છે.

**આલેખ 2.26: ઘટકો મુજબ ઋણનું વલણ**




| | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 |
|---|---|---|---|---|---|
| બજારમાંથી ઋણ | 20944 | 15785 | 27437 | 28600 | 33280 |
| NSSFને જારી કરેલી વિશેષ જામીનગીરીઓ | -3447 | -3451 | -3534 | -3629 | -3630 |
| નાણાકીય સંસ્થાઓ પાસેથી લોન | 1594 | 1538 | 2328 | 1816 | 718 |
| ભારત સરકાર પાસેથી લોન | -496 | -619 | 1483 | 3 | 10566 |
| નાની બચત, ભવિષ્ય નિધિ, વગેરે | 533 | 340 | 208 | -7 | -155 |
| થાપણો અને પેશગીઓ | 2270 | 1096 | 2002 | 2467 | 2356 |
| ઉપલક અને પ્રકીર્ણ | -1579 | 497 | -727 | -1663 | -1161 |
| ભરણાં | -69 | 208 | -332 | 100 | 130 |
| અનામત ભંડોળ | 1416 | -748 | 571 | 1329 | -8849 |
| રોકડ સિલકોમાં વધારો (+) ઘડાડો (-) | 4690 | -6720 | 3071 | 4435 | -7183 |
| એકંદર રાજકોષીય ખાધ (-)/પુરાંત (+) | -16480 | -21366 | -26365 | -24581 | -40438 |

## 2.7.2 ઋણની રૂપરેખા: પક્વતા અને પરત ચૂકવણી

ઋણના પાકવાની અને પરત ચૂકવણીની રૂપરેખા ઋણની પરત ચૂકવણી અથવા ઋણને પાછા આપવા માટે સરકારના પક્ષે પ્રતિબધ્ધતા દર્શાવે છે.

જાહેર ઋણમાં આંતરિક ઋણ, અને ભારત સરકાર પાસેથી મળેલી લોન અને પેશગીઓનો સમાવેશ થાય છે. આંતરિક ઋણ (₹ 2,90,031 કરોડ) અને ભારત સરકાર તરફથી લોન અને પેશગીઓ (₹ 17,999 કરોડ) સામેલ છે એવા ₹ 3,08,030 કરોડના જાહેર ઋણની વર્ષ 2020-21 માટેના નાણાકીય હિસાબોના પત્રક નં.17 મુજબની પક્વતાની રૂપરેખા કોઠા 2.48માં દર્શાવ્યા મુજબ છે.

**કોઠો 2.48: જાહેર ઋણની પક્વતાની રૂપરેખા**

(₹ કરોડમાં)

| પાકવાનું વર્ષ | પાકવાની રૂપરેખા | રકમ | | | બાકી જાહેર ઋણની પક્વતાની રૂપરેખા (% માં) |
|---|---|---|---|---|---|
| | | આંતરિક ઋણ | ભારત સરકાર તરફથી લોન અને પેશગીઓ | કુલ બાકી જાહેર ઋણ | |
| By 2021-22 | 0-1 વર્ષ | 23,518.36 | 937.14 | 24,455.50 | 7.94 |
| 2022-23 અને 2023-24ની વચ્ચે | 2-3 વર્ષ | 44,578.97 | 2,468.74 | 47,047.71 | 15.27 |
| 2024-25 અને 2025-26ની વચ્ચે | 4-5 વર્ષ | 52,565.99 | 1,664.12 | 54,230.11 | 17.60 |
| 2026-27 અને 2027-28ની વચ્ચે | 6-7 વર્ષ | 60,995.45 | 1,244.40 | 62,239.85 | 20.21 |
| 2028-29થી આગળ | 7 વર્ષથી અધિક | 1,08,372.30 | 11,684.52 | 1,20,056.82 | 38.98 |
| **કુલ** | | **2,90,031.07** | **17,998.92** | **3,08,029.99** | **100.00** |


સ્રોત: વર્ષ 2020-21 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો

31 માર્ચ 2021ની સ્થિતિએ જાહેર ઋણના બાકી સ્ટોકની પક્વતાની રૂપરેખા દર્શાવે છે કે કુલ જાહેર ઋણના 61 ટકા (₹ 1,87,973.17 કરોડ) હવે પછીના સાત વર્ષોમાં પરત ચૂકવણીપાત્ર થશે, જેનાથી આ સમય દરમિયાન સરકારના અંદાજપત્ર પર દબાવ રહેશે. બાકીનું 39 ટકા (₹ 1,20,056.82 કરોડ) સાત વર્ષ બાદ ચૂકવવાપાત્ર થશે. એક બાજુ પ્રતિબદ્ધ ખર્ચમાં વધારો અને બીજી બાજુ મહેસૂલી ખાધ ધ્યાને લેતા, રાજ્ય સરકારે ઋણની જાળમાંથી બચવા માટે સારી રીતે વિચારીને ઉધાર પરત ચૂકવણીની વ્યૂહરચના ઘડવી પડશે.


**આલેખ 2.27** જાહેર ઋણની પક્વતાની રૂપરેખા અને **આલેખ 2.28** આગામી વર્ષોમાં બજાર લોનની[33] પરત ચૂકવણીનુ પત્રક દર્શાવે છે.

[33] આલેખ 2.28માં દર્શાવેલી મુદ્દલની પરત ચુકવણીની રકમનો કોઠા 2.48 સાથે મેળ થશે નહી, કારણ કે નાણા વિભાગ દ્વારા પૂરી પડેલી માહિતી અને નાણાકીય હિસાબો, 2020-21ની માહિતી એકસમાન નથી.

**આલેખ 2.27: જાહેર ઋણની પક્વતાની રૂપરેખા**




**આલેખ 2.28: બજારની લોનની પરત ચૂકવણીનુ પત્રક**




સ્રોત: ગુજરાત સરકારના નાણા વિભાગ પાસેથી મળેલી માહિતી

## 2.8 ઋણના ટકાઉપણાનું વિશ્લેષણ

### 2.8.1 ઋણનું ટકાઉપણું

ઋણ લેનાર, પ્રસ્તુત કિસ્સામાં રાજ્ય, વર્તમાનમાં અને ભવિષ્યમાં તેની પરત ચૂકવણી કરવાની સ્થિતિમાં હોય તો ઋણને ટકાઉ માનવામાં આવે છે. એ મુજબ ઋણના ટકાઉપણાના દર્શકો આવકના ચાલુ અને નિયમિત સ્રોતોમાંથી સમયસર વ્યાજની ચૂકવણી અને ઋણની પરત ચૂકવણીની તેમની ક્ષમતાની તપાસ દ્વારા ઋણ લેનારની શાખ-પાત્રતા અને તરલતાની સ્થિતિની આકારણી કરે છે.

આ વિભાગ ઋણ/રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનનો ગુણોત્તર, રાજકોષીય ખાધ, વ્યાજની ચૂકવણીનો બોજો (વ્યાજની ચૂકવણી અને મહેસૂલી આવકના ગુણોત્તર દ્વારા માપવામા આવે છે) અને રાજ્ય સરકારના ઋણની પક્વતાની રૂપરેખાની દ્રષ્ટિએ રાજ્ય સરકારના ઋણના ટકાઉપણાની આકારણી કરે છે.

#### 2.8.1.1 ઋણના ટકાઉપણાના દર્શકોના વલણ

**કોઠો 2.49** 2016-17થી શરૂ થતા પાંચ વર્ષના સમયગાળા માટે રાજ્યના ઋણનું ટકાઉપણુ દર્શાવે છે.

**કોઠો 2.49: ઋણનું ટકાઉપણું: દર્શકો અને વલણો**

(₹ કરોડમાં)

| ઋણના ટકાઉપણાના દર્શકો | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 |
|---|---|---|---|---|---|
| બાકી જાહેર ઋણ | 1,99,338 | 2,12,590 | 2,40,305 | 2,67,094 | 3,08,030 |
| બાકી જાહેર ઋણનો વૃધ્ધિ દર (ટકા) | 10.29 | 6.65 | 13.04 | 11.15 | 15.33 |
| રાજ્યનું અકંદર ઘરેલુ ઉત્પાદન (GSDP) | 11,67,156 | 13,29,095 | 15,02,899 | 16,49,505 | 16,58,865 |
| રાજ્યના એકંદર ઘરેલું ઉત્પાદનનો વૃધ્ધિ દર (ટકા) | 13.43 | 13.87 | 13.08 | 9.75 | 0.57 |
| જાહેર ઋણ/રાજ્યનું એકંદર ઘરેલું ઉત્પાદન (ટકા) | 17.08 | 16.00 | 15.99 | 16.19 | 18.01[34] |
| જાહેર ઋણની આવક | 27,668 | 26,953 | 43,146 | 43,491 | 58,857 |
| જાહેર ઋણની પરત ચૂકવણી | 9,073 | 13,700 | 15,432 | 16,702 | 17,922 |
| જાહેર ઋણ પર વ્યાજની ચૂકવણી | 16,117 | 17,178 | 18,215 | 20,338 | 22,073 |
| બાકી જાહેર ઋણ[35] પર વ્યાજનો સરેરાશ દર (ટકા) | 8.48 | 8.34 | 8.04 | 8.02 | 7.68 |
| મહેસૂલી આવકની સામે જાહેર ઋણ પર વ્યાજની ચૂકવણીની ટકાવારી | 14.67 | 13.93 | 13.39 | 14.24 | 17.22 |
| જાહેર ઋણની આવકની સામે જાહેર ઋણની પરત ચૂકવણીની ટકાવારી | 32.79 | 50.83 | 35.77 | 38.40 | 30.45 |
| **રાજ્ય પાસે ઉપલબ્ધ ચોખ્ખુ જાહેર ઋણ[36] (₹ કરોડ)** | **2,478** | **-3,925** | **9,499** | **6,451** | **18,862** |
| **જાહેર ઋણની આવકની ટકાવારી રૂપે ઉપલબ્ધ જાહેર ઋણ (ટકા)** | **8.96** | **-14.56** | **22.02** | **14.83** | **32.05** |

સ્રોત: સંબંધિત વર્ષો માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો


ભારત સરકારના ખર્ચ વિભાગે નક્કી કર્યા મુજબ, નાણાપંચ દ્વારા નિર્ધારિત થનાર કોઈપણ ધોરણો મુજબ માલ અને સેવા કરના વળતરના ઘટાડાના બદલામાં એક પછી એક લોનના રૂપમાં થયેલી ₹ 9,222 કરોડની ઋણની આવકને રાજ્યના દેવા તરીકે ગણવામાં આવશે નહી આથી, અસરકારક કુલ બાકી જાહેર ઋણ ₹ 2,98,808 કરોડ થશે.

34 ભારત સરકારના ખર્ચ વિભાગ મુજબ, નાણાપંચ, વિગેરે દ્વારા નિર્ધારિત થનાર કોઈપણ ધોરણો મુજબ વિશેષ બારી (Special window) હેઠળના ઋણને રાજ્યના દેવા/ઋણ તરીકે ગણવામાં આવશે નહી. તેથી ₹ 9,222 કરોડના માલ અને સેવા કરના વળતરના ઘટાડાના બદલામાં લીધેલ એક પછી એક લોનને અહી જાહેર ઋણ ગણવામાં આવ્યું નથી.

35 ચૂકવેલ વ્યાજ *100/ (જાહેર ઋણની ખુલતી સિલક + જાહેર ઋણની બંધ સિલક)/2

36 રાજ્ય સરકારને ઉપલબ્ધ ચોખ્ખા જાહેર ઋણની ગણતરી જાહેર ઋણની પરત ચૂકવણી અને જાહેર ઋણ પર વ્યાજની ચૂકવણીની સામે જાહેર ઋણની આવકના વધારા તરીકે કરવામાં આવે છે.

**આલેખ 2.29: ઋણના ટકાઉપણાના દર્શકોના વલણો**




**કોઠા 2.49**માંથી જોઇ શકાય છે એ મુજબ, 2018-21 દરમિયાન જાહેર ઋણની સામે રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનનો ગુણોત્તર 15.99 ટકાથી 18.01 ટકાની વચ્ચે હતો. આ સમયગાળા દરમિયાન, જાહેર ઋણ પર વ્યાજની ચૂકવણીનો બોજો મહેસૂલી આવકના 13.39 ટકાથી 17.22 ટકાની વચ્ચે હતો. જાહેર ઋણની પરત ચૂકવણીની સામે જાહેર ઋણની આવકની ટકાવારી પાછલા વર્ષની તુલનાએ તીવ્રપણે ઘટી હતી. ઉપરાંત, 2016-21 દરમિયાન, રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનમાં 9.19 ટકાના ચક્રવૃદ્ધિ વાર્ષિક વિકાસ દરે વૃધ્ધિ થઇ હતી જ્યારે બાકી જાહેર ઋણની 11.49 ટકાના ચક્રવૃદ્ધિ વાર્ષિક વિકાસ દરે વૃધ્ધિ થઇ હતી. ઉપરના દર્શકો રાજ્યના ઋણના ટકાઉપણાની સમીક્ષાની જરૂર છે એવુ સૂચવે છે.

## 2.8.2 બાયંધરીઓની સ્થિતિ– આકસ્મિક જવાબદારીઓ

રાજ્ય સરકાર દ્વારા જેમના માટે બાયંધરીઓ આપવામાં આવી છે તે ઋણ લેનારના કસૂરના કિસ્સામાં બાયંધરીઓની જવાબદારી રાજ્યની સંચિત નિધિ પર બોજો બને છે. નાણાકીય હિસાબોનું પત્રક નં. 20 રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલી બાયંધરીઓની વિગતો આપે છે. આ સંકલનમાંની વિગતો રાજ્ય સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલી માહિતી પરથી તૈયાર કરવામાં આવી છે. છેલ્લા પાંચ વર્ષો માટે મહત્તમ રકમ જેના માટે રાજ્ય સરકાર દ્વારા બાયંધરીઓ આપવામાં આવી હતી અને બાકી બાયંધરીઓ **કોઠા 2.50**માં આપવામાં આવી છે.

**કોઠો 2.50: ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવેલી બાયંધરીઓ**

(₹ કરોડમાં)

| બાંયધરીઓ | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 |
|---|---|---|---|---|---|
| ગુજરાત રાજ્ય બાયંધરી અધિનિયમ, 1963 હેઠળ સરકારી બાંયધરીઓ પર ટોચ મર્યાદા | 20,000 | 20,000 | 20,000 | 20,000 | 20,000 |
| આપેલી બાયંધરીની મહત્તમ રકમ | 11,333 | 11,796 | 11,796 | 11,747 | 11,751 |
| બાકી બાયંધરીઓની રકમ | 4,804 | 4,834 | 4,699 | 4,462 | 3,656 |
| કુલ મહેસૂલી આવકની સામે બાયંધરીઓની બાકી રકમની ટકાવારી | 4.37 | 3.92 | 3.46 | 3.12 | 2.85 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

ગુજરાત રાજ્ય બાયંધરી અધિનિયમ, 1963 બાકી બાયંધરીઓને ₹ 20,000 કરોડની મર્યાદામાં બાંધી રાખવાનું નિયત કરે છે. 2020-21 દરમિયાન, રાજ્ય સરકારે ₹ 60 કરોડની બાયંધરીઓ આપી હતી. કુલ ₹ 3,656 કરોડની બાકી બાયંધરીઓ પૈકી 35 ટકા (₹ 1,262 કરોડ) સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડની બાબતમાં હતી અને 12 ટકા (₹ 433 કરોડ) ગુજરાત રાજ્ય નાણાકીય નિગમની બાબતમાં હતી. બાકી બાયંધરીઓ (₹ 3,656 કરોડ) રાજ્ય સરકારની કુલ મહેસૂલી આવકના (₹ 1,28,156 કરોડ) 2.85 ટકા થતી હતી. આ ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 હેઠળ નિયત કરવામાં આવેલી ₹ 16,000 કરોડની મર્યાદાની ઘણી અંદર હતી.


2020-21 દરમિયાન, ₹ 1.62 કરોડના અંદાજપત્રીય અંદાજોની સામે રાજ્ય સ્તરની સંસ્થાઓ પાસેથી ₹ 0.25 કરોડ જેટલી બાયંધરી ફી રાજ્ય સરકારને મળી હતી. ઉપરાંત, 2020-21 દરમિયાન બાયંધરીઓ વટાવવાના હિસાબે રાજ્ય સરકાર દ્વારા કોઇ રકમ ચૂકવવામા આવી ન હતી.

### 2.8.3 રોકડ સિલકોનુ વ્યવસ્થાપન

01 એપ્રિલ 2020 અને 31 માર્ચ 2021ની સ્થિતિએ ગુજરાત સરકાર પાસે રહેલી ખુલતી અને બંધ રોકડ સિલકોની વિગતો **આલેખ 2.30**માં દર્શાવી છે.

**આલેખ 2.30: નાણાકીય વર્ષ 2020-21ની ખુલતી અને બંધ રોકડ સિલકો**

(₹ કરોડમાં)




ભારતીય રિઝર્વ બેંક સાથેના કરાર મુજબ, રાજ્ય સરકારે બેંકમાં ₹ 2.80 કરોડની લઘુત્તમ દૈનિક રોકડ સિલક જાળવવાની હોય છે. થયેલા કરાર મુજબ જો સિલક લઘુત્તમથી કોઇ પણ દિવસે ઓછી થાય તો વખતોવખત સામાન્ય સાધનોપાય પેશગીઓ/વિશેષ સાધનોપાય પેશગીઓ/ઓવરડ્રાફ્ટ લઇને તે ઘટ પૂરી કરવામાં આવે છે. રાજ્ય સરકારને મળવાપાત્ર સામાન્ય સાધનોપાય પેશગીઓ માટેની મર્યાદા 01 ફેબ્રુઆરી 2016થી ₹ 19.15 કરોડ છે અને વિશેષ સાધનોપાય પેશગીની મર્યાદા બેંક દ્વારા વખતોવખત સુધારવામાં આવે છે.

રાજ્ય સરકારે 2020-21 દરમિયાન ભારતીય રિઝર્વ બેંકમાં લઘુત્તમ દૈનિક રોકડ સિલક જાળવી હતી અને કોઇ સાધનોપાય પેશગી/વિશેષ સાધનોપાય પેશગી/ઓવરડ્રાફ્ટ લીધા ન હતાં.

### 2.8.3.1 રોકડ સિલકોનું રોકાણ

રોકડ સિલકો અને 2020-21 દરમિયાન રોકડ સિલકોમાંથી રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા રોકાણની વિગતો કોઠા 2.51માં દર્શાવી છે.

**કોઠો 2.51: રોકડ સિલકો અને રોકડ સિલકોનું રોકાણ**

(₹ કરોડમાં)

| રોકડ સિલકો અને રોકડ સિલકોનું રોકાણ | 01/04/2020ના રોજ ખુલતી સિલક | 31/03/2021ના રોજ બંધ સિલક | વધારો (+)/ ઘટાડો (-) |
|---|---|---|---|
| (ક) સામાન્ય રોકડ સિલક | | | |
| તિજોરીઓમાં રોકડ | 0.00 | 0.00 | 0.00 |
| ભારતીય રિઝર્વ બેંકમાં થાપણો | 15.29 | (-)146.70 | (-)161.99 |
| માર્ગમાં ભરણા -સ્થાનિક | 0.00 | 0.00 | 0.00 |
| રોકડ સિલક રોકાણ હિસાબમાં કરેલું રોકાણ (ટ્રેઝરી બિલો) | 10,347.99 | 11,476.91 | 1,128.92 |
| **કુલ (ક)** | **10,363.28** | **11,330.21** | **966.93** |
| (ખ) અન્ય રોકડ સિલકો અને રોકાણો | | | |
| વિભાગીય અધિકારીઓ પાસે રોકડ જેમ કે જાહેર બાંધકામ, વન, જિલ્લા કલેક્ટરો વગેરે | (-)0.34 | (-)0.38 | (-)0.04 |
| આકસ્મિક ખર્ચ માટે વિભાગીય અધિકારીઓ પાસે કાયમી પેશગી | 0.30 | 0.30 | 0.00 |
| અંકિત કરેલા ભંડોળોમાં રોકાણ | 13,672.56 | 5,522.51 | (-) 8,150.05 |
| **કુલ (ખ)** | **13,672.52** | **5,522.43** | **(-) 8,150.09** |
| **કુલ રોકડ સિલકો (ક) + (ખ)** | **24,035.80** | **16,852.64** | **(-) 7,183.16** |
| મેળવેલુ વ્યાજ[37] | 1,142 | 778 | 364 |

સ્રોત: વર્ષ 2020-21 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

રાજ્ય સરકારની ચાલુ વર્ષના અંતે ₹ 16,852.64 કરોડની રોકડ સિલકે પાછલા વર્ષની તુલનાએ ₹ 7,183.16 કરોડનો (29.89 ટકા) ઘટાડો દર્શાવ્યો હતો. ₹ 16,852.64 કરોડની રોકડ સિલકમાંથી, ₹ 11,476.91 કરોડનું રોકાણ ભારત સરકારના ટ્રેઝરી બિલોમાં કરવામાં આવ્યું હતું જેનું વર્ષ દરમિયાન ₹ 96.86 કરોડનું વ્યાજ મળ્યું હતું. વધુમાં, ₹ 5,522.51 કરોડનું રોકાણ અંકિત કરેલા ભંડોળોમાં કરવામાં આવ્યું હતું જેનું ₹ 681 કરોડનું વ્યાજ મળ્યુ હતું.

[37] 2020-21 અને 2019-20 દરમિયાન અનુક્રમે ₹ 681 કરોડ અને ₹ 931 કરોડનું વ્યાજ ડૂબત ભંડોળ રોકાણ પર મળ્યુ હતું (નિયમિત રોકાણ સાથે મળેલ), આથી, મુખ્ય સદર 0049 હેઠળ ઉમેરવામાં આવ્યુ ન હતું વત્તા રોકડ રોકાણ પરનું વ્યાજ ₹ 97 કરોડ અને ₹ 211 કરોડ.

2020-21 દરમિયાન પર્યાપ્ત રોકડ સિલકના હિસાબે, રાજ્ય સરકારે તેની લઘુત્તમ રોકડ સિલક જાળવવા માટે ભારતીય રિઝર્વ બેંક પાસેથી કોઇ સાધનોપાય પેશગીનો લાભ લીધો ન હતો.

પાંચ વર્ષના સમયગાળાના (2016-21) રાજ્યના રોકડ સિલકના રોકાણો નીચે આપ્યા છે.

**કોઠો 2.52: રોકડ સિલક રોકાણ હિસાબ (મુખ્ય સદર - 8673)**

(₹ કરોડમાં)


| વર્ષ | ખૂલતી સિલક | બંધ સિલક | વધારો (+)/ઘટાડો (-) | મળેલું વ્યાજ |
|---|---|---|---|---|
| 2016-17 | 8,945.52 | 12,749.99 | 3,804.47 | 509.52 |
| 2017-18 | 12,749.99 | 5,198.09 | (-)7,551.90 | 553.79 |
| 2018-19 | 5,198.09 | 6,895.90 | 1,697.81 | 234.24 |
| 2019-20 | 6,895.90 | 10,347.99 | 3,452.09 | 211.33 |
| 2020-21 | 10,347.99 | 11,476.91 | 1,128.92 | 96.86 |

સ્રોત: સંબંધિત વર્ષો માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો

2016-21 દરમિયાનના રાજ્ય સરકારના રોકડ સિલક રોકાણના વલણના વિશ્લેષણમાં જોવામાં આવ્યું હતું કે 2018-21 દરમિયાન રોકાણમાં નોંધપાત્ર વધારો થયો હતો. ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન, રોકડ સિલક રોકાણ હિસાબમાં રોકાણ રાજ્યના વાર્ષિક અંદાજપત્રીય અંદાજોના (₹ 2,17,287 કરોડ) 5.28 ટકા રહ્યું હતું.

**આલેખ 2.31** 2016-21ના સમયગાળા દરમિયાન રોકડ સિલક રોકાણ હિસાબમાં ઉપલબ્ધ સિલક અને રાજ્ય સરકાર દ્વારા બજારમાંથી લીધેલી લોનની સરખામણી રજૂ કરે છે. બજારમાંથી લોન ઉંચા વ્યાજ દરે લેવામાં આવી હતી જ્યારે ટ્રેઝરી બિલોમાં કરેલા રોકાણમાં નીચા દરે વ્યાજ ઉપજતું હતું.

**આલેખ 2.31: બજારમાંથી લીધેલી લોન સામે રોકડ સિલક રોકાણ હિસાબમાં રહેલુ મૂડીરોકાણ**




2020-21 દરમિયાન, રાજ્ય સરકારે બજારમાંથી ₹ 44,780 કરોડ ઉભા કર્યા હતાં, જ્યારે એ જ સમયે રોકડ સિલક રોકાણ હિસાબમાં રહેલું બેલેન્સ 2019-20માં ₹ 10,348 કરોડ હતું તે 2020-21માં વધીને ₹ 11,477 કરોડ થયું હતું, જે દર્શાવે છે કે સરકાર એટલા પ્રમાણમાં ઋણ લેવાનું નિવારી શકી હોત.


**આલેખ 2.32** 2020-21 દરમિયાન રોકડ સિલક રોકાણ હિસાબમાં રહેલી દૈનિક રોકડ સિલક દર્શાવે છે અને **આલેખ 2.33** માસના અંતે રોકડ સિલકની માસ-વાર હેરફેર અને 2020-21 દરમિયાન ચોખ્ખુ રોકડ સિલકનુ રોકાણ દર્શાવે છે.

**આલેખ 2.32: 2020-21 દરમિયાન રોકડ સિલક રોકાણ હિસાબમાં રહેલી દૈનિક રોકડ સિલક**

**(₹ કરોડમાં)**




**આલેખ 2.33: દરમિયાન રોકડ સિલકની માસ-વાર હેરફેર (માસના અંતે) અને 2020-21 દરમિયાન રોકડ સિલક મૂડીરોકાણ**



વધુમાં, મૂડીગત યોજનાઓમાં રોકાણ અને અસ્ક્યામતોના સર્જનમાં રોકાણ માટે ઋણનો આશરો લેવામાં આવે છે. પાછલા વર્ષોની તુલનાએ 2020-21 દરમિયાન ફકરા 2.4.3માં જણાવ્યા પ્રમાણે રાજ્યના મૂડી ખર્ચમાં વધારો ન્યૂનતમ હતો. આથી, જ્યારે વર્ષ દરમિયાન સતત રોકડ સિલક પૂરતી હતી ત્યારે વ્યાજના ઉંચા દરે ઋણ લેવા માટેનો તાર્કિક આધાર જણાતો નથી. ઉપરાંત, 2019-20ના અંતે 57 ટકાની સામે, ચાલુ વર્ષના અંતે સરકારે ભારતીય રિઝર્વ બેંકમાં હતા તે સહિત અંકિત કરેલા ભંડોળોમાં રોકડ સિલકના લગભગ 33 ટકાનું રોકાણ કર્યું હતું **(કોઠો 2.51)**. અંકિત કરેલા ભંડોળોમાં રોકડ સિલકનું 57 ટકા રોકાણ જાળવી રાખવા માટે પણ રાજ્ય સરકારની માસિક રોકડ સિલક પૂરતી હતી અને વધારાનું ઋણ લેવાની કોઇ જરૂર ન હતી. આમ, ઋણ, ખાસ કરીને એટલા પ્રમાણમાં બજારની લોન લેવાનું નિવારી શકાયુ હોત અને પરિણામી વ્યાજનું ભારણ પણ ટાળી શકાયું હોત.

આ બાબત નાણા વિભાગના (ડિસેમ્બર 2021) ધ્યાન પર લાવવામાં આવી હતી. વિભાગનો જવાબ મળવાનો બાકી છે.

## 2.9 ઉપસંહાર

2020-21 દરમિયાન રાજ્ય સરકારે તેની મહેસૂલી આવકમાં પાછલા વર્ષની સરખામણીએ 10.28 ટકાનો ઘટાડો નોંધાવ્યો હતો. 2019-20 કરતાં 2020-21 દરમિયાન રાજ્યની બિન-કર આવકમાં 42.04 ટકાનો નોંધપાત્ર ઘટાડો થયો હતો. રાજ્યને તેના પોતાના સ્રોતોમાંથી 63 ટકા આવક થતી હોઇ મોટાભાગે તેના પોતાના સ્રોતોમાંથી નાણા પૂરા પડી રહેતાં હતાં.

કુલ ખર્ચની ટકાવારીની દ્રષ્ટિએ મૂડી ખર્ચ છેલ્લા ત્રણ વર્ષમાં સતત ઘટ્યો હતો.

ઉત્તર-પૂર્વ અને હિમાલયના રાજ્યો સિવાયના રાજ્યોની તુલનાએ, 2020-21 દરમિયાન રાજ્યનો વિકાસકીય ખર્ચ અધિક હતો જ્યારે શિક્ષણ ક્ષેત્ર અને આરોગ્ય ક્ષેત્રમાં તે ઓછો હતો.

રાજ્ય સરકાર તેના પ્રતિબધ્ધ ખર્ચના નિયંત્રણમાં સફળ રહી હતી પરંતુ સહાય પરનો ખર્ચ વધી રહ્યો હતો.

રાજ્ય સરકારે પર્યાપ્ત રોકડ સિલક હોવા છતાં, બજારમાંથી ઋણનો આશરો લીધો હતો પરિણામે રોકડ સિલક રોકાણ હિસાબમાં રહેલા રોકાણોમાં વધારો થયો હતો.

## 2.10 ભલામણો

- સુધારેલ લાંબા ગાળાનું રાજકોષીય ખાધના વ્યવસ્થાપનનું ટકાઉપણું પ્રાપ્ત કરવા અને ચાલુ અને સંભવિત પરતચૂકવણીની નાણાકીય જરૂરિયાતોને અનુરૂપ રાજ્યના ઋણ લેવાના નિર્ણયોમાં માર્ગદર્શન પૂરૂ પાડવા રાજ્ય સરકારે ઋણનું ટકાઉ માળખુ વિકસાવવા માટે વિચારણા કરવી જોઇએ.
- રાજ્ય સરકારે નિષ્ક્રિય લોન ખાતાઓનુ સમાયોજન/સમીક્ષા કરવી જોઇએ અને જરૂરી હોય તો, વસૂલાત અથવા માંડવાળ કરવા માટે પગલા લેવા જોઇએ.

- 15માં નાણાપંચની ભલામણ અને ભંડોળની માર્ગદર્શિકા મુજબ રાજ્ય સરકાર આપદા જોખમ પ્રબંધનના ભંડોળનું સંચાલન કરવા પગલા ભરી શકે.
- રાજ્ય સરકારે સેસ અને પેનલ્ટીની સંપૂર્ણ રકમ સંબંધિત ભંડોળમાં નિયત સમય સારણી મુજબ તબદીલ થાય તે માટે પ્રક્રિયા વિકસાવવી જોઈએ.  જેથી તે ભંડોળોની પ્રવૃત્તિઓ અવરોધાય નહી.
- રાજ્ય સરકારે સારી રીતે વિચારીને ધિરાણ પરત ચૂકવણીની વ્યૂહરચના તૈયાર કરવી જોઈએ કારણ કે કુલ ઋણનું 61 ટકા આવનારા સાત વર્ષોમાં પરત ચુકવવાપાત્ર બનશે.